# વિલિયમનાં

# હાસ્ય હાઈકુ



(હાસ્યહાઈકુ – ગપસપ અને ટોળટપ્પા)

વલીભાઈ મુસા

જુન -૨૦૧૧

# અર્પણ

ડો. રાજેન્દ્ર ત્રિવેદી, **M.D.**

(જ્ઞાનના તાંતણાઓના ચિકિત્સક)

અને

એન્જિ. સુરેશભાઈ જાની(વીજેજનેર)

કે જે બંને

હાસ્યદરબારના ધણીધોરી છે તેમને

તથા

તેમની છાયા સરકારો સમાન

તેમનાં એવાંએ ઘરવાળાં

અનુક્રમે

ગીતાબેન અને જ્યોતિબેનને

# કોપી રાઇટ

આ પુસ્તક કોઈ પણ જાતના આર્થિક લાભ કે નામના માટે લખાયું નથી. આખું પુસ્તક કે એમાંનો કોઈ ભાગ કોઈ ઈસમ આર્થિક લાભ વગર પ્રસિદ્ધ કરવા માગતા હોય તો લેખકનો સંપર્ક સાધી શકે છે.

## વલીભાઈ એન. મુસા

105, નસીર રોડ

તા. પાલનપુર જિ. બનાસકાંઠા, ઉ.ગુ.

કાણોદર – 385 520 (ભારત)

ઈ મેઈલ Id - musawilliam@gmail.com

Ph. ++91 2742 242977 (LL)

મોબાઈલ નં. : - 93279 55577

# અનુક્રમણિકા

અનુક્રમણિકાની કોઈ બાબત ઉપર **'કન્ટ્રોલ'** અને ***'માઉસ ક્લિક'*** *બટન દબાવવાથી તે બાબતના પાને પહોંચી જવાશે.*


વિભાગ – 1 પ્રાસ્તાવિક ........ **9**

પ્રસ્તાવના – પ્રજ્ઞાબેન વ્યાસ ........ 10

હાસ્ય હાઈકુ કથા : 'હાહાકાર' વલીભાઈ મુસાનું નિવેદન ........ 15

બે બોલ – ડો. રાજેન્દ્ર ત્રિવેદી ........ 20

લેખક પરિચય – સુરેશ જાની ........ 21

વિભાગ – 2 **હાસ્ય હાઈકુ** અને સંવાદ ........ **23**

........ ૧ ........ 24

........ ૨ ........ 25

........ 3 ........ 30

........ ૪ ........ 33

........ ૫ ........ 34

........ ૬ ........ 38

........ ૭ ........ 41

........ ૮ ........ 42

........ ૯ ........ ........................................................................ 45

........ ૧૦ ........................................................................ 51

........ ૧૧ ........................................................................ 52

........ ૧૨ ........................................................................ 55

........ ૧૩ ........................................................................ 59

........ ૧૪ ........................................................................ 63

........ ૧૫ ........................................................................ 66

........ ૧૬ ........................................................................ 68

........ ૧૭ ........................................................................ 71

........ ૧૮ ........................................................................ 74

........ ૧૯ ........................................................................ 75

........ ૨૦ ........................................................................ 77

........ ૨૧ ........................................................................ 79

........ ૨૨ ........................................................................ 84

........ ૨૩ ........................................................................ 88

........ ૨૪ હાઈકુ સોનેટ…........................................................................ 94

વિભાગ – ૩ **પ્રકીર્ણ હાસ્ય હાઈકુ ........................................................................ 102**

........ ૨૫ ........................................................................ 103

........ ૨૬ ........................................................................ 103

........ ૨૭ ........................................................................................................................................ 103

........ ૨૮ ........................................................................................................................................ 103

........ ૨૯ ........................................................................................................................................ 103

........ ૩૦ ........................................................................................................................................ 104

........ ૩૧ ........................................................................................................................................ 104

........ ૩૨ ........................................................................................................................................ 104

........ ૩૩ ........................................................................................................................................ 104

........ ૩૪ ........................................................................................................................................ 104

........ ૩૫ ........................................................................................................................................ 105

........ ૩૬ ........................................................................................................................................ 105

........ ૩૭ ........................................................................................................................................ 105

........ ૩૮ ........................................................................................................................................ 105

........ ૩૯ ........................................................................................................................................ 105

........ ૪૦ ........................................................................................................................................ 106

........ ૪૧ ........................................................................................................................................ 106

........ ૪૨ ........................................................................................................................................ 106

........ ૪૩ ........................................................................................................................................ 106

........ ૪૪ ........................................................................................................................................ 106

........ ૪૫ ........................................................................................................................................ 106

........ ૪૬ ........ 107

........ ૪૭ ........ 107

........ ૪૮ ........ 107

........ ૪૯ ........ 107

........ ૫૦ ........ 108

........ ૫૧ ........ 108

........ ૫૨ ........ 108

........ ૫૩ ........ 108

........ ૫૪ ........ 108

........ ૫૫ ........ 109

........ ૫૬ ........ 109

........ ૫૭ ........ 109

........ ૫૮ ........ 109

........ ૫૯ ........ 109

........ ૬૦ ........ 110

........ ૬૧ ........ 110

........ ૬૨ ........ 110

........ ૬૩ ........ 110

........ ૬૪ ........ 110

........ ૬૫ .......... 111

........ ૬૬ .......... 111

........ ૬૭ .......... 111

........ ૬૮ .......... 111

........ ૬૯ .......... 111

........ ૭૦ .......... 112

........ ૭૧ .......... 112

........ ૭૨ .......... 112

........ ૭3 .......... 112

........ ૭૪ .......... 112

........ ૭૫ .......... 113

........ ૭૬ .......... 113

........ ૭૭ .......... 113

........ ૭૮ .......... 113

વિભાગ – ૪ **પ્રહસન** .......... **114**

કલારત્નયુગ્મની કલાકમાલ! (પ્રહસન) - ૧ .......... 115

કલારત્નયુગ્મની કલાકમાલ! (પ્રહસન) - ૨ .......... 118

કલારત્નયુગ્મની કલાકમાલ! (પ્રહસન) – 3 .......... 124

# વિભાગ – 1

# પ્રાસ્તાવિક

## *પ્રસ્તાવના – પ્રજ્ઞાબેન વ્યાસ*

**આ**દરણીય શ્રી વલીભાઈની વાત....

"ઈન્ટરનેટની મારી સફર દરમિયાન હું "હાસ્ય દરબાર" ના પરિચયમાં આવ્યો અને તેના સંચાલકો ડો. રાજેન્દ્ર ત્રિવેદી અને સુરેશભાઈ (નો) જાની મિત્ર બની ગયો; જેમ કોઈ એકબીજાના જાની દુશ્મન બની જતા હોય છે, બસ બરાબર તેનાથી સાવ વિરોધી રીતે જ તો! ૩૧મી માર્ચ ૨૦૧૦ના રોજ મારી પ્રથમ લેખ તરીકે 'બીજું તો શું વળી?' લઘુ હાસ્યવાર્તા ત્યાં પ્રસિદ્ધ થઈ. મેં મારી અધકચરી કે અડધીપડધી ઈ-બુકને મારી રીતે તૈયાર કરી હતી, ત્યારે જ મારા બંને મિત્રો અને તેમનાં શ્રીમતીજીઓને આ બુક અર્પણ કરી જ દીધી હતી."

અને તેની પ્રસ્તાવના લખવાનું માન અમને આપ્યું. આ અંગે અમારાં દીકરીઓ-દીકરાની જેમ ઘણા વધુ લાયક લખનારા છે.

પણ ફરીથી આદેશ થયો અને આ પ્રસ્તાવના લખી રહી છું.

## હાઇકુ વિષે

જાપાનીઝ કાવ્યપ્રકાર હાઇકુ ઘણા લાંબા સમયથી ગુજરાતી સાહિત્યમાં અપનાવાયો છે; છતાં ઘણા ઓછા લોકો એ લખવાનો પ્રયત્ન કરે છે, અને સાથે સાથે ઘણા ઓછા લોકો તેને પૂરેપૂરું માણી શકે છે. હાઇકુની સુંદરતા એની લાઘવતામાં છે. (૫-૭-૫ નું અક્ષર બંધારણ – એટલે કે પ્રથમ પંક્તિમાં ૫ અક્ષર, દ્વિતીયમાં ૭ અને તૃતીયમાં ૫ અક્ષર. જોડાક્ષરને એક અક્ષર ગણવામાં આવે છે.)

ગણેલા શબ્દોમાં અનેક વિચારો તથા ભાવો વર્ણવવામાં આવે છે; તેથી જે શબ્દો પસંદ કરવામાં આવે, તે ખૂબ ખૂબ સમજી વિચારીને પસંદ કરવામાં આવતા હોય છે. એક શબ્દ અથવા શબ્દ-સમૂહની પસંદગી માટે અનેક ભાવો ગોઠવાતા હોય છે. જો વિરામચિહ્નોનો પ્રયોગ થયો હોય તો તેની પાછળ પણ ભાવની યોગ્ય અભિવ્યક્તિ તથા અર્થ હોય છે.

ઓછા શબ્દોમાં લખાયેલા હાઇકુને બરાબર સમજવા માટે તેને ઝડપથી એક વારમાં વાંચવાને બદલે ધીમે-ધીમે વાંચીને તેનો અર્થ સમજવાનો હોય છે અને શબ્દો દ્વારા જે કહેવાયું છે, તે ઉપરાંત જે ભાવોને શબ્દો નથી મળ્યા, પરંતુ અધ્યાહાર છે, તે પણ સમજવાના હોય છે. જેને બે શબ્દો વચ્ચે વાંચવું કહેવાય.

આમ, હાઇકુ એ તેના રચયિતા તથા વાચક બંને માટે પડકારરૂપ છે. જો યોગ્ય રીતે લખાય અને સમજાય તો તેનું અદ્વિતીય રૂપ છે. તેને માણવામાં સરળતા લાવવા કોઈએ તે અંગે કોઇ ઘટના કહેવા પ્રયત્ન કર્યો હોય તો ખ્યાલ નથી, પણ મારા જ હાઇકુ પર વલીભાઇએ લખ્યું, ત્યારે મારું તે વિષે ધ્યાન ગયું. પછી તો એ પ્રણાલિ ચાલી. ઘણાં ખરાં હાઇકુમાં ઘટના વર્ણવવાનું કર્યું. એકવાર એક સિનેમાના ગાયન 'હર સવાલકા સવાલ હી જવાબ હૈ' પ્રમાણે ૧૭ અક્ષરમાં ઉત્તર આપવા માંડ્યું, જેમાં જોડાક્ષર દોઢ અક્ષર નથી ગણાતો તેથી સારું રહ્યું.

એક આડ વાત. ગઝલની વ્યાખ્યામાં હરણની મરણચીસ એવું કહેવાયું છે અને તે કરુણરસ પ્રધાન રહેતી. ગઝલસભા એ શોકસભા જેવી લાગતી. ગઝલના કાશી એવા સૂરતમા આ ઓછું અનુકૂળ લાગ્યું, તેથી હઝલ લખાઇ અને તેના પઠનમાં માણનાર હસી રહે, ત્યાર બાદ દુબારાની પ્રથા થઇ !

તેવી રીતે ગુઢ અર્થપ્રધાન હાઇકુને સરળ કરાયું અને હાસ્ય હાઇકુઓ થયાં.

મુક્તપંચિકા/હાઇકુ પણ લખાયાં છે. અમારાં મોનાબેન નાયકનું આ ‘મુપંહા’ જોઈએ:

ભૂત, ભવિષ્ય,
વર્તમાનનાં-
સુંદર વાઘાં પે’રી
સદા અહીં જ
રમે સમય!

શું સમેટું હું?
વેરવિખેર

પળોની મીઠી યાદ?
કે યાદની એ
મધુર પળો?

સ્નેહરશ્મિ'ના 'સોનેરી ચાંદ રૂપેરી સૂરજ' અને 'કેવળ વીજ' તેમના પ્રસિધ્ધ હાઇકુ સંગ્રહ છે,જેમાંના પ્રસિધ્ધ પ્રથમ હાઇકુમાં આકાશમાં ઊડતા પંખીના ગીતગુંજનથી ફૂટતા પરોઢનું ચિત્રાત્મક અને મનોરમ દૃશ્ય ઝીલાયું છે.

બીજા હાઇકુમાં ખીલેલા ગુલાબને જોઇને આંખ દ્વારા રૂપ-દર્શન, નાક દ્વારા સુગંધ અને હૈયા દ્વારા ભાવ- એમ ત્રિવિધ સ્તરે સૌંદર્ય પામવાની સ્પર્ધા થતાં ત્રણેય વચ્ચે મીઠા ઝઘડાનું માર્મિક ભાવચિત્ર કંડારી આપ્યું છે.

ત્રીજા હાઇકુમાં વરસાદથી છાપરું ચૂવે છે અને છાપરા નીચે બેઠેલી વિવશ માતાના ખોળામાં સૂતેલું બાળક માતાના આંસુથી ભીંજાય છે- આ બે દૃશ્યોને સાથે મૂકીને કવિએ પરવશ માતાનું કરુણ શબ્દચિત્ર આલેખ્યું છે.

ચોથા હાઇકુમા વરસાદ પડી ગયા પછીના રમણીય દૃશ્યનું વર્ણન છે.

(૧)
ગીત આકાશે;
પંખીની પાંખમાંથી
ફૂટે પરોઢ!

(૨)
ખીલ્યું ગુલાબ;
ઝઘડો હવે આંખ,
નાક ને હૈયે!

(૩)
છાપરું ચુવે;
ભીંજે ખોળામાં બાળ

માનાં આંસુથી!

(૪)

ગયું ઝાપટું

વર્ષી, કિરણો ભીનાં

હવે હવામાં!

હમણાં 'વિદેશિની' પન્નાબેનનો હાઇકુ સંગ્રહ બહાર પડ્યો.

તારી જુદાઈ

ખૂંચે, પગ તળેના

કાંકરા જેવી!

ધોધમાર તું

વરસ્યો, લીલોછમ્મ

થયો સમય!

આવાં કેટલાંયે સત્તર અક્ષરમાં પોતાની અનુભૂતિનું અત્તર નાંખીને કવયિત્રી લાવ્યાં છે. એમનો નવો હાઈકુસંગ્રહ 'અત્તર-અક્ષર',૨૦૬ હાઈકુથી શણગાર્યો છે. એમાંનાં થોડાં હાઈકુ તમે એમની વેબસાઈટ પર પણ માણી શકો છો.

આજકાલ ભાવશૂન્ય અને પ્રભાવશૂન્ય કવિતાઓ વધારે લખાય છે. કેટલાક તો એક પંક્તિને તોડી ત્રણ પંક્તિઓ બનાવે છે; જેમા ન છંદ હોય, ન લય હોય, ન વિચાર,ન કલ્પના; ત્યારે શ્રી વલીભાઇ પોતાના પ્રાણ રેડીને હાઇકુને જીવન પ્રદાન કરે છે અને માણનારને આનંદથી ભરી દે છે. હાઇકુ માટે કેટલાક સ્વદેશી આને પરદેશી માની અડકતા નથી!

હાઇકુ માટે કોઈ વિષય ત્યાજ્ય નથી. સાહિત્ય માનવ સંવેદનાની કે સામાજિક પ્રશ્નોની ઉપેક્ષા કરી શકતું નથી. હાઇકુને પણ ભારતીય પરિપ્રેક્ષ્યમાં જોવાં જોઇએ. ભાવની આંચમાં તપ્યા વિના હાઇકુ પોતાનું સાચું સ્વરૂપ ધારણ નથી કરી શકતું. પર્વત-શિખર પરથી ગબડી બેડોળ પથ્થર

ઠોકરો ખાઈ એક નવું રૂપ ધારણ કરે છે. એમાં એક અનોખું સૌંદર્ય જાગે છે. આ સૌંદર્ય તેના સંઘર્ષનું છે. જે કવિએ જેટલો સંઘર્ષ કર્યો હશે, દુઃખ-દર્દને પોતાના માનસમાં જીવ્યો હશે, તેનું હાઇકુ તેટલું ભાવ-પ્રવણ, જીવંત અને ઔર મર્મસ્પર્શી હશે. અનુભવ, સંસ્પર્શ, ભાષા સહજ અને ભાવાનુરૂપ પ્રયોગ ઉંમરનું નહીં પણ અનુભવનું મોહતાજ છે. બહુમુખી પ્રતિભાવાળા વલીભાઈનું અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી (ઉર્દૂ) પર સમાન પ્રભુત્વ છે. આ જ કારણથી હાઇકુ-રચનામાં એક નવા અધ્યાયની શરૂઆત કરી છે અને આ ભાવ-પ્રવણ હાઇકુઓનું સર્જન વલીભાઇની આ શક્તિ તેમને નીરસ રચના કરવાવાળા અગ્રજોથી અલગ કરે છે.

એમનાં હાઇકુઓનો ફલક બહુ વિશાળ છે. સમાજ પ્રતિ સંવેદનશીલતા આ યાત્રાનું આત્મતત્વ છે. ભાવોની મસૃણતા, અભિવ્યક્તિની સહજતા હાઇકુઓમાં જણાઇ આવે છે.તેમની પાસે સશક્ત ભાષા જ નહીં, ઉર્વર કલ્પના પણ છે. હાઇકુમાં બીજમંત્રની શક્તિ નિહિત છે, એનો અહેસાસ વલીભાઇના હાઇકુપઠનથી થાય છે. આ સંકલન હાઇકુ-વિરોધીઓમાં મોઁ બંધ કરવા પણ સક્ષમ છે. કોઇ પણ પ્રાણહીન-ભાવહીન લખી એને હાઇકુ કહે; તેથી તે સારો સાહિત્યકાર નથી બની શકતો, કારણ કે સારું લેખન જ સાહિત્યકારને મજ઼બૂત બનાવે છે. શ્રી વલીભાઇનુ આ કાર્ય આ વિધાનનું મઝાનું ઉદાહરણ છે. આજે નહીં, તો કાલે આ સંગ્રહની પ્રાસંગિકતાનો સ્વીકાર કરવો જ પડશે.

- પ્રજ્ઞા વ્યાસ

* * * * *

પ્રજ્ઞાબેન,

આભાર માનું?
ડરું ભાર લાદતાં,
જે સ્નેહે થયું!

દુઆગીર,
વલીભાઈ

## હાસ્ય હાઈકુ કથા : 'હાહાકાર' વલીભાઈ મુસાનું નિવેદન

મારી બ્લોગીંગ પ્રવૃત્તિનાં પ્રારંભનાં બે વર્ષ દરમિયાન મેં મહદ્ અંશે અંગ્રેજીમાં જ મારા લેખો પ્રસિદ્ધ કર્યા હતા. મારા વતનની વિવિધ સંસ્થાઓએ મે – 2009 માં મારાં બ્લોગીંગનાં બે વર્ષ અને 100 આર્ટિકલ પૂરા થવા નિમિત્તે અન્ય બે મહાનુભાવો સાથે મારું જે સન્માન કર્યું હતું, તેમાં વક્તાઓની લાગણીભરી માગણી રહી હતી કે હું મારા જ કેટલાક પ્રસિદ્ધ થઈ ચૂકેલા અંગ્રેજી આર્ટિકલનું ભાષાંતર આપવા ઉપરાંત નવીન કેટલાક આર્ટિકલ ગુજરાતીમાં જ આપું કે જેથી અંગ્રેજી ન સમજનારા લોકો પણ મારાં લખાણોનો લાભ લઈ શકે. આમ ત્રીજા વર્ષથી મારો "William's Tales" બ્લોગ Bilingual (દ્વિભાષી) બની ગયો, વળી એટલું જ નહિ, કેટલાય ગુજરાતી બ્લોગ અને બ્લોગરોના સહવાસમાં હું આવતો ગયો.

**"ઈન્ટરનેટની મારી સફર દરમિયાન હું "હાસ્ય દરબાર" ના પરિચયમાં આવ્યો અને તેના સંચાલકો ડો. રાજેન્દ્ર ત્રિવેદી અને સુરેશભાઈ (નો) જાની મિત્ર બની ગયો;** જેમ કોઈ એકબીજાના જાની દુશ્મન બની જતા હોય છે, બસ બરાબર તેનાથી સાવ વિરોધી રીતે જ તો! તેમના નિમંત્રણથી હું 'હાસ્ય દરબાર' નો મહેમાન બ્લોગર બન્યો અને 31મી માર્ચ 2010 ના રોજ મારી પ્રથમ લેખ તરીકે 'બીજું તો શું વળી?' લઘુ હાસ્યવાર્તા પ્રસિદ્ધ થઈ. આ સમય દરમિયાન મારા પોતાના બ્લોગ ઉપર ઘણી ગુજરાતી પોસ્ટ મુકાઈ હતી, જે પૈકી "મારાં હાઈકુ" શીર્ષકે  કેટલીક પોસ્ટ પણ હતી. પછી તો હાઈકુઓને જુદી જુદી કેટેગરીઓમાં આપતા જતાં મે એક પોસ્ટ એવી મૂકી કે જેમાં કેટલાંક હાસ્યહાઈકુ જ હતાં. આમ મારાં William's Tales પૈકીનાં શરૂઆતમાં તો ત્રણેક હાઈકુ વડે કોઈપણ જાતની ટિપ્પણી વગર હાસ્યદરબારમાં હું મહેમાન બ્લોગર તરીકે દાખલ થયો.

થોડાક દિવસોમાં 'હાસ્યદરબાર' ઉપર એવી તો ગરમી આવી ગઈ કે ચારે તરફથી ટોળટપ્પા અને હસીમજાકવાળી ઘણી બધી કોમેન્ટ્સ આવવા માંડી. ધીમે ધીમે મેં મારાં હાઈકુ સાથે મારી ટિપ્પણીઓ આપવી શરૂ કરી. પછી તો મારા પોતાના બ્લોગ ઉપર "'હાસ્યદરબાર'ના દાયરેથી"શ્રેણી હેઠળ એ બધી પોસ્ટ મૂકતો ગયો અને આજે એ બધી પોસ્ટની મારી આ પ્રથમ જ સત્તાવાર કહી શકાય તેવી ગુજરાતી ઈ-બુક પ્રસિદ્ધ થાય છે. આ ઈ-બુકની પ્રસિદ્ધિનું શ્રેય માત્ર અને માત્ર મારા જાની દોસ્ત સુરેશભાઈ (ડલાસ-અમેરિકા) ના ફાળે જાય છે. ટેકનિકલ બાબતોમાં સાવ શિખાઉ એવા બ્લોગર તરીકે મારા "William's Tales" ના તમામ આર્ટિકલને જુદી જુદી કેટેગરીમાં વિભાજિત કરીને અનુક્રમણિકામાં જ લિંક આપી દઈને ઈ-બુક તરીકેનું મેં મારું મન મનાવી લીધું હતું. સુરેશભાઈને મારી કહેવાતી ઈ-બુક્સથી જરાય સંતોષ ન થયો અને આમ તેમણે પોતાની મરજીથી મિત્રધર્મ બજાવતા હોય તેમ મારી હાસ્યહાઈકુની પહેલી ઈ-બુક બનાવી

આપવાની જવાબદારી પોતાના શિરે જાતે જ ઉપાડી લીધી અને મેં તેમને "હા-ના" નો ઉપરછલ્લો વિવેક બતાવીને તે જવાબદારી ઉપાડવા દીધી!

સુરેશભાઈ મારી આ ઈ-બુકના સંપાદક અને સંયોજકની બેવડી ભૂમિકા ભજવતાં તેમણે જે તે પોસ્ટ ઉપરની પસંદગીની કોમેન્ટ્સ પણ આવરી લીધી છે. આ બુકના સુજ્ઞ વાંચકોએ એક અગત્યની વાતની નોંધ લેવી જરૂરી છે કે મેં મારી અધકચરી કે અડધીપડધી ઈ-બુકને મારી રીતે તૈયાર કરી હતી, ત્યારે જ મારા બંને મિત્રો અને તેમનાં શ્રીમતીજીઓને આ બુક અર્પણ કરી જ દીધી હતી. આમ કોઈ ગેરસમજ ન થાય કે મેં એ લોકોને આ બુક અર્પણ કરી માટે શ્રી સુરેશભાઈ મને મદદ કરી રહ્યા છે અથવા તેઓશ્રી મને મદદ કરી રહ્યા છે માટે મે તેમને આ બુક અર્પણ કરી છે. આમ અમારી વચ્ચે કોઈ સોદો પણ થયો નથી કે કોઈ બાજી પણ ખેલાઈ નથી; અર્થાત્ અમારી વચ્ચે કોઈ સોદાબાજી થઈ નથી!

સુરેશભાઈની ભારત મુલાકાત ટાણે તેઓશ્રી અને હું ઋષિકવિ રાજેન્દ્ર શુક્લના નિવાસસ્થાને મળવા ગયા હતા. તેઓ, તેમનાં શ્રીમતી નયનાબેન, સુરેશભાઈ અને હું સાહિત્યની એવી દુનિયામાં ખોવાઈ ગયાં હતાં કે માત્ર અર્ધા જ કલાકની અમારી મુલાકાત ક્યારે મહેફિલ બની ગઈ તેની અમને ખબર પણ ન રહી અને અમારો પૂરા ત્રણ કલાકનો શો બની ગયો. અમારાં યજમાન કવિયુગલની કવિત્વકલાની સામે સાવ વામણા લાગીએ એવા અમે બંને પણ મહેફિલનો રંગ જાળવી રાખવા સંકોચસહ અમારું અપરિપક્વ કવિતડું વચ્ચેવચ્ચે મુકતા જતા હતા. સુરેશભાઈએ પોતાની ડાયરીમાંથી કેટલીક કૃતિઓ સંભળાવી, તો મેં મારાં કેટલાંક હાઈકુ સંભળાવ્યાં હતાં. મુરબ્બીશ્રી રાજેન્દ્ર શુક્લ અને તેમનાં પત્ની નયનાબેન મારાં નીચેનાં બે હાઈકુ સાંભળીને ખૂબ જ ખુશ થયાં હતાં અને બેવડ વળીને ખડખડાટ હસી પડ્યાં હતાં.

ભોંય પછાડે,
કદલીફલ ત્વચા
ભલભલાને! (1)

શ્વાનમાદાએ
હડકવા વોર્ડે જ
પ્રસવ્યાં બચ્ચાં! (2)

મારી આ ઈ-બુકમાં ઉપરોક્ત હાઈકુ મારી ટિપ્પણીઓ સાથે આવશે જ. ત્યાં ફરી વાંચ્યા પછી હસવું આવે તો જ ફરી હસી લેજો! વળી એ પણ કહી દઉં કે ઉપરોક્ત કવિયુગલ હસી પડ્યું હતું ,માટે તેમના માનમાં તમારી પણ હસવાની ફરજ બની જાય છે તેમ પણ હરગિજ વિચારશો નહિ અને કુદરતી રીતે હસવું આવે તો જ હસજો!

અંતે સુરેશભાઈએ મારી જ આ ઈ-બુક માટે “હાસ્યહાઈકુ કથા – લેખકનું નિવેદન” એ શીર્ષકે અનુક્રમણિકામાં એક પ્રકરણ મૂકી દીધું હોઈ મને બે શબ્દો (કહેવા પૂરતા જ બે, વધારે હશે, પણ ગણ્યા નથી!) લખવાની ફરજ પડી છે અને એ ફરજ નિભાવવાની મેં મારાથી બનતી અહીં કોશીશ (જાણે કે હું તેમના ઉપર અહેસાન ન કરતો હોઉં તેમ!) કરી છે. એક પૂરા અમદાવાદીને મારા જેવો અર્ધ અમદાવાદી આનાથી વિશેષ સારી રીતે તો (મૂર્ખશિરોમણિ!) શું બનાવી શકે! અનુક્રમણિકાની વાત થઈ તો ભેળાભેળું કહી દઉં કે ચણ ચણતાં કબુતરો સાથે ઘણીવાર ચકલીઓ કે ખિસ્કોલીઓ ભળે તેમ હાસ્યહાઈકુ સાથે બે પ્રકરણમાં વિસ્તરેલું એક પ્રહસન પણ છે. માત્ર સંવાદો ઉપરથી જ જે તે સંવાદ “કયું પાત્ર ઉવાચ” એ જાણી શકાશે.

હવે થોડોક ગંભીર થઈને કહું તો મુરબ્બીશ્રી સુરેશભાઈએ હાસ્યદરબાર ઉપરની અતિશયોક્તિપૂર્ણ પોતાની એક કોમેન્ટમાં મને જાણે કે ‘હાઈકુગુરુ’ હોઉં તેમ વખાણતાં મને ચણાના ઝાડ ઉપર ચઢાવી દીધો હતો. એ શબ્દો છે :

“વલીભાઈનાં હાસ્યહાઈકુએ અમારા માટે સૂક્ષ્મ વિનોદ સાથે આવી ચર્ચા કરવાનું પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. એમનો તો ‘હાસ્યદરબાર’ વતી આભાર માનું એટલો ઓછો છે. અત્યાર સુધીમાં 1000 જેટલી પોસ્ટ અહીં મૂકી છે; પણ એ બધામાં સૌથી વધારે ચર્ચા ‘હાસ્યહાઈકુ’એ જગાડી છે. આ જ એની સફળતા બતાવે છે.

બીજું, હાસ્યના અનેક પ્રકાર હોય છે. ‘હાસ્યહાઈકુ’એ એક નવો ચીલો પાડ્યો છે. આ પ્રકાર રચવો પ્રમાણમાં થોડો સહેલો છે, આથી જ મારા જેવા અ-કવિઓ પણ ‘હાસ્યહાઈકુ’ બનાવતા થયા છે. 17 જ અક્ષરોથી વિનોદ અને વિચાર સર્જવો એ એટલું જ કઠણ કામ પણ છે. અમે સૌ વલીભાઈની આગેવાની નીચે આ શીખી રહ્યા છીએ.”

ઉપરોક્ત પ્રશંસાપુષ્પની બે માળાઓ (ફકરાઓ) ને હું મારા જ વરદ હસ્તે મારા ગળામાં પહેરાવી અને પછી અભિવાદન ઝીલતાં ઝીલતાં કાલ્પનિક તાળીઓના ગડગડાટ વચ્ચે તેમાંની એક માળાને પુનઃ સુરેશભાઈના ગળામાં વળતી પહેરાવતો હોઉં તેવી કલ્પનાના ઘોડે સવાર થઈ કૃતકૃત્યતા અનુભવતાં તેમને ધન્યવાદ પાઠવું છું. વળી તેમની કોમ્પ્યુટર કળાનું તો શું કહેવું? પોતે જ કદાચ પોતાના શબ્દોમાં આવું કોઈક હાઈકુ લખીને પોતે જ શાબાશી મેળવે કે .....

**"પીઠ થાબડું**
**'વાહ, સુરેશ વાહ!'**
**ગજબ કર્યો!"**

તો એમાં શું મજા આવે! એ તો આત્મશ્લાઘા થઈ ગણાય અને એ વિધાનમાં "Happy Birthday to me" ની ગંધ આવ્યા સિવાય રહે ખરી! માટે મને જ બિરદાવવા દો કે .....

બરડે ધબ્બો!
'વાહ, ભીરુ કહેતાં'

ઝૂમી ઊઠું હું!

**જય હો!**

* * * * *

છેલ્લે, માફ હો!

કદાચ Patch Works (થીગડાં) બદલ!

ને આ વળી શું?
હાસ્યહાઈકુની છે,
ચોપડી જ તો!

પણ, બે કરૂણ છતાં વિસ્મયહાઈકુ (દ્વિભાષી ટિપ્પણી અને અનુવાદસહ) મારી કથામાં પ્રસાદરૂપે ધરૂં છું.

ભૂલકું તાકે
ટોયગને નિશાન
ગાંધીછબિએ ! (1)

(આ હાઈકુની રજૂઆતમાં તમને કઠોર વક્રોક્તિની અનુભૂતિ થશે. આ દુનિયા વિચિત્ર છે. જાણે કે પ્રભુની પયગંબર હોય તેવી મહાન વિભૂતીને સાચી પિસ્તોલ વડે સાચી ગોળીઓ ધરબી દઈને મારી નાખવામાં આવી. આવા ઘાતકી કૃત્યને શું આપણે નાના બાળકની રમત ગણી શકીશું? હરગિજ નહિ! એક મહામાનવ જીવનભર અહિંસાના સંદેશ માટે ઝઝૂમ્યો અને તે જ માણસ અબ્રાહમ લિંકનની જેમ જ કરૂણતાભરી રીતે હિંસાનો ભોગ બન્યો! નોબલ પ્રાઈઝ વિજેતા ટી. એસ. ઈલિયટ (T. S. Eliot), પોતાના અંગ્રેજી કવિતાના પુસ્તક "Four Quartets" ના 'Buirnt Norton' કાવ્યમાં લખે છે કે "માનવજાત નગ્ન સત્યને સહન કરી શક્તી નથી.")

**Innocent child**
**pointing toy-gun to**
**Gandhi's photo ! (1)**

(Here is the biting irony in presentation of this Hykoo. It's a queer world ! The great prophet-like personality was shot dead with a real pistol and bullets. Can we equate that cruel deed with a child game? Certainly, not !!! A super human fought for the mission of Non-violence throughout his life and tragically became the victim of violence like Abraham Lincoln. T. S. Eliot (A Noble Prize Winner) has rightly written in his book on poetry "Four Quartets" in "Buirnt Norton", "Human kind cannot bear very much reality".)

**ઈશુછબિને**
**ટીંગી દિવાલે, હાય!**
**ઠોકી ખીલા રે ! (2)**

(અહીં પણ માનવજીવનની એક વધુ કરૂણતા જોવા મળશે કે લોકો ઈસુ ખ્રિસ્તને ઓળખવામાં ભૂલથાપ ખાઈ ગયા. તેમને ખીલા ઠોકીને, દ્રૂઝતા ઘા સાથે માથે કાંટાળો તાજ પહેરાવીને વધસ્તંભ ઉપર ચઢાવી દેવામાં આવ્યા. બે સહસ્ત્રાબ્દિ પસાર થઈ હોવા છતાં તેમના અનુયાયીઓનાં દિલોમાં તેમના પ્રત્યે આચરવામાં આવેલી ક્રૂરતા હજુ જીવંત છે. એ દુ:ખદ વેળાએ પણ તેમણે ઉચ્ચારેલા આખરી શબ્દો "હે પરમ પિતા! તું તેમને માફ કરી દેજે, કેમ કે તેઓ શું કરી રહ્યા છે તે તેઓ જાણતા નથી!" ન્યાયના દિવસ સુધી બ્રહ્માંડમાં ગૂંજતા રહેશે. અહીં ઈસુ ખ્રિસ્તની છબિને ખીલા ઠોકીને દિવાલ ઉપર જડવામાં આવી રહી છે. અહીં એવો કટાક્ષ છે કે માનવજાતે ઈસુને ખીલા ઠોકીને વધસ્તંભ ઉપર જડી દીધા છતાંય, જાણે કે તેમને હજુ સુધી પરિતૃપ્તિ થઈ નથી અને તેમની છબિને ટીંગાડવા માટે પણ ખીલા ઠોકવામાં આવી રહ્યા છે! એ વાત નિ:શંક છે કે દિવાલે ઈસુની છબિ લગાવવા પાછળ તેમની યાદને તાજી રાખવાનો શુભ ઈરાદો છે, પણ છબિની ફ્રેમને ઠોકવામાં આવતા ખીલાની પ્રક્રિયા માનવજાત માટે શરમજનક એવી એ વખતની કરૂણ ઘટનાની યાદ તાજી કરાવે છે!)

**Jesus' photo**
**put up on wall, oh !**
**being nailed ! (2)**

(Here also is one more tragedy of human life that the people failed to recognize Jesus. He was crucified by torture with nails, wounds and thorny crown. About two millenniums passed and the cruelty towards Jesus is still alive in the hearts of the followers. His merciful last words – "Father, forgive them; for they know not what they do." will continue echoing into the universe till the Day of Judgment. The photo of Jesus is being hanged on the wall with nails. There is the satire in this Hykoo as if human kind is not satisfied with nailing to Jesus and still the photo of him is nailed. No doubt, the intention behind putting up the photo of Jesus on the wall is bonafide for remembrance of him; but nailing to photo frame reminds us that tragic day of shame to human kind.)

હાય હો!

- વલીભાઈ મુસા

## બે બોલ – ડો. રાજેન્દ્ર ત્રિવેદી

મારા કોલેજ કાળના સહાધ્યાયી અને નેટ મિત્ર બનેલા, ડલાસ સ્થિત સુરેશ જાનીએ મારો ભક્તિરસનો બ્લોગ 'તુલસીદલ' બનાવી આપ્યો; અને એમાં મારા પિતાશ્રી સદગત મૂળશંકર ત્રિવેદીએ રચેલાં બધાં ભજનો પણ એમાં મૂકી આપ્યાં.  અમને બન્નેને હળવી મજાક, ટોળ ટપ્પા કરવાની ટેવ. આ તો એક ચોપડી છે; એટલે એને માટે મારે સન્માન જનક શબ્દ જ વાપરવો પડે. નહીંતર અમે એકબીજાને 'તું' કારથી ન બોલાવીએ તો અમને ચેન ન પડે.  કોઈક ક્ષણે અમને બન્નેને સૂઝ્યું કે, ગુજરાતી બ્લોગોમાં હાસ્યરસ પીરસતી કોઈ વેબ સાઈટ નથી; તો ચાલો આપણે શુભ શરૂઆત કરીએ.

અને આમ 'હાસ્ય દરબાર' નો જન્મ થયો. અહીં એના ઈતિહાસનાં પ્રકરણો લખવાના નથી; પણ કોઈક શુભ પળે ભાઈ સુરેશે વલીભાઈ મુસાનો મને પરિચય કરાવ્યો; અને એમના પહેલા હાસ્ય હાઈકૂથી એમનો પણ હાસ્ય દરબાર માં પ્રવેશ થયો. અને અમારા દરબારમાં હુલ્લડ વ્યાપી ગયું. અમે ઘણી બધી જોક, હાસ્યલેખ, કાર્ટૂન, શબ્દરમત, વિ. જાતજાતનાં હળવાં મનોરંજન ગુજરાતી સર્ફરોને પીરસ્યાં છે; પણ હાસ્ય હાઈકુના વિભાગમાં જે ઉમળકાથી મિત્રોએ રસ લીધો છે – તે લાજવાબ છે.

હું ચાલીસ વર્ષથી અમેરિકામાં સ્થાયી થયો છું; આથી ગુજરાતી ભાષાનો ઉપયોગ ઘર, મિત્રો ને સગાંઓ સાથે રોજ બરોજમાં કરીએ એટલું જ. પણ 'તુલસીદલ' અને 'હાસ્ય  દરબાર'ના કારણે ભાષા અને સાહિત્ય સાથેની મારી દોસ્તી ઘનિષ્ઠ બની છે. એમાં શિરમોર વાત છે –વલીભાઈનું આગવું પ્રદાન– હાસ્ય હાઈકુ.  અને આના પરિપાકરૂપે વલીભાઈનું આ હાસ્ય હાઈકુનું ઈ-પુસ્તક નેટ ઉપર તરતું મૂકવામાં આવનાર છે; ત્યારે હાસ્ય દરબારના તંત્રી તરીકે મને શેર લોહી ચઢ્યું છે - મારે ઘટાડવાની તાતી જરૂરિયાત હોવા છતાં!

વલીભાઈનું આ પુસ્તક ઘણું વંચાય અને આનાથી તેઓ ન અટકે અને બીજાં ઈ- પુસ્તકો પણ આમ પ્રકાશિત કરે; એવી શુભેચ્છા સાથે વિરમું છું.

- ડો. રાજેન્દ્ર ત્રિવેદી ( બોસ્ટન – મેસાચ્યુસેટ્સ – યુ.એસ.)

## *લેખક પરિચય – સુરેશ જાની*

એમના અંગત મિત્રો એમને વિલિયમના હુલામણા નામે બોલાવે છે. હું એમને વલીદા કહું છું. શા માટે? એમાં જ શ્રી વલીભાઈ મુસાની સાચી ઓળખ છે. પાલનપુર પાસે ૧૫,૦૦૦ની વસ્તીવાળા કાણોદર ગામમાં જન્મેલ આ જણ ખેડૂત છે; વેપારી છે; ઉદ્યોગપતિ છે; શેરબજારી છે; લેખક છે; વિવેચક છે; દાનવીર છે; સરસ મજાનો મિત્ર છે; એક વિશાળ અને માતબર સભ્યો ધરાવતા કુટુંબનો મોભી વડલો છે. આમ આ માણસ બહુમુખી પ્રતિભા તો ધરાવે છે જ, પણ એના કરતાં વધારે મોટી વાત એ છે કે એ માનવતાનું ઘરેણું  છે.

બે શબ્દ મારી એમની ઓળખ માટે. એક વરસથીય ઓછા સમયમાં એ મારા જિગરી દોસ્ત બની ગયા છે. અમારી ઓળખ શરૂ થઈ, એવા જ ભાવથી ભરપૂર કેલિફોર્નિયા નિવાસી ડો. શ્રી ચન્દ્રવદન મિસ્ત્રીએ એમના બ્લોગ ‘ચન્દ્રપુકાર’ ઉપર એમની આપેલી ઓળખ પરથી. પછી મેં એમના બ્લોગની મુલાકાત લીધી અને એમણે મારા બ્લોગોની. એકમેકનાં લખાણો વાંચતાં વિચારવિમર્શ શરૂ થયો; આત્મીયતા વધતી ગઈ, ફોન પર વાતોય થઈ. પણ એ બધીય કેવળ આભાસી, પરોક્ષ, વર્ચ્યુઅલ. એ પરિચયની પરિસીમા તો ત્યારે જ આવી , જ્યારે ડિસે. ૨૦૧૦માં અમદાવાદ ગયો ત્યારે અમે પ્રત્યક્ષ મળ્યા અને અઢી મહિનાનો એ સહવાસ જીવનભરનું ઘરેણું બની રહ્યો.

પણ આમ થવા પાછળનું સૌથી મોટું પરિબળ ‘હાસ્ય દરબાર’ પર એમની હાહાકાર તરીકેનું આગમન છે. હાઈકુ લખનારા તો ઘણા છે. પણ એનો હળવો પ્રકાર ‘ હાસ્ય હાઈકુ’ – એ વલીભાઈની ગુજરાતી સાહિત્યને આગવી દેણ છે. તેઓ કલાકાર, સંગીતકાર, સાહિત્યકારની જેમ હાસ્ય હાઈકૂ કાર – ટૂંકમાં હાહાકાર છે! કદાચ સમગ્ર ગુજરાતી સાહિત્યમાં તેઓ એકમાત્ર હાહાકાર છે. આ શબ્દની કલ્પના એ ગુજરાતી સાહિત્યને મારી આગવી દેણ છે.  આ શબ્દનું ખાસ માહાત્મ્ય એ છે કે હાસ્ય દરબાર પર એમણે સર્જેલા હાહાકારે ઘણા બધા મિત્રોને એકમેકની બહુ નજીક લાવી દીધા. આમ શી રીતે બન્યું – એની તવારીખ તો આ પુસ્તક જ છે.

એમના વિગતે પરિચય અંગે અહીં કહેવું અસ્થાને અને બિનજરૂરી છે, પણ એમનો પરિચય એક જ વાક્યમાં આપીને વિરમું છું કે, માણસ કહેવાય એવો આ માણસ છે.

- **સુરેશ જાની** , ડલાસ, ટેક્સાસ , યુ.એસ.

* * * * *

સુરદા,

આભાર માનું?
ના, ભલે ભાર લાદે,
ઊંટ ગાંગરે!

કુશળતાપ્રાર્થી,
વલીભાઈ

# વિભાગ – 2

# હાસ્ય હાઈકુ

# અને સંવાદ

**……. ૧ ……..**

ગાલે હથેલી,
મસ્ત અતીત ખ્યાલે,
કે દાઢ કળે ?

## સંવાદ

### સપના

પ્રેમી પાગલ,
ગઝલો બનાવે કે
પેપર ફાડે!

### દિલીપ ગજ્જર

વલીભાઈ મુસાનું સુંદર હાઈકુ અને સૂઝી રમુજ....

જોઈ રમણી
મન અતીત પ્રેમે,
ચોકઠું હસે !

### વલીભાઈ મુસા

દિલીપભાઈ,

પણ, પૂછું છું કે ચોકઠું જડબામાં હસ્યું કે પાણીના ગ્લાસમાં? પેલી ફ્રિજની ટીવી Ad ની જેમ તે ખૂલતાં જ પાણીના ગ્લાસમાં ઠંડીથી ચોકઠું કડકડવા માંડ્યું હતું!

**……. ૨ ……..**

**દૃષ્ટિઘૂંટડા**
**ભરી, રહ્યાં ખામોશ!**
**ગળ્યાં શું જિહ્વા!**

## સંવાદ

---

### પ્રજ્ઞા વ્યાસ

હાસ્ય દરબારમા રચીએ,
ઢંગ ધડા વગરનુ
હાસ્ય હાઈકુ!

શમા ખામોશ,
અગ્નિની જિહ્વા લાંબી,
રચે દોઝખ!

### વલીભાઈ મુસા

પ્રજ્ઞાજી,

સંબોધને બાફતાં પહેલાં About ની સફરે જઈ આવ્યો. મારા મિત્ર ચન્દ્રવદનભાઈએ પણ ક્યાંક તમને ઓળખવામાં ભૂલથાપ ખાધી હતી. કોમેન્ટમાંનું આપનું હાઈકુ તો મારા માટે (અન્યો માટે પણ) જન્નતની ખુશખબરી લઈ આવ્યું! દુન્યવી શમાને એક તો અગ્નિના ઉગમસ્થાન હોવાનું સ્થાયી દુ:ખ અને પરવાનાને ભસ્મીભૂત થતું જોવાનું હંગામી દુ:ખ. ધર્મશાસ્ત્રો કહે છે કે પારલૌકિક દોઝખને આવી લાગણીઓ નહિ થાય, કેમ કે તેને તો પાપીઓને બાળવાની કામગીરી સોંપાઈ હોઈ એ તો કરિયાદ કરતી જ રહેશે કે 'હું તો હજુ ભૂખી છું!'

પણ, મને એક વાતનું દુ:ખ થાય છે કે ફૂલદાની તો દિવાનખંડમાં શોભે, નહિ કે વરંડે! ઉમદા હાઈકુ અને કોમેન્ટે! વિહંગ આંખે આપનો બ્લોગ જોઈ આવ્યો અને ગુણવતાસભર રચનાઓથી પ્રભાવિત થયો છું.

છેલ્લે, થોડી હાઈકુ વિષેની ગપસપ કરી લઈએ. જાપાનીઓ ટૂંકા પને હોઈ, વાલીડાઓ, તેમના કદ જેવું હાઈકુ લઈ આવ્યા! હાઈકુકારને જ ખબર પડે કે પોતે શું લખ્યું. વાંચકોને તો સમજાવવું પડે, જેવી રીતે બાળચિત્રકારે પક્ષીના ચિત્ર નીચે લખવું પડે કે 'આ મોર છે, આ કબુતર છે!'

પ્રથમ પરિચયે છૂટછાટ વધારે લેવાઈ ગઈ, નહિ! કંઈ વાંધો નહિ, કેમ કે આ તો હાસ્ય દરબાર છે ને! રજા લઉં તો, વળી ક્યાંક ભટકાઈશું! ધન્યવાદ.

### સુરેશ જાની

નજરે ગમી,
ગર્માગર્મ જલેબી,
ગળી ચટ્ટાક!

### પ્રજ્ઞા વ્યાસ

"કોમેન્ટમાંનું આપનું હાઈકુ તો મારા માટે (અન્યો માટે પણ) જન્નતની ખુશખબરી લઈ આવ્યું" કવિ વલી ગુજરાતીની સ્મૃતિમાં સ્થપાયેલ વલી ગુજરાતી અકાદમી દ્વારા દર વર્ષે એક ગુજરાતી ગઝલકારને ગઝલક્ષેત્રે તેમણે અર્પેલાં પ્રદાનને અનુલક્ષીને 'વલી ગુજરાતી ગઝલ એવોર્ડ' આપવામાં આવે છે, જેનું દરેક સાહિત્યકારને સ્વપ્ન હોય છે.

મારી દિકરી યામિનીને ગઝલ, ગીત, કાવ્યો રચતાં જોઉં અને મને રચનાકાર થવાનાં સ્વપ્નાં આવે. તેણે ખીસ્સાકોશ, ડીક્ષનરી વગેરે લઈને બેસવુ, રદીફ, કાફિયા, મત્લા, મત્કા વગેરેની યાદી બનાવવી, હાલને તબક્કે જોડણીની છૂટ ન લેવી અને ગઝલ બનાવવી. તે જોબ પરથી આવી, ત્યારે વંચાવી. તેણે કચરાપેટીમા પધરાવી લખવાનું માંડી વાળવા કહ્યું. ત્યાર બાદ ચિ. મોનાએ પ્રયત્ન કર્યો. ખૂબ જ નબળા અછાંદસને ધરમૂળમાંથી મઠારી આંટીને નામે છાપ્યું! મોટા ગજાના શ્રી જુગલકિશારજીએ પ્રયત્ન કર્યો, પણ પાકે ઘડે કાંઠા ન ચઢ્યા! અમારા વડીલે કહ્યું - મારામા છંદ, લય કાંઈ જ નથી; પણ ભાવ છે અને જગદ્ગુરુ તો 'ભાવ' ના ભૂખ્યા છે, તો તમારી રચના કૃષ્ણાર્પણ કરશો.

જરા ખિંજાકી ભી ઈજ્જતકા કુછ ખયાલ કરો,

બહાર બનકે ન નિકલો યોં દિલ્લગી કે લિયે!

છતા મનમા એમ કે કોઈ જુઠે જુઠું કહે કે ....

મને આજે વલી એવોર્ડ મલ્યો ....

અને....

મારી દાસ્તાં લખાઈ ગઈ...

આ મારું પાગલપન છે -

સહન કરશો...

### વલીભાઈ મુસા

પ્રજ્ઞાજીને સંબોધીને લખાએલ કોમેન્ટમાંથી : – ('સાભાર' નહિ લખું!)

"હાઈકુકારને જ ખબર પડે કે પોતે શું લખ્યું. વાંચકોને તો સમજાવવું પડે, જેવી રીતે બાળચિત્રકારે પક્ષીના ચિત્ર નીચે લખવું પડે કે 'આ મોર છે, આ કબુતર છે!"

મારા હાઈકુ "દૃષ્ટિઘૂંટડા.." વખતે મારો મનોભાવ તો આમ હતો ' એ બાઈ પ્રીતમને જોતાં રહ્યાં, દૃષ્ટિઘૂંટડા ભરતાં રહ્યાં અને ઘૂંટડા સાથે જાણે કે જીભને જ હલક નીચે ઊતારી બેઠાં! જીભ વગર બોલે જ શી રીતે! હવે ખામોશી સિવાય કોઈ આરોચારો ખરો!

હાઈકુ એટલે પેલી મોડર્ન આર્ટ જેવું! જેને જે સમજવું તે સમજે! સમજવાની કડાકૂટમાં કોઈને ન પડવું હોય તો હાઈકુ જ ન વાંચવું! તમારું શું માનવું છે, સુરેશભાઈ અને બીજાં ભાઈબહેનો!

### સુરેશ જાની

આ ' વલી ' એવોર્ડ ગમ્યો. આ વલીજીને ખુશ કરવા આસાન લાગે છે! એ તો પાછા ' મુસા' (મો્ઝીસ) પણ છે, એટલે લાલ સમુદ્ર પણ પાર કરી આપે!

મારાં કવિતડાં પણ હવે એમની કોર્ટમાં મૂકવાં પડશે! આ 'કવિતડું' શબ્દ શીખવનાર કોણ છે; તે જાણો છો? શબ્દશાસ્ત્ર અને પિંગળના સ્વામી જુગલકાકા! - મારા માટે પ્રિય જેવી, હવે જેમની

કવિતામાંથી એક ભૂલ ન શોધી શકાય, તે પોતાની કવિતાને આમ કહે તો પ્રજ્ઞાજુ , રમેશ ભાઈ કે મારી તો શી વિસાત?

## વલીભાઈ મુસા

શ્રી સુરેશભાઈ અને પ્રજ્ઞાબેન,

મને અકળાવી દેવાના તમારા લોકોના પેંતરા હવે કંઈક સમજવામાં આવે છે! હરિશ્ચન્દ્ર ભટ્ટના કાવ્ય મુજબ મહાકાવ્ય સ્વરૂપે વ્યાપેલા ઈશ્વર સામે દુન્યવી કવિઓનાં કાવ્યો કવિતડાં જ કહેવાય. અલંકારશાસ્ત્રમાં અતિશયોક્તિને અલંકાર ગણાવાયો છે, પણ તમે લોકોએ પોતાનાં ઉત્તમ સર્જનો માટે નવો અલ્પોક્તિ અલંકાર શોધી કાઢ્યો લાગે છે! સ્ટાર હોટલને ખાવાની દુકાન, કારને ગાડું કહેનારા ધુરંધર હોટલ માલિકોને મેં સાંભળ્યા છે અને આજે તમને લોકોને આવું બધું બોલતા સાંભળવાના મારા માટે દિવસો આવ્યા છે. તમે લોકો પોતાને BPL અને અન્યોને URL (Upper Richness Line) તરીકે ભલે ઓળખાવો, પણ હું RTI હેઠળ બધી માહિતી એકત્ર કરવાનો જ છું! શ્રી ભટ્ટના ઉપરોક્ત કાવ્યના કોઈક કવિના પ્રતિકાવ્ય જેવી અલ્પોક્તિ ન થાય, તો સારું. આ કવિ મહાશય તો લખે છે કે 'તું મહાનાયી થઈ વિશ્વ વ્યાપી રહ્યો, ત્યાં લોહ લઈને વતું શું કરું હું!'

એવું ન માની લેતા કે 'વલીભાઈ કુછ કહ ગએ!'

મારા પાડોશી રાજ્ય રાજસ્થાનના પ્રભાવ હેઠળ 'ધન્યવાદ' કહીને અત્રેથી વિરમું છું.

## જુગલકિશોર વ્યાસ

"તું મહાકાવ્ય થઈ વિશ્વ વ્યાપી રહ્યો, ત્યાં વળી કવિતડું શું કરું હું ?!" ('કવિતડું'  શબ્દ મને આ પંક્તિમાંથી મળ્યો છે.)

આ પંક્તિને આગળ કરીને અને આ બધાંને અલ્પોક્તિ અલંકાર શોધી કાઢનાર કહીને આપે ઘણી મહત્વની વાત કહી દીધી. પણ કહેવું જોઈએ કે આ અલ્પોક્તિ જ કદાચ વિકાસનો માર્ગ કરી આપે. યાદ છે, ને નિરંજન ભગત સાહેબની પેલી કંડિકા ?

અરે ! કહી ન કાવ્યને બગાડવું;

અહો ! કહી અહમ્ નહીં જગાડવું."

આ હાઈકુ ફક્ત ટૂંકા કદને લીધે જ નહીં, પણ જગતભરમાં સૌથી ઓછું મટીરિયલ ધરાવનારો દેશ હોવા છતાં દુનિયાને પોતાનો માલ વેચનાર તરીકે પણ જાપાનીઓ જાણીતા છે! હાઈકુમાં ઓછામાં ઓછું 'મટીરિયલ' ને છતાં વધુમાં વધુ અર્થસભરતા !!

હાઈકુ તણા

કોમેન્ટડા વાંચ્યા, તો

ખુલી ગૈ જીહ્વા!

**રાજેન્દ્ર ત્રિવેદી**

જે બે અક્ષરનુ નામ.

જે રટતાં થાય વિશ્રામ,

તે સૌના છે શ્રીરામ જી.

**પ્રજ્ઞા વ્યાસ**

શ્રધ્ધાથી નામ

જપે ન પોપટ (જપ આરામ)

તે શ્રીરામ રે.

આ વર્ષે 'વલી એવોર્ડ મારા જન્મ સ્થળ (મારો જન્મ ગોપીપુરાની સૂ.જ. હોસ્પિ.માં થયો હતો)ના પાડોશી ગનીચાચાને મળ્યો અને તે સમારંભનું સંચાલન યામિનીને કરવાનું આવ્યું અને તે ફૂલી ન સમાઈ!

કોઈ તેને જઈને કહો કે તારી માને તો વલી એવોર્ડ મળ્યો છે - લે તારે લેતી જા...

**વલીભાઈ મુસા**

હાદજન સૌ,

બધાં આડકતરી રીતે મધુ રાય (કદાચ!) ની 'કાન' વાર્તા ફરી વાંચી જવા ઈશારો કરતાં હોય તેવું હવે તો લાગવા માંડ્યું છે.

હું પણ સાનમાં કહું છું, ગમે તે સ્રોતે 'કાન' જરૂર વાંચશો.

**જુગલકિશોર વ્યાસ**

'હરિયાનો કાન' ? વર્ષો પહેલાં આ વાર્તા વાંચેલી.  મધુરાયની 'ચહેરા' મારી પ્રિય નવલકથા. "પીટિયો સરમાણો" કોઈને યાદ આવે છે ?! મધુરાય આટલાં વર્ષે પણ હજી એ જ તબિયત ધરાવે છે !

**ચન્દ્રવદન  મિસ્ત્રી**

ના આવડે હાઈકુ, છતાં લખું છું કારણ કે આ હાસ્ય દરબાર છે.
દૃષ્ટિ સાંભળે,

જીભ શબ્દો ગણે,

તો, કાન શું કરે ?

***…….. 3 ……..***

હલાવી જોયાં,
લાગ્યું ગયાં! ધ્રાસકે
હસી પડતાં!

## સંવાદ

---

પ્રજ્ઞાબેન વ્યાસ

આ તો મારે માટે પડેલો ધ્રાસકો!
તમને કેવી રીતે ખબર પડી?
સાચે જ તમને ‘વલી’ માન્યા!

(‘તુજકો વલી સમજતે…’ગાલિબસાહેબની માફી સાથે)

રોજ જે મરે,
કોણ રડે તેમને?
સાચે જ ગયા!

ભાવનાત્મકની સાથે સાથે આ એક શારીરિક સત્ય છે કે, હાસ્ય એક એવું વ્યાયામ છે જે ચહેરા પર આવતી કરચલીઓને રોકે છે. મનને પણ શાંત રાખવામાં મદદ કરે છે. આનાથી તમારો ઉત્સાહ જળવાઈ રહેશે અને તમારા વ્યક્તિત્વમાં પણ નિખાર આવી જશે.

### વલીભાઈ મુસા

પ્રજ્ઞાજી,

વાહ, ભાઈ (બાઈ!) વાહ! Instant Coffee ની જેમ સરસ મજાનું પ્રતિ હાઈકુ!

અમારાવાળાં ગમ્મત માટે મરી ગયાં જેવો ઢોંગ કરીને સૂતેલાં હતાં. પેલો બિચારો તેમનો ‘રોયો’ ગભરાઈ જતાં તેમને હલાવી નાખે છે અને પેલાં ધ્રાસ્કે હસી પડે છે! આવી દિલ્લગી થાય ખરી? હું તમને એકલાંને નથી પૂછતો, બધાંયને પૂછું છું! હોં!

### સુરેશભાઈ જાની

મેરી ઓરસે એક શિઘ્ર પેશ ..

સૂતા ઊઠાડ્યા
ઊઠવું ન હોય તો,
શેં ઊઠાડાય?

### વલીભાઈ મુસા

સુરેશભાઈ,

Thunder after lightning!

જાગતો ઊંઘે!
ઢોલ પીટો છતાંયે,
પીટ્યો ન ઊઠે!

### ભરત પંડ્યા

સાસુજીનો દેહ છૂટી ગયો. વહુને હાશ થયું. ૯૩ વરસની કટકટનો માંડ અંત આવ્યો. ઠાઠડીને ઊંચકીને લઈ જતાં ત્યાં કો'કને ઠેબું આવ્યું ને સાસુજી બેઠાં થઈ ગ્યાં, "મને ક્યા લઈ જાવ છો?"

વહુએ માથું કૂટ્યું. વળી બે વરસ કાઢી નાખ્યાં. વહુ ઉપર છાણાં થાપતાં, એક દિ' ડચકું આવ્યું ને ઓમ નમઃ શીવાય – 'રામ બોલો, ભાઈ રામ' થઈ ગ્યું. વળી લઈ જતા'તા ત્યાં વહુ કે' "જો જો સંભાળજો! કોઇને ઠેબું નો વાગે !"

## ……. ૪ …….

મહાનુભાવો,

વિશ્વભરમાં ધૂમ્રપાન-નિષેધની ઝૂંબેશ તો જોરશોરથી ચાલી રહી છે, પણ અહીં એ કુટેવનો કોઈ દુષ્પ્રચાર નથી, પણ બીજી જ કોઈક વાત છે. હે, મોટા ભાગના ઠંડા મલકના હાદજનો, આ હાઈકુ વાંચો અને માણો :

**ધૂમ્રપાનની**
**ધૃણા તને! ફૂંકતી**
**તુંય શિયાળે!**

## સંવાદ

---

**પ્રજ્ઞા વ્યાસ**

ઓ !ધૂમ્રદાની,

અગ્નિહોત્રી મહાન,

કાળે કેન્સર!

**સુરેશ જાની**

વાહ, બાનુઓને પણ સ્મોકીંગ કરતી કરી દીધી! હવે ચન્દ્રમુખીની ઉપમાની જેમ આ પણ વપરાવા માંડશે.

**ભજમન નાણાવટી**

એને શું ઉપમાન આપશું ? ધૂમ્રમુખી કે ધૂમ્રફૂંકી?

**વલીભાઈ મુસા**

શીત દેશોમાં અને અન્યત્ર શિયાળે વહેલી સવારે સઘળે ધૂમ્રમુખાઓ-ખીઓ કે ધૂમ્રફૂંકાઓ-કીઓ જ જોવા મળે, કુદરતી ધૂમ્રપાનના કારણે જ તો વળી! તો પછી આ હાઈકુનાયિકા બિચારી ક્યાંથી બાકાત રહે, કે તમે બધા લોકો તેના માથા ઉપર માછલાં ધોવા લાગી પડ્યા છો, બોલતા નથી એટલે! હેં!

### ચન્દ્રવદન મિસ્ત્રી

ધૂમપાન કરનાર કહે..."ધૂમપાન કરવું એ મારો હક્ક છે ! "

ડોકટર આવી કહે..."ધૂમપાનથી કેન્સર અને અનેક ગેરલાભો છે "

સરકાર કહે...." ધૂમપાન કરવું એ હવે ગુનો છે"

ત્યારે પ્રભુ સૌને કહે..."છોડ ડોકટરની કે સરકારની વાતો, કરજે તું જે તારો આત્મા કહે !"

### સુરેશ જાની

આપણે ત્યાં શાક વેચનારીઓ અને ઝાડૂ મારનારીઓ પણ એક કશ લગાવી લેતી હોય છે. કાળા દોરાવાળી કે જાંબલી દોરાવાળી બીડીનો ...

### ભરત પંડ્યા

આધુનિક પતિ : અયિ, ધુમ્રમૂખિ , આ બીડી નથી , સો ડોલરની નોટ છે !

Not only zaduvali or vegetable seller, now smoking is sign of affluents.

**....... ૫ ........**

મુરબ્બીઓ.

શબ્દાંતે 'ઈ' છતાં 'પુલ્લિંગ' શબ્દ હોઈ 'મુરબ્બાઓ' લખવું જરૂરી નથી સમજતો!  'મેઈલ વચાળે, હાઈકુ -5, રહ્યું છે થનગની, હાસ્ય દરબારે રત્ન થાવા!' (આ કોઈ કાવ્યપંક્તિ નથી, માત્ર વહેમ છે, વહેમ છે, વહેમ છે!)

દૂર ફૂંકાતી
શહનાઈ, પ્રજાળે
લગ્નવેદિને!

## સંવાદ

### સુરેશ જાની

આ વાત વાંચ્યા બાદ મને વિચાર આવ્યો હતો કે, મુરબ્બી જેવા 'ઈ'કારાન્ત પણ પુલ્લિંગ શબ્દોની શોધ કરી હોય તો? એટલે હા.દ.પર એક આવી શોધ શરૂ કરી હતી

http://dhavalrajgeera.wordpress.com/2010/04/14/enames/

અને ઘણા બધા શબ્દો હાદજનોએ ગોતી કાઢ્યા હતા. થોડાક આ રહ્યા .....

- ઋષિ
- કણબી
- ખત્રી
- જતિ
- જોશી
- જ્વાળામુખી
- દરદી
- દરબારી
- દેસાઈ
- ધોબી
- પતિ

- પાડોશી
- પાણિ ( હાથ)
- પાદરી
- પારધી
- પારસી
- પ્રતિહારી
- ભિખારી
- ભિસ્તી
- મણિ
- મનિષી
- મારવાડી
- મારુતિ
- મિસ્ત્રી
- મુખી
- મુનિ
- મોચી
- રબારી
- રવિ
- વાઘરી

- વાજિ
- શનિ
- શશિ
- સન્યાસી
- સિપાઈ
- સોની
- સોની
- હાથી

### પ્રજ્ઞા વ્યાસ

અમારા હાથ,
આજે સ્પર્શશે તને.
અગ્નિશિખાએ!
————————
આપણે બન્ને,
છૂટાં પડશું કાળે,
અગ્નિશિખાએ!
(વિચાર શેષના)

## વલીભાઈ મુસા

પ્રજ્ઞાજી,

પણ, અમારે બેમાંથી કયા હાઈકુને ફી સમજવાનું? અગનસાખે એકમાં સંયોગ છે, તો

બીજામાં વિયોગ છે. વિવાહિત જીવનના સુખદ અને દુ:ખદ એમ બંને છેડે અગ્નિની હાજરી એક જ વખત હોય છે, પરંતુ વિસંવાદી લગ્નજીવનમાં તો અદૃશ્ય અગ્નિની હાજરી 'બાર બાર' હોય છે! શું માનવું છે?

### સુરેશ જાની

અદૃશ્ય અગ્નિ,

વિસંવાદી દંપતી,

રોજ સળગે!

### વલીભાઈ મુસા

ત્રિકાળ જ્ઞાની,

ભાઈ સુરેશ જાની!

'અદૃશ્ય ડબ્બા!'

મારા આજે મૂકવાના તૈયાર છક્કા હાઈકુમાંથી 'અદૃશ્ય' ઊઠાવીને પાછળ 'અગ્નિ' શબ્દ ઠોકી દીધો, કોપીરાઈટનો ભંગ ન થાય એટલા માટે?

સાચે જ મિસીસ વિલિયમ મુરબ્બા, અથાણાં, શિયાળુ પાક વગેરે સારાં બનાવી શકે છે. મારા મુકાનારા હાઈકુમાં તમે સંબોધેલું એવણનું નામ આવશે, જે વાંચીને 'મુરબ્બા'નું મન મનાવી લેશોજી. બસ એજ, હાલ પૂરતું તો!

**……. ૬ …….**

હે પટલિયાઓ,

તમારા હાસ્ય દરબારના Home Page ઉપરની Theme માંના જોકરજીના મોંઢા ઉપર રંગરોગાનથી અસલી ચહેરો છુપાવવામાં ભલે તમે કામિયાબ થયાનું માનતા હો, પણ 'સમજનેવાલે સમજ ગએ હૈ!' કે તમારા બેમાંથી કોઈ એક ન હોય તો પછી બીજું કોણ હોઈ શકે!

ખેર, હમણાં એ વાત રહેવા દો, પછી તો તમારી ‘ખેર’ નથી જ, હા! રખે તમે તમારી ખેર સમજતા હો, પણ હાલ પૂરતું તો આટલું છાપી નાખો ને, મારા ભાઈલાઓ!

**વર એંજિને**
**ઘસડાતી લાડી, ને**
**અદૃશ્ય ડબ્બા!**

## સંવાદ

---

### સુરેશ જાની

21મી સદીમાં –

કન્યા એન્જિન,
ઘસડાતો વર, ને
વરસે છૂટ્ટા!

### પ્રજ્ઞા વ્યાસ

પશ્ચિમ છોરો,
ડબ્બા જેવો દીસતો!
તાણ્યું એંજીન!

ગુજરાતી સમાજના સુ વરોની સુકન્યા માટેની વેદના!!

### વલીભાઈ મુસા

પ્રજ્ઞાજી,

‘સુ વરો’ માં ‘સુ’ને હડધૂત કરીને છેટે કાઢવાની જરૂર ન હતી. તમે ‘કન્યાઓ’ નો પક્ષ કેમ ખેંચ્યો એ અમને સમજાય છે, હોં! ‘સુવર’ લખો તો તેનો અર્થ ‘સારો વર’ જ થાય, કંઈ ‘સુવ્વર’ ન થાય!

અંગ્રેજીની જેમ ગુજરાતીમાં કે કોઈપણ ભાષામાં Prefix કે Suffix થી જુદાજુદા અર્થવાળા અનેક શબ્દો બનતા હોય છે. કેટલાક શબ્દોના ગૂઢ અર્થ આજુબાજુના સંદર્ભથી સમજાય!

જૂઓ હું દ્રૌપદીજીનું એરોપ્લેન બનાવી દઉં?

"કૌરવોની સભામાં દ્રૌપદીનું વિમાન થયું."

(વિ=અપ)

આ હું નથી બોલતો, અનુસ્નાતકવેળાનું ભાષાવિજ્ઞાનનું 'થોડુંક ભણતર' બોલે છે! "પૈસો બોલે છે" નાટકના આપણા કોઈક ગુજ્જુ કલાકારનો ગળામાંથી ઘૂંટાઈને આવતો સંવાદ સાંભળી લો, બહેનજી, ..."આ તું નથી બોલતો! તારો પૈસો બોલે છે!"

"થોડુંક ભણતર!' મને તમારા જેવું અલ્પોક્તિમાં લખતાં આવડ્યું કે નહિ?

### પ્રજ્ઞા વ્યાસ

રીખતા કે તુમહી ઉસ્તાદ નહીં હો, પ્રજ્ઞાજી!
કહતે હૈ યહ જમાનેમેં કોઈ વલી ભી હૈ!

### વલીભાઈ મુસા

પ્રજ્ઞાજી,

Rekhta (રીખતા) નો મતલબ સમજાયો નહિ.

### પ્રજ્ઞા વ્યાસ

ગાલિબના દિવસોમા રીખતા (રેખતા) હિન્દી-ઉર્દુ ભાષા માટે વપરાતો, ત્યારે બન્ને ભાષા વચ્ચે ચોક્કસ ફેર શોધાયો ન હતો.

હવે અર્થ સરળતાથી સમજાશે
.મૂળ ઉર્દુ શેરનો અર્થ થાય છે કે:

रेखताके तुम्हीं उस्ताद नहीं हो गालिब,

कहते हैं, अगले जनममें कोई मीर भी था ।

**…….. ૭ ……..**

વંદનીય પૂરબ-પશ્ચિમના ગુરૂ મહારાજો,
લાલ ગાલની કીમિયાગીરી બે રીતે બતાવી શકાય (1) લાફે (Slap) ગાલ લાલ! (2) લાફ્યે (To laugh) લાલ ગાલ!

હાસ્યકલાના ખરા જાદુગર તો તમે, ના કદીયે અમે! અહીં લખનારા અમે લોકો તો તમારા માત્ર જંબુરિયા!

લ્યો ત્યારે, વાત કરીએ ટૂંકી અને કોળિયો આરોગીએ ફૂંકી!  હાહા-7 છાપો, નહિ તો બતાવી દો એને ઝાંપો!

વીજળીકાપે,
કોલબેલ મૂક, ત્યાં
રણકે ચૂડી!

## સંવાદ

### સુરેશ જાની

વીજળીકાપે,
કોલબેલ મૂક, ત્યાં
પાડ લ્યા બૂમ!

….

વીજળીકાપે,
અંધારે ઘર રૂએ.
હસે ફાનસે!

**પ્રજ્ઞા વ્યાસ**

શબે વિશાલ હૈ બુઝને દો ઈન ચિરાગોંકો,

ખુશીકી બઝમમેં ક્યા કામ જલને વાલોંકા?

—————

શ્રીકૃષ્ણ ચૂડી,

માધવની અંગૂઠી

સંગ રણકી!

**……. ૮ …….**

હાસ્ય દરબારના ભાયાઓ અને બાઈ માંણહો.

નમસ્કાર (અઢાર ફૂટ છેટેથી!)

Slow Forward જવા પહેલાં ‘હાહા’ના 8 અંક ઉપરથી મને જાણવાની તાલાવેલી થઈ છે કે કોઈ એ જણાવવાની તસ્દી લેશે કે ’અઠવાડિયા’ શબ્દમાં પ્રારંભે ‘અઠ’ છે, પણ દિવસ તો સાત છે; તો પછી ‘સપ્તવાડિયું’ કેમ નહિ? હિંદી અને ગુજરાતીમાં પણ ‘સપ્તાહ’ શબ્દ પ્રયોજાય તો છે જ! ‘અઠવાડિયા’ શબ્દની રચના પાછળની મારી એક પરિકલ્પના કે પૂર્વધારણા (Hypothesis) મારા દિમાગમાં મોજુદ છે, જેને હું કોમેન્ટ બોક્ષમાં અન્યોના આ મુદ્દે પ્રતિભાવ જાણ્યા પછી જ આપીશ.

સિસી શ્રી ગદ્ય-પદ્ય-સૂરભાઈ અને સિસી થવામાં વેંત છેટા શ્વેતરાજવાણીશ્રી અને/અથવા રાજાઓના ઈન્દ્રસમા વેદત્રયપાઠીશ્રી,

નમસ્કાર (અઢાર ફૂટ છેટેથી! અથવા અઢાર લાડવાના વ્યાસ જેટલા અંતરેથી!)

આજકાલ તમે ‘શબ્દશોધ’નો ઈજારો લઈને ફરો છો, તો એ જણાવવાની તસ્દી લેશો કે ’અઠવાડિયા’ શબ્દમાં પ્રારંભે ‘અઠ’ છે, પણ દિવસ તો સાત છે; તો પછી ‘સપ્તવાડિયું’ કેમ નહિ?

પહેલી આડવાતને મારો હડસેલો અને બીજી આડવાત ઉપર આવીએ તો 'દુનિયાના શાહ' ભાઈએ પ્રેમના પ્રતીક રૂપે મોમતાજ (મીણના તાજ!) માટે કંઈક ઘુમ્મટ અને મિનારાવાળી કબર બનાવી તેવું તમે હાદ ઉપર હમણાં કંઈક લખ્યું છે! ભલે લખ્યું, પણ અમારો વેધક સવાલ છે તમને પેલા 'દુનિયાના શાહ' ભાઈ વતી કે તેમણે કંઈક પ્રજાના પૈસે બનાવ્યું તો ખરું, પણ તેઓ પોતે મોમતાજની યાદમાં કંઈ બન્યા ખરા? ફકીર, જોગી, જતિ, ફૂલ, અગરબત્તી, મીણબત્તી, દિવાસળીની પેટી વગેરેમાંથી ગમે તે કંઈ!

અમારા આજના હાઈકુ-હીરો(Hero) એક એવી તુચ્છ વસ્તુ બન્યા કે ન બન્યા એ વાત બે નંબરમાં, પણ તે બનવા માટેનો ઈરાદો તો અવશ્ય કર્યો છે જે તમને બેઉને અને તમામે તમામ હાદજનોને એ હાઈકુ વાંચવાથી જ સમજાશે! ખૂબ ટેંટળાવ્યા નહિ? લ્યો ત્યારે બે 'આડવાતો' પૂરી થઈ અને આજના હાહા-૪ની એક 'ઊભવાત' ઉપર આવીએ!

તવ ઉંબરે
થૈ પગલૂછણિયું
સ્પર્શું તળિયાં!

## સંવાદ

---

### ભરત પંડ્યા

હું તો માત્ર પગલૂછણિયું નહીં, પણ એથી આગળ જાઉં!!!

તવ સ્નાનઘરે

બની અંગલૂછણિયું *

અંગે અંગને સ્પર્શું

* અં;ટુવાલ.

### વલીભાઈ મુસા

ભરત ભૈયા,

મેરી બાત તો અંગ-ના (આંગણું) તક સીમિત થી, દેખિયે ના 'અંગ-ના' મેં "ના" ભી હૈ! ઔર આપ તો અંગલૂછણિયેકે જરિયે અંગ તક પહુઁચ ગએ ઔર વો ભી સ્નાનઘર તક! કુછ ઉમ્રકા લિહાજ તો કરના ચાહિયે ના! ખૈર, કોઈ બાત નહિ, આપકો માફ કર દિયા!

મૈંને ભી એક Compound word બનાયા હૈ. આપકી તરહ! રૂમાલ + Towel = Romel (રોમેલ)! કૈસા રહા?

**પ્રજ્ઞા વ્યાસ**

દિવાનખાને
ગ્યું પગલૂછણિયું,
પગપેસારો !

**વલીભાઈ મુસા**

અને પછી તો,
રસોડે જઈ પૂછે!
આજે શું રાંધ્યું?

**ડો. ચન્દ્રવદન મિસ્ત્રી**

છાપરે પવનીયું,
ફરકી, ખખડીયું !
નયને લટકીયું !

**ભરત પંડ્યા**

એક હાયકુ - ન.પ્ર.બુચનુ,

(પ્રેમ લગ્ન)

રસ્તે મળ્યા,

હસી પડ્યા,

હસવામાંથી ખસવું થયું.

**……. ૯ ……..**

ભયો ભયો, મારા ભાયા, ભયો ભયો!

ડો. શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી ,

આજે તમને ડાકટર શાબ તરીકે બોલાવવાનું મન કે સે! ચ્યમ કે આંય એવી જ કાંક વાત આવે સે. થોડો આડો ફંટાઈને એક ગતકડું કરી લ્યું?

એક ડાકટર શાબે ગોમડે દવાખાનું ખોલ્યું. પેનટરને ગુજરાતીમાં પાટિયું બણાવવા કાગળિયામાં લસીને આલ્યું 'કાન, નાક અને ગળાના ખાસ ડાકટર'.
પેલો પાટિયું ચીતરીને લાયો 'કાન, નાક અને ગળાના ખાસડા ક્ટર' (આ 'પેલો' ઊજાવાળો તો ની હોય!)
લ્યો ત્યારે 'હાદ' વાળાઓ મારૂં હાહા-9 (નવ), ક્યાંક લસ્યું તું એવું નવ નંબરનું ભૂલકણું!

**ધબકે ઉર,**

**પડઘા ઝીલે, પ્રિયા**

**કે સ્ટેથોસ્કોપ!**

સંવાદ

---

**સુરેશ જાની**

-૧-

ધબકે ઉર,

પડઘા ઝીલે, નર્સ

કાર્ડીયોગ્રામ ?

-૨-

હૃદય દર્દ?

કરાવ બાયપાસ,

ધબકે ઉર!

### પ્રજ્ઞા વ્યાસ

લબ ન ડબ,

નીરવ સ્ટેથોસ્કોપ,

ઊડ્યું ચેતન !

**********************

કરો તિલક,

મૂકો તુલસી મોંમાં,

બનાવો સંત!

પેલો પાટિયું ચીતરીને લાયો 'કાન, નાક અને ગળાના ખાસડા ક્ટર'...

લૂંટે લૂંટારા,

કાન-નાક કાપીને

થયા સર્જનો!

"પહેલાંના જમાનામાં લૂંટારા કાન,નાક,ગળું કાપતા અને લૂંટી લેતા. હવે તો તે બધા ઈ એન ટી સર્જન થયા, પણ કામ તે જ રહ્યું-"માફ કરજો. આ વાત તો અમારા જાણીતા ઈ એન્ડ ટી સર્જનો શ્રીરામ લાગુ (હાં એકટર) અને અજય કોઠારીની છે—જેઓ રમકડાં તથા ખાસડાંની સલાહકાર સમિતિમાં હતા!

### વલીભાઈ મુસા

પ્રજ્ઞાબેન,

અમારું સંયુક્ત કુટુંબ છે. ઈશ્વરકૃપાએ બધાં હળવાશથી એક છાપરા હેઠળ રહીએ છીએ. નાનાંમોટાં મુક્ત રીતે એકબીજાની મજાક પણ કરી શકે છે. બધાંયમાં Sense of humor ઊંચા લેવલે છે. તાજેતરમાં મારો એક પૌત્ર મીયાં.બીબી.બચ્ચાં.સહિત (MBBS) થઈ ગયો. મેં તેને પૂછ્યું, 'તું શાનો ખાસડા કટર થવાનો છે?' આ ટાણે મારી એક પૌત્રી ફર્સ્ટ MBBS માં છે તે જોડે જ હતી. મેં તેને હળવેથી કહ્યું, 'બેટા, તું પણ હાલથી જ બરાબર ભણજે. ખાલી MBBS નહિ ચાલે, તારે પણ મોજડી કટર થવાનું છે, સમજી?' બધાં હસી પડ્યાં હતાં!

ઈશ્વર સઘળાં કુટુંબોને આવી નેક તૌફીક આપે, એ જ પ્રાર્થના.

**પ્રજ્ઞા વ્યાસ**

"ઈશ્વર સઘળાં કુટુંબોને આવી નેક તૌફીક આપે"

અય ખુદા દર સે તિરે તૌફીક યે હમ કો મિલે,
જિંદગી કા બોઝ હમ આસાનિયોં સે ઢો સકેં!

વધુ જિયારતમાંથી.....

દિન કોઈ ઐસા હો, દુ:ખ કે બોઝ હલ્કે હો સકેં,
રાત ઐસી હો કોઈ, જબ ચૈન સે હમ સો સકેં.

રાત હી વો નેક દિલ માઁ હૈ કિ જિસ કી ગોદ મેં,
હમ સરાહનોં કે તલે મુઁહ કો છુપા કર સો સકેં.

અય ખુદા દર સે તિરે તૌફીક યે હમ કો મિલે,
જિંદગી કા બોઝ હમ આસાનિયોં સે ઢો સકેં.

નેક બંદે હમ બનેં, હમ માંગતે હૈં યે દુઆ,
બીજ હમ દુનિયા મેં આ કર નેકિયોં કે બો સકેં.

યે નહીં મંજૂર થા, શાયદ ખુદા કી જાત કો,
તુમ હમારે હો સકો, ઔર હમ તુમ્હારે હો સકેં.

હો કોઈ દીવાર જિસ કો, હમ સુનાયેં હાલે-દિલ
હો કોઈ દરવાજા ઐસા, જિસ સે લગ કર રો સકેં.

પ્યાર કે દો બોલ હૈં કીમત હમારી અય 'અનુ'
કાશ યે કીમત જહાં વાલે અદા કર તો સકેં.

### વલીભાઈ મુસા

પ્રગ્નાજી,

અલ્હમ્દો લિલ્લાહ, બહુત ખૂબ, બહુત ખૂબ! If you don't mind, I wish to give you the title of Mini Encyclopedia. I have marked that you have acquired all round knowledge.

Congratulations.

### ઉલ્લાસ ઓઝા

દિલ ધડકતાં ધડકતાં વાત ક્યાંની ક્યાં પહોંચી ગઈ !

એક ભજન યાદ આવી ગયુ :
"જરા હસતાં રમતાં જીવો, જીવન બદલાઈ જશે,
શિરે ભાર લઈ ફરશો,  તો જીવન કરમાઈ જશે"

" હસવાથી હળવાશ રહે છે, રડવા થી ગમગીની વધે છે.
ખુદ હસો અને સકળને હસાવો."

"હાસ્ય દરબાર" ધડકતા દિલને પ્રફુલ્લિત કરવાનુ કામ કરે છે.
યોગિની સાથે રહો ઉલ્લાસમય !

### પ્રજ્ઞા વ્યાસ

અલ્હમ્દો લિલ્લા હિલ્લજી અજહબા અન્નિયલ અજા વ આફ઼ાની

અલહમ્દો લિલ્લાહે અલ્લાહુમ્મા કમા હરસનતા ખિલકી ફ઼હસ્સિન ખુલકી

### સુરેશ જાની

ઓ બે ડોહા ડોહી!
કંઈ હમજાય એવું લખો, મારા બાપલા !
ફીકર ખબર છે – જો કે, કરતો નથી પણ આ તૌફીક લખ્યું ને બધી ગરબડ શરૂ !!

અહીં હસવાની જગ્યાએ લઘુતાગ્રંથિ લાગુ પડી ગઈ.
અથવા ... પોઝિટિવ પ્રતિભાવ
આપ બન્ને સાથે મળીને ફ઼ારસી-ગુજરાતી શિક્ષણ બ્લોગ શરૂ કરી દો!

આ પરથી શીઘ્ર ..

ધડકે ઉર,
'તૌફીક' લખે વલી,
પડઘે પ્રજ્ઞા!

### વલીભાઈ મુસા

સુરેશભાઈ,

પ્રજ્ઞાજી અને હું બે સાથે મળીને ફ઼ારસી/અરબી/ઉર્દૂ vs ગુજરાતી તમને શીખવીએ તો તમે બિરબલની બકરી બની જશો. ન વજન વધે કે ન ઘટે! પ્રજ્ઞાજી જેટલું શીખવે તેટલું જ મારા coaching થી ભૂલી જવાશે. બીજાઓને અને ખુદ પ્રજ્ઞાજીને પણ ખબર નહિ હોય કે 0 થી મોટી નાનામાં નાની અપૂર્ણાંક ધન સંખ્યા જેટલા ટકા પણ એ બધી Right to left લખાતી ભાષાઓ વિષે હું જાણતો નથી. આ હાસ્ય દરબાર છે એટલે મારી બધી વાતો હસી કાઢવા જેવી જ હોય તેમ માની ન લેવાય. Seriously કહું છું અને સુરેશભાઈ, તમારી સાથે તો આ વાત ખુલાસાબંધ

(જુલાબના અર્થમાં નહિ!) થઈ ગઈ છે, છતાંય R to L વાળી ભાષાઓની મારી દરિદ્રતાની મજાક ઊડાડવાની એકેય તક તમે જતી નથી કરતા!

હાસ્ય દરબારના મહદ્ અંશે વાંચકો Bilingual (દ્વિભાષી) છે, પણ કોઈ 'મગન' માધ્યમવાળા હોય તો ઉપરની કોમેન્ટના અંગ્રેજી Link થી ત્યાં જઈ પહેલી જ લીટી ઉપર Click કરીને ગુજરાતી અનુવાદ ઉપર જઈ શકશો. પણ બધા મારો પીછો છોડો અને R to L વાળી ભાષાઓના જાણકાર હોવાના મહેણાટોણાથી મને આઝાદ કરો.

સુરેશભાઈ,

મેં તો R to L નાં કોઈ બણગાં ફૂંક્યાં નથી, દા.ત. એક અમેરિકન ગપ્પી ( આપણો દેશી નહિ હોં!) જીવ્યો ત્યાં સુધી લોકોને કહેતો ફર્યો કે 'હું એવા માણસનો પુત્ર છું કે જે હવાને પણ કાબૂમાં રાખી શકતો હતો.' મર્યા પછી ચર્ચયાર્ડમાં કબર ઉપર પણ આ લખાણવાળી તકતી મૂકવાનું વિલ કર્યું હતું. તેનો મિત્ર પેલાની વાતનો ભેદ જાણતો હતો. તેણે પણ મર્યા પછી પેલાની કબરની સામે જ કબર કરવાની તથા આ મુજબની તકતી લગાડવાનું વિલ કર્યું હતું, ' જોજો હોં! સામે વાળાની વાતમાં આવતા નહિ. એનો બાપ લુહાર હતો અને ધમણથી હવાને કાબૂમાં રાખી શકતો હતો!'

મારા માટે ખુલાસા ઉપર ખુલાસા કરવાના દહાડા તમે લાવ્યા છો, ભલા માણસ! હવે તો તમારો કંઈક દોરડો કરવો પડશે, હા!

### સુરેશ જાની

એક સરસ સમાચાર ...
હવે URL પણ નોન રોમન લિપિમાં શક્ય બનશે -
પ્રજ્ઞાબેન સિવાય, બધાંનો મરો !!

**…….. ૧૦ ……..**

હાસ્ય દરબારના મહાનુભાવો (અનુભાવીઓ સમેત) જોગ …

ખાસ સૂચના કે તમે નર હો યા નારી, પણ જો તમે એસસીજન (Scheduled Cast નહિ!) હો તો, મહેરબાની કરીને આ HH-10 ને RCમાં મોંઢુ જોઈ લીધા પછી જ વાંચશો અને યૌવનના ભવ્ય ભૂતકાળને ભૂલી જવાનો પ્રયત્ન કરજો, ભલે એમાં સફળતા મળે કે ન પણ મળે!!

**ટેરવાં મથે,**
**સંવારે લટ, લુચ્ચી**
**ખરે જ જિદ્દી!**

## સંવાદ

---

### સુરેશ જાની

લટની વાત આવી અને એક બોડી સ્ત્રીની વાત યાદ આવી ગઈ.

——

આખી વાર્તા (મૂળ અંગ્રેજી ઉપરથી)

એક વૃધ્ધ સ્ત્રીએ એક દિવસ સવારમાં ઊઠીને અરીસામાં જોયું, તો તેના માથામાં ત્રણ જ વાળ બચ્યા હતા. એણે ત્રણ વાળને ગૂંથીને ચોટલી બનાવી અને આનંદમાં ઝૂમી ઊઠી.

બીજા દિવસે તેણે જોયું કે એક વાળ ઓછો થઈ ગયો હતો. તેણે બે વાળની પાંથી પાડી અને આનંદમાં ઝૂમી ઊઠી.

ત્રીજા દિવસે તો એક જ વાળ બાકી રહ્યો હતો. તેણે તેને પાછળ ઓળ્યો અને Pony-tail બનાવ્યાના આનંદમાં ઝૂમી ઊઠી.

ચોથા દિવસે તો..

તેણે વિચાર્યું, "ચાલ, વાળ ઓળવાની કડાકૂટ મટી." અને આનંદમાં ઝૂમી ઊઠી.

——————-

બધું આપણે પરીસ્થિતિને કઈ રીતે મુલવીએ છીએ, તેના ઉપર આધાર રાખે છે.

આપણે આમ જ, હંમેશાં આનંદમાં ઝૂમી ઊઠી.શકીએ તો?

માથામાં ત્રણથી ઘણા વધારે વાળ હોય તો?

બોડું કરાવી દો અને આ આનંદ માણો!

મતલબ કે, કામ વગરની મત્તા ત્યજતાં શીખીએ.

**પ્રજ્ઞા વ્યાસ**

So, listen, all you bald headed men,
Don’t be ashamed of your dome.
Don’t accept a blow to your chin
Just because you need no comb.
‘Cause next I say what the smart alack dreads
And all his remarks are smothered,
“God only made a few perfect heads
And those are the ones He uncovered”.

## ……. ૧૧ …….

મસ્તાના હાદજનો,

વાલીડા-ડીઓ આજકાલ કાંઈ ખીલે છે, હાસ્ય દરબારમાં! ઘણીવાર તો હાદમાં હદ કરી નાખે છે, પણ મજા તો ખરેખર ખૂબ પડે છે. Free Style કુસ્તી જેવું! હમ્બા દીધે જ રાખો, ફાવે તેમ અને ફાવે તેવું! દે ધનાધન… દે ધનાધન….

પણ હવે મૂળ વાતે આવું તો તમારા માટે હાહા- ૧૧ નું નજરાણું થોડા સમયમાં જ પેશે ખિદમત થશે. મધુર દાંપત્યજીવનના પ્રસંગો, કટાક્ષો, શબ્દચિત્રો, ઘર બહારનાં અને ક્વચિત ઘરની અંદરનાં ટીખળો, રમુજો, રિસામણાં, મનામણાં વગેરે વગેરે વગેરે (ત્રણ વખત વગેરે બોલાઈ/લખાઈ ગયું!) Auction ની જેમ એક વાર, બે વાર અને ત્રણ વાર; તો બીજી વાતો મેલો પડતી અને હાસ્ય હાઈકુ- ૧૧  કરો વાંચવા શરૂ …..

**ભર નિદ્રાએ**
**ફરી ગયાં પડખું!**

**કર્યા શું કિદ્દા!**

નોંધ:- તરબુચે છરી પડે કે છરીએ તરબુચ પડે, કામ તો એકનું એક હોયે!

## સંવાદ

---

### પ્રજ્ઞા વ્યાસ

ભર કોરટે,

બિન તંદ્રા સ્થિતિમાં,

થયાં તે છૂટ્ટાં!

હંમણા ઠંડે કલેજે છૂટાછેડા થાય છે. આમ લવાદ સાથે પણ હસતાં હસતાં દલીલ કરે !

———————————

ઊંચા હાથથી,

એકાગ્ર ચિત્તે મને,

કર્યો હલાલ !

### અતુલ જાની ( આગંતુક)

ભર બજારે

બાળક, પાડે માને

પ્રેમની બૂમો.

### સુરેશ જાની

દીધાં વચન,

સાથે જ જીવવાનાં,

ને ગયાં ફરી!

બાળને તીર
મારે, આ વિલિયમ,
રડે અંતર!

વિલિયમ ટેલ -મુસા નહીં !

### વલીભાઈ મુસા.

ભાયા,

પેલો William Tell બાણાવળી, William's Tales (વાતો) એક બ્લોગનું નામ, તેના લેખક William Musa (વટ-નામ), Valibhai Musa (દેશી ફોઈનામ), Tail (પૂંછડી), વાંદરાઓને લાંબી હોય, ઘરડો થાય તોયે ઘસાઈને ટૂંકી થાય નહિ, હા અકસ્માતે સાવ જાય ખરી, દેશવિદેશ જાય તોયે પૂંછડી તો સાથે ને સાથે જ હોય. ખૂટતી માહિતી પ્રજ્ઞાબેન પાસેથી મેળવી લેવી.

રાજસ્થાન છાપ ધન્યવાદ
(ધના ધન)

### ભરત પંડ્યા

બાશો – જાપાનીઝ ભાષામાં હાઈકુનો શ્રેષ્ઠ કવિ ગણાય છે. બાશોનાં બે હાઇકુ:

૧. old pond,
a frog leaps in
water's sound.

૨. The first cold shower,
even the monkey seems to want
a little coat of straw

ગુજરાતી ભાષામાં આ કાવ્યપ્રકારનું  ખેડાણ શ્રી ઝીણાભાઇ દેસાઇ –સ્નેહરશ્મિ એ કર્યું છે. તેમનાં થોડાં હાઇકુ –

ઝાપટું વર્ષી શમ્યું,
વેરાયો ચંદ્ર,
ભીના ઘાસમાં!

વ્હેરાય થડ :
ડાળે માળા બાંધતાં
પંખી કૂંજતાં!

હિમ શિખરે
ગયો હંસલો વેરી
પીંછાં રંગીન!

દેવદર્શને
ગયો મંદિરે : જુએ
વેણીનાં ફૂલ !

**…….. ૧૨ ……..**

મોટેરાં, સમોવડિયાં અને છોટેરાં હાદજનો,
કહળાં (કુશળ) હશો.

મારા હાહા-11 માં તો પેલી બાપડી ભર ઊંઘમાં હતી અને પડખું ફરી ગઈ, એમાં ક્યાં 'કિદ્દા' ની વાત આવી! વળી એ મૂઓ એટલો મોડા સુધી જાગતો હશે, ત્યારે જ તેણે આ દૃશ્ય જોયું હશે ને! વળી પાછો વિચાર આવે છે કે આપણે એ બિચ્ચારાની દયા ખાવી જોઈએ કે એક સત્તર અક્ષરના નાનકડા 'આત્મલક્ષી' હાઈકુડા માટે એણે રાત્યોના ઉજાગરા કર્યા! અહીં હું ફિલ્મો અને ટીવી સિરીયલોનો ચવાઈ ગએલો ડાયલોગ નહિ બોલું કે "'કુછ પાનેકે લિએ કુછ ખોના પડતા હૈ |"

મારા અધીરા વાંચકો વિચારશે કે આ જૂની રેકર્ડ કેમ વગાડી, તો મારે નવો નક્કોર ડાયલોગ ફંગોળવો પડશે

કે "કુછ નયા દેનેકે લિએ, કુછ પુરાના યાદ કરના પડતા હૈ |" ઈસ લિએ કે તેના સાથે હાહા-12 નું અનુસંધાન છે.

લેક્ષિકોનમાં 'કિટ્ટા' શબ્દ અને તેનો અર્થ મળ્યો, પણ તેના દુશ્મન (વિરોધી) નો શબ્દ ન મળ્યો; પણ, મારા UKG પૌત્રે મને 'બુચ્ચા' શીખવ્યું છે, જો તમે લોકો એ શબ્દને માન્યતા આપો તો! તમારી જાણ સારૂં કહી દઉં કે (કૌંસમાં) 1971 થી 2010 સુધીમાં હજુ પાકિસ્તાને બાંગલા દેશને માન્યતા આપી નથી! (કૌંસ પૂરો)
============
તો હાદજનો, મારા હાહા-12 માં 'કિટ્ટા'નું સાટું આ રીતે વળે છે :-

ડબલબેડ
અવ વિશાળ, ભીંસે
કોણ તથાપિ!

## સંવાદ

---

### સુરેશભાઈ જાની

સાચ્ચું કહુ ? ન સમજાયુ!
અમે હાદવાળા થોડી જાડી બુદ્ધિના!

### વલીભાઈ મુસા

એવું ક્યાં કંઈ પૂછ્યું કે 'સમજાયું?' હા, સાચું કહેજો, હવે કહો કે 'શું ન સમજાયું?' અમે કંઈ હાદબહારના નથી!

છેલ્લી વાત બુદ્ધિની! નસીબદારને જ જાડી બુદ્ધિ મળે, પાતળી તો વાપરવાથી વહેલી ઘસાઈ જાય!

ક્યા ખયાલ હૈ ? ઈંટકા જવાબ ઈંટવાડેસે મિલા કે નહિ? ઔર દુસરી બાત કિ પથ્થરકા જવાબ પહાડસે ભી મિલ સકતા થા !!!

## સુરેશભાઈ જાની

લો, બહુ ટોણા માર્યા તી હમજવા કોશીશ કરી! આમ રાખો તો?

ડબલબેડ
અવ વિશાળ, ભીંસે
કેમ તથાપિ!

## વલીભાઈ મુસા

ઘોડાગાડીઓના એ દિવસો યાદ આવે છે. જૂના કાલુપુર રેલ્વે સ્ટેશનેથી કુવારા (માણેકચોક) બે આનામાં સવારીના ભાવે જતા! પાંચ જણે ઘોડાગાડી ઉપડતી. અમે ભાઈઓ ખુલ્લામાં ઘોડાગાડીવાળા પાસે બેસવા ઝગડતા! અમારા પિતાજી જવાના અને વળવાના વારા બાંધી આપતા!

ફિલાડેલ્ફિયામાં મોરલી જેવા પગવાળા ઘોડાગાડીના ઘોડા જોએલા. અમે કાન સરવા કર્યા હતા, પણ અમને મોરલીનો અવાજ સંભળાયો ન હતો!

ભલા માણસ, તમે ત્યાં બેઠા બેઠા એવી તો કેવી Telepathy ની રમત રમાડો છો કે મારે ગુજરાતની જૂની રાજધાનીમાંથી અમેરિકાની જૂની રાજધાનીએ કલ્પનાના ઘોડે બેસીને આવવું પડ્યું!

હાશ! હવે જાદુની અસર નાબુદ થઈ અને લ્યો અહીંથી અટક્યો!

## વલીભાઈ મુસા

મોરલી' એટલે 'મદારીની મોરલી' જે વચ્ચે ફૂલેલી હોય! ઘોડાઓની એવી ઓલાદ(વંશ) મેં ત્યાં જોએલી કે તેમના પગ અન્ય ઘોડાઓના હોય તેનાથી સાવ જુદા જ હતા અને પ્રવાસીઓ માટેની ઘોડાગાડીઓને જોતરેલા હતા.

## વલીભાઈ મુસા

જાગો, સુરેશભાઈ, જાગો. ઘોડાઓની હણહણાટીથી તો ન જાગ્યા, પણ હવે પ્રજ્ઞાબેને પાવરથી ચાલતી ઘોડાગાડીની વાત કરી અને તમે Powe NGnear હોવા છતાંય હજુ જાગતા નથી!

**સુરેશભાઈ જાની**

પડદાય તમે ખોલો અને ભપ્પોય તમે વગાડો! ચોરને કે' ચોરી કર ને પોલિસને કે' પકડ!

પણ હાદ એટલે હાદ. ન્યાં કણે હંધુંય હાલે, પણ અમૂક તો નો જ હાલે.

ગુજરાતની જૂની રાજધાની? આ ન સમજાયું. ઈતિહાસ ઊખેળી આપો!

ફિલા.ની વાત તો ખબર છે. લિબર્ટી બેલ પણ જોયો છે.

**વલીભાઈ મુસા**

ગાંધીનગર પહેલાં (જૂની) રાજધાની અમદાવાદ હતી, ફિલા પણ જૂની. ઘોડાગાડીઓની વાત પણ જૂની. આમેય બે પગાળા ધોળા ઘોડા પણ મે ફ્લાવર નામના વહાણમાં બેસીને ઈંગ્લેન્ડથી અમેરિકા આવેલા ને! આ ધોળા ઘોડાઓએ તો દુનિયાની ભૂગોળ અને ઈતિહાસ બદલી નાખ્યાં. ઈંગ્લેન્ડની જેલો ઊભરાવાના કારણે જ તો બસ્સો જેટલા ખૂંખાર કેદીઓને વહાણમાં ઓસ્ટ્રેલીઆ ધકેલી દીધા હતા. આ બધી તો ઈતિહાસની વાતો! મારા એક મરહુમ મિત્રને શોખ અને તેમની પાસેથી આ બધું સાંભળેલું, પણ આપણે તો ભણતા હતા ત્યારથી આ બધા વિષયો સાથે બારમો ચંદ્રમા!

**સુરેશભાઈ જાની**

વલીભાઈ,

ઇતિહાસ મારો બહુ જ પ્રિય વિષય છે. ધોળા ઘોડાઓએ બધે કરેલું ભેલાણ બહુ કુખ્યાત છે. પણ એક વાત તો કબૂલવી પડશે કે, વિશ્વની કાયાપલટ એમણે જ કરી છે. બાહ્ય તેમજ માનસિક.

## …….. ૧૩ ……..

બ્લોગ જગતમાં હાસ્યનો હાહાકાર મચાવતા હાદજનો,

આજે તો હાઈકુ પ્રથમ આપીને ગપસપ પછી રાખી છે. આમેય મને ખબર તો પડી જ ગઈ છે કે વાંચનમાં તમે બધાં એમ જ કરો છો!

કોલ દીધેલ
રોટલા ટીપવાના,
પેઈંગ ગેસ્ટ!

વિધિની વક્રતા તે આનું નામ! પ્રેયસીએ પ્રણયફાગ ખેલતાં ખેલતાં પ્રિયતમને વચન તો આપી જ દીધું હતું કે 'તારા રોટલા તો હું જ ટીપીશ!' અને સાચે જ એમ બનીને જ રહ્યું! ભાઈને પેલી બાઈના ત્યાં પેઈંગ ગેસ્ટ તરીકે જમવાના દહાડા આવ્યા, કેમ કે તે પરાઈ થઈ ચુકી હતી! વિધાતા પણ કેટલીક વાર ભક્તજનોની પ્રાર્થનાઓના વાચ્યાર્થ પકડીને એમનું યાચેલું જરૂર આપે છે, પણ અન્ય સ્વરૂપે! આવા હજાર દાખલા સાંભળવા મળશે, પણ અહીં સ્થળસંકોચના કારણે 998 પડતા મૂકું છું.

એક જણાએ એવું માગ્યું કે મને એવો ધનિક બનાવ કે હું નોટો ગણતાં થાકું અને ભાઈને પહેલા જ ઈન્ટરવ્યુએ બેંકના કેશિયરની નોકરી મળી ગઈ. તો વળી બીજા એક ભાઈને ટ્રાફિક પોલીસની નોકરી એટલા માટે મળી ગઈ હતી કે તેમણે ઈશ્વરને પ્રાર્થના કરી હતી કે તેમની આગળ અને પાછળ ગાડીઓ જ ગાડીઓ હોય!

આ હાઈકુ આપવામાં હસાવવાનો હેતુ ઓછો છે, પણ સલાહનો હેતુ વધુ છે કે ઈશ્વર પાસે કોઈ વરદાન માગો તો ચારેય બાજુની બધી જ શક્યતાઓનો ખ્યાલ રાખજો, નહિ તો મનની મનમાં જ રહી જશે!

સંવાદ

---

**પ્રજ્ઞા વ્યાસ**

શેડવો શાક
સાત પાણી રોટલા

ખવાય લોજે !

દરબારી રસોડે બનતાં બાજરાના રોટલા માટે કહેવાય છે કે સાત પાણીનો રોટલો અને એક પાણીનું શાક એ કાઠી ખાનપાનની મજા છે. શાક વઘારો પછી એક જ વાર પાણી નાખીને શેડવો એ ખૂબ જ સ્વાદિષ્ટ બને. કાયમ બનાવતા હોય એને માપનો ખ્યાલ હોય જ. બાજરાના રોટલાને ઘડતાં પહેલાં કુંભારે બનાવેલી કથરોટમાં પાવલીભાર મીઠું ઓગાળે, પછી ટોયું લોટ નાખે, અને ચુલે મૂકેલું ગરમ પાણી કથરોટમાં નાખે, જેથી 'વક્ર' આવે પછી મહળવાનું શરૂ કરે. જેમ મહળાય એમ લોટ કઠણ થાય. પછી પાણીનો છંટકારો આપે. ફરી વખત મહળે એમ સાત વખત પાણી આપે. પછી રોટલાને ટીપે. એક સરખો ગોળ ઘડાયા પછી ઝડપથી તાવડમાં એવી રીતે નાખે કે એમાં હવા ન રહે. હવા રહી જાય તો ભમરા પડે. આ ભમરા માટે કણબી પટેલોમાં કહેવાય છે કે દીકરી બાજરાના રોટલા ઘડતાં શીખતી હોય અને ભમરો પડે તો મા એને તરત જ સંભળાવે છે, 'આ ભમરાળો રોટલો તારો બાપ ખાશે પણ તારો હહરો નઈં ખાય.' કાઠિયાણી રોટલો સેડવે એ વખતે ચાકુથી, આંગળિયુંથી કે તાળાની પોલી ચાવીથી ભાત્ય પાડે છે અને મઈં ઘી ભરે છે.

બલિહારી તુજ બાજરા, જેનાં લાંબાં પાન;<br>
ઘોડે પાંખું આવિયું, બુઢ્ઢા થયા જુવાન.<br>
હવે તો દરબારના મહેલ થયા હૉટલ..<br>
એટલે એ ખવાય જમવાના મેજ પર!

અમારા વલી  વલીભાઈની નકલ કરી છે. નકલમાં અક્કલ ક્યાં ? એ રીતની રમુજ........

**વલીભાઈ મુસા**

પ્રજ્ઞાબેન,

બાજરીના રોટલા બનાવવા એ 65મી કલા છે! મારાં મલુકમા બાજરીના લોટમાં ઘઉંનો લોટ ભેળવ્યા વગર કલેડામાં ધીમા તાપે રોટલો શેકતાં જે લુખો પણ ખાતાં મીઠો લાગતો. પછીની

પેઢીનો સ્ત્રીવર્ગ ઘઉંનો આટો ભેળવે તો જ રોટલો ઘડી શકે તેવી સ્થિતિ આવી. હાલની તૃતીય પેઢીની સ્ત્રીઓ તો બાજરીમાં ચોખા ભેળવીને જ દળણું કરાવે છે અને ઓરસ ઉપર ઘઉંના રોટલાની જેમ વણે છે, કેમ કે તેમને હાથોમાં ઘડતાં ફાવતું નથી હોતું. આમ છતાંય સ્વીકારવું પડે કે આ રીતે બનેલો રોટલો પણ ભાખરી જેવો ચાવવામાં સરળ પડતો હોય છે અને સ્વાદિષ્ટ પણ લાગતો હોય છે.

**પ્રજ્ઞાબેન વ્યાસ**

યોગ અગ્નિએ,
જ્ઞાનેશ્વરે બરડે
રોટલા શેક્યા !

વાત તો જાણીતી છે. તે સમજવાની તૈયારી વગર રેશનાલિસ્ટો કૂદી પડશે! અને પ્રગટશે હાસ્ય!

**વલીભાઈ મુસા**

એ તો ભરતભાઈ, વ્યવહાર ખાતર એવું લખાય; પણ, સૂક્ષ્મ હાસ્ય રસ તો હોય જ! આ પેટ પકડીને ન હસાવે, પણ મરકમરક તો કરાવે જ!

એક હોટલમાં ગ્રાહકે ગલ્લે ફરિયાદ કરી, 'ચામાં માખી આવી!' ગલ્લાવાળાએ પેલાને એમ કહીને પટાવી દીધો, 'ભલા માણસ, બે રૂપિયાની ચામાં માખી જ આવે, કંઈ હાથીઘોડા ન આવે!'

સત્તર અક્ષરમાં 'ભદ્રંભદ્ર' કે 'અમે બધાં' ન આવે!' શું કિયો છો, મારા ત્રણેક વર્ષ મોટા વડીલ બંધુ!

**સુરેશભાઈ જાની**

આ હા.દ. છે; અહીં કોઈ હાદસા નથી! માત્ર રસિકજનો ગમ્મત સાથે જ્ઞાનચર્ચા પણ કરે છે. દરેકના વિચાર અલગ અલગ જ હોવાના. ચર્ચા મુક્ત મનથી કરીએ, તો જ વિચાર વિનિમય અર્થવાળો બને.

અહીં મોટે ભાગે રા.ત્રિ. ; વ.મુ. , પ્ર,વ્યા. અને ભ.પ. જ ચર્ચા કરતા જણાયા છે અને સૌ આ બાબતે સાવ સ્પષ્ટ છે.

વલીભાઈના હા.હા. એ અમારા માટે સૂક્ષ્મ વિનોદ સાથે આવી ચર્ચા કરવાનું પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. એમનો તો હા.દ. વતી આભાર માનું એટલો ઓછો. અત્યાર સુધીમાં 1000 જેટલી પોસ્ટ અહીં મૂકી છે; પણ એ બધામાં સૌથી વધારે ચર્ચા ‘હાહા’એ જગાડી છે. આ જ એની સફળતા બતાવે છે.

બીજું, હાસ્યના અનેક પ્રકાર હોય છે. હાહા એ એક નવો ચીલો પાડ્યો છે. આ પ્રકાર રચવો પ્રમાણમાં થોડો સહેલો છે; આથી મારા જેવા અ-કવિઓ પણ હાહા બનાવતા થયા છે. 17 જ અક્ષરોથી વિનોદ અને વિચાર સર્જવો એ એટલું જ કઠણ કામ પણ છે. અમે સૌ વલીભાઈની આગેવાની નીચે આ શીખી રહ્યા છીએ.

તમે જે વેપારની વાત કરી; તે કોઈની સામે અંગત આક્ષેપ નથી, નથી ને નથી જ. માત્ર સંપ્રદાયો દ્વારા ચલાવાતા ધર્મ અને શ્રદ્ધાના વેપાર સામે જ મેં રોષ પ્રગટ કર્યો છે. અને મુદ્દો તો પ્રજ્ઞાબેનના હાઈકુ સામે પ્રતિ હાઈકુ બનાવવાનો હતો. આમાં તમે તો ક્યાંય ટાર્ગેટ નથી! અને પ્રજ્ઞાબેન પણ નથી. ચમત્કારો સર્જી જનતાને ભોળવતા ઠગો પણ હોય છે. જ્ઞાનદેવ જેવી વિભૂતિ એ તો દેશનું ઘરેણું છે, પણ બીજા ઠગો અને પિંઢારા જ્ઞાનદેવો કરતાં અગણિત સંખ્યામાં છે અને તેઓ જનતા પર શાસન કરવા અને મેવા લૂંટવા પ્રતિબદ્ધ છે. એમની સામે મારો રોષ છે, છે અને છે જ. કદાચ પ્રજ્ઞાબેનને પણ છે – જો હું તેમને બરાબર સમજ્યો હોઉં તો!

આશા રાખું કે આ ખુલાસો પ્રતીતિકર લાગશે.

**પટેલ પોપટભાઈ**

તમને બધાંને મારાં પોતાનાં સમજી વગર કહ્યે આવી ગયો. બચેલું-કચેલું, કાચુંપાકું જે હશે તે ચાલશે. મારી ફિકર નહીં. ખૂણામાં પડ્યો રહીશ!

**……. ૧૪ …….**

હાદકલાપીનાં પિચ્છસમ સૌ નરનારી,

જય હો!

એકાદ મહિનાનો વિરામ સહેતુક હતો. અનેક પીછાં મળીને જ કલાપ બને, એકલદોકલ તો પીછું જ રહે!

મિત્રાદિજનો તરફથી પણ હાસ્યને નિરૂપતાં પોસ્ટરૂપે કે કોમેન્ટ રૂપે સરસ મજાનાં હાઈકુ મળ્યાં, આ વિરામના કારણે જ તો! ચન્દ્ર જેવા મુખવાળા ભાઈનાં પ્રશસ્તિ કાવ્યોની ધ્રુવ પંક્તિ જેવા કવનપ્રયાસ રૂપે કહું તો “હાસ્ય દરબારનાં હાસ્યહાઈકુને કોણ ન જાણે ? (Take!)”

હવે પ્રસ્તાવના અને ઉપસંહારની વચ્ચે જ હાઈકુને દબાવીને ‘દાબેલી’ બનાવી લઈએ :

નખ કરડે
થૈ તલ્લીન તું, આવે
વાનરી યાદ!

હાસ્યરસના કવિડા, જોકડા કે લેખકડાઓની એક બૂરી આદત હોય છે કે ઓછા કે વત્તા પ્રમાણમાં ઘરવાળી કે ઘરવાળાં બાપડાંઓને પોતાની રચનાઓમાં ઘસડી લાવે. અહીં પણ એ પરંપરાને જાળવવા આ હાઈકુડો જાણીજોઈને પેલી બાપડીને Nail Cutter લાવી આપતો નથી, એટલા માટે કે કોઈક દિવસ દાંતથી નખ કરડે તો મોટી કોઈ કવિતા નહિ તો છેવટે હાઈકુ પણ લખી કાઢી શકાય. પણ એ ભાઈ હાસ્યહાઈકુના રસિયાઓને મનોરંજન પૂરું પાડવાની લ્હાયમાં એ પણ ભાન ભૂલી ગયા કે પરોક્ષ રીતે તો તેઓ પોતે પણ ચાર્લ્સ ડાર્વિનના ઉત્ક્રાંતિવાદનો વિષય બની રહ્યા છે!

## સંવાદ

**પ્રજ્ઞા વ્યાસ**

વાનરવેડા

વાનરી અવલેહ

પીધો શું આજે ?

(વાનરી =કૌંચા, આત્મગુપ્તા, મર્કટી, કેવાંચ.)

..............................................................

નશો કરેલા,

ખેંચની વ્યાધિવાળા

મન વાનર !

(આ રીતે ઘણાએ મનનું વર્ણન કર્યું છે)

**સુરેશ જાની**

માત્ર રાત્રિએ અને જાહે મને જોયેલો છે. હાદ પરના બીજા કોઈએ નહીં. ( રાત્રિ – ડો. રાજેન્દ્ર ત્રિવેદી, જાહ – જાની હરનિશ)

અને હું પણ એ વાનર !!

————————

હું ય વાનર!

ઊરાંગ ઊટાંગનો,

દુષ્ટ વારસા!

**વલીભાઈ મુસા**

સુરેશભાઈ,

'ઊરાંગઊટાંગ' નો પાકા પાયે અર્થ જાણવા લેક્ષિકોનનો પટારો ખોલ્યો, પણ કંઈ મળ્યું નહિ; ત્યાં તો ઊંઝા તરફથી પવન ફૂંકાયો અને ખાધાજીરાની સુગંધ આવી. 'ઉરાંગઉટાંગ' છાપવાથી અર્થ

મળ્યો, 'ઊભો ચાલી શકે તેવો એક જાતનો વાંદરો'. પછી તો ભાઈ, તમારા 'અવલોકન' જેવી પટ્ટી ચાલુ થઈ ગઈ. રાંગ = ટાંગ = ટાંટિયો = પગ; વાહ, ભાઈ વાહ! મજા પડી ગઈ! થયું, લાવ ને આ બધું અહીં લખી કાઢું અને લખ્યું. વાત બધી Logical (તાર્કિક) છે કે પછી 'ઉટાંગપટાંગ' ? જે હોય તે, બાપલિયા લખજો હોં કે!

**પ્રજ્ઞા વ્યાસ**

સંગીતકાર ઉરાંગ ઉટાંગ દ્વારા અવાજ ઉત્પન્ન કરવા માટે પણ સાધનનો ઉપયોગ કરવાની ક્ષમતા હોવાનું પ્રથમવાર જાણવા મળ્યું હતું. વન અધિકારીઓના મતે સામાન્ય રીતે ઉરાંગ-ઉટાંગ પાણીથી ખૂબ જ ગભરાય છે. તેમાંય પૂરના ધસમસતાં પાણી જોઇને આ મા-બાળક વૃક્ષ પર ભૂખ્યાં-તરસ્યાં ફસાયેલાં હતાં.ફલિત થાય છે કે ઉરાંગ-ઉટાંગ પણ કેટલું સમજદાર હોય છે અને તેની અંદર છુપાયેલી માની મમતાનાં પણ દર્શન થાય છે. સાઉથ કેરોલિના સેન્ચ્યુરીમાં ઉછરી રહેલા ઉરાંગ-ઉટાંગ તેમજ શ્વાનની દોસ્તી આજ કાલ ચર્ચાનું કેન્દ્ર બની ગઇ છે. ઉરાંગ-ઉટાંગ એ આ અભયારણ્યમાં 'Animal Ambassador' તરીકે ફરજ બજાવે છે. ઉરાંગ ઉટાંગ સાથે તો બેસીને ફોટા પણ પડાવી શકાય છે.

હુંય વાનર!
ઊરાંગ ઊટાંગનો,
દુષ્ટ વારસ!

અરે! આ પૂર્વજ તો માનવ કરતાં પણ ..

નખ કરડે
થૈ તલ્લીન તું, આવે
વાનરીયાદ!

**કલ્પેશ સોની**

વલૂરતો તું,
પીઠ તારી સતત,
વાંદરો જાણે!

**…….. ૧૫ ……..**

**ઘૂંઘટ ખોલે**
**શૌહર, શરમાતાં**
**શરમ આવે!**

મારા હાઈકુનો નાયક છે, શૌહર (ફારસી) – જો જો પાછા મેં 'ફારસી' શબ્દ ભાષા દર્શાવવા મૂક્યો છે, એટલે એને ફારસ કરવાવાળો (નાટકિયો) એ અર્થમાં લેતા નહિ! 'શૌહર'ના શબ્દકોષે અને મુખવચને ઘણા અર્થ થાય છે – જેવા કે સ્વામી, પતિ, વર, ધણી, ભરથાર, માટીડો, પિટ્યો, રોયો, એવા એ, અલ્યા એય, તમારા ભાઈ, સંતાન હોય તો બાબલાના બાપા (ચોથા ભાગની બા), કહું છું, સાંભળો છો કે, અંગ્રેજીમાં Husband જેનો ધોકલાં ધબેડીને ગુજરાતીમાં એવો ભાવાર્થ લાવી શકાય કે જે હસતાં હસતાં બંડ પોકારે (જા, આ હું નથી કરતો એમ કહીને!), ખાવિંદ (ખાWind – હવા ખા, હવા!) – 'બસ, બસ ઘણું થઈ ગયું; હવે આગળ વધશો કે!' એવું તમારા વાંચકોના કોઈકના ગેબી અવાજે સંભળાયું હોઈ હવે તો મારે આગળ વધવું જ પડશે.

જૂની કોઈક હિંદી ફિલ્મની કડી 'ઘૂંઘટ નહિ ખોલુંગી,સૈયા તોરે આગે!' પેલી બાઈડી બબડી કે એવો આભાસ થયો સમજીને એ શૌહરભાઈ મનમાં 'જાતમહેનત ઝિંદાબાદ' કહીને તેણીનો ઘૂંઘટ ખોલે છે. હવે પેલી બાઈ પક્ષે વેવાર તો એ કહે છે કે તેણે શરમાવું પડે! પણ જિંદગીમાં પહેલુંવહેલું શરમાવાનું આવ્યું અને પાછો શરમાવાનો કોઈ અનુભવ પણ નહિ (કેમ કે એ મૂઓ પહેલો જ ધણી હતો), એટલે બાપડીને શરમાતાં શરમ તો આવી, છતાંય શરમાતાં શરમાતાં પણ તે શરમાઈ ગઈ –ઝખ મારીને તેને શરમાવું પડ્યું! મનોમન બોલી પણ ખરી, 'શું કરીએ બાઈ, બધી કન્યાઓની જેમ શરમાવાનો વેવાર તો કરવો પડે ને! બાકી આ બેશરમ ગધેડાએ આ પરણવાના દહાડા લાવવા પહેલાં એટલી બધી ડેટીંગ અને વાતચીતની ફેંકંફેંક બેટીંગ કરી કે શરમાવાનું કંઈ બાકી રાખ્યું જ નહિ!'

મારા આ વિષયે સુજ્ઞ વાંચકો (જવલ્લે જ કો 'અજ્ઞ' હશે!) તૂટી પડો મારા હાઈકુનું પિષ્ટપેષણ કરવા. અહીં Free Style કુસ્તી જેવું છે, જેને જેમ ફાવે તેમ આનું વિવેચન કરવાની છૂટ છે. તમારે 'હાઈકુ' ના વધુ અભ્યાસ અર્થે જાપાન જવાની જરૂર નથી, કેમ કે આપણે તમામ ભારતીય ભાષાઓમાં 'હાઈકુ' નું ખેડાણ કરવામાં એટલા બધા આગળ નીકળી ગયા છીએ કે જાપાનીઓને આપણાં હાઈકૂઓનો અભ્યાસ કરવા અહીં આવવું પડે તેવો તખ્તો પલટાઈ ગયો છે!

ધન્યવાદ! (આ પણ એક વેવાર જ છે ને!)

## સંવાદ

---

**પ્રજ્ઞા વ્યાસ**

વિદાય વેળા,
શ્રાવણભાદરવો
આંખે વરની!

---------------

માયા ઘૂંઘટ-
પટ ખોલતાં, જીવે
શિવદર્શન

**વલીભાઈ મુસા**

વાહ, પ્રજ્ઞાબેન!

આજકાલ ઘરનાં કે હોટલોનાં રંગરોગાનમાં Contra Color નો Trend ચાલી રહ્યો છે. પહેરવેશમાં પણ તેનો ચેપ ગયો છે! સાહિત્યમાં પણ આમ કરવાના પ્રયોગો થઈ રહ્યા છે. Photography માં પણ આવા વિરોધાભાસી Shot લેવાય છે. આ બધું લખ્યા પછી હવે આપનાં કોમેન્ટમાંનાં બે હાઈકુ ઉપર આવું છું.

વિદાય વેળા,

શ્રાવણભાદરવો

આંખે વરની!

(રોતલ માટીડો જીવનની કઠોરતાઓનો શી રીતે સામનો કરશે! એણે એવું ન કહેવું જોઈએ, સાસુસસરાને કે, બસ બસ, હવે તમારી લાડલીને ઘરે જ રાખો! તમારાં બધાંનું દુ:ખ મારાથી નથી જીરવાતું!)

તો વળી સાવ સામેના છેડે આધ્યાત્મિક વિચારવાળું મનનીય કાઈકુ!

માયા ઘૂંઘટ

પટ ખોલતા, જીવે

શિવદર્શન

(શું ટિપ્પણી કરું! આ હાઈકુ પોતે જ ઘણું કહી જાય છે!)

## …….. ૧૬ ……..

**સજ્જ ઘરેણે!**

**મોબાઈલ શોરૂમ!**

**પિયુ જૌહરી!**

આ કોઈ નક્લી ઝવેરાત (અમેરિકન ડાયમન્ડ)ના જમાનાની વાત નથી. ગુજરાતના ગાયકવાડ સ્ટેટ (બરોડા સ્ટેટ)માં ચોરીચખાલીની બાબતમાં લોકો સલામત હતા. ગાયકવાડ મહારાજાની એટલી બધી હાક હતી કે એમ કહેવાય છે કે બકરીના ગળામાં સોનાની હાંસડી પહેરાવીને  તેને ચરવા છૂટી મૂકી દીધેલી અને કોઈ ચોરની માના લાલની તાકાત નહોતી કે એ હાંસડીની ઊઠાંતરી કરે!("દેખ બિચારી બકરીનો પણ કોઈ ન પકડે જાતાં કાન, એ ઉપકાર ગણી ઈશ્વરનો, હરખ હવે તું હિંદુસ્તાન!" પંક્તિવાળી એક જૂની કવિતા કોઈને યાદ આવે છે કે?)

આ પૂર્વભૂમિકા આપવી એટલા માટે જરૂરી લાગી કે આ હાઈકુના સંદર્ભે કોઈ માઈનો લાલ એવી શંકા ન ઊઠાવે કે એ ભાયડો પોતાની બાઈડીને ઘરેણેથી લાદીને  આમ કેવી રીતે બહાર ફરવા લઈ જઈ શકે? હાસ્ય દરબારનાં 10

અ અને 10 બ ક્રમવાળાં Twin Jewels (Mr. Liar અને Mr. Lawyer) ને તો ખાસ તાકીદ કે અહીં એવી કોઈ આડીઅવળી દલીલબાજીમાં ઊતરે નહિ, હા શું કહ્યું?

લ્યો, હવે આપણા હાઈકુના પાટે ચઢીએ તો અસલી રહેમતુલ્લા સો ટચના સોનાનાં ઘરેણાંથી લદાએલી સાવ જુવાનડી સાંઢણી જેવી એ બાઈડી નખશિખ સોને મઢેલી નિર્ભયતાપૂર્વક હાલી જાય છે અને આ હાઈકુકાર (વલદાભાઈ)ની કલ્પના તો એવી તોફાને ચઢી અને એમને તો એમ જ દેખાવા માંડ્યું કે એ સજ્જ ઘરેણે બાઈડી એ માત્ર બાઈડી જ નહિ, પણ જરઝવેરાતનો કોઈ મોબાઈલ શોરૂમ જાણે કે રસ્તે ફરી રહ્યો હોય અને સાથે ચાલી રહેલો તેનો પિયુ એટલે કે પ્રીતમ એટલે કે ભાઈડો, એટલે કે … એટલે કે જે ગણો તે… જાણે ઝવેરી ન હોય! "Macanas Gold" મુવી જેમણે જોયું હશે, Arabian Nights ની અલીબાબા ચાલીસ ચોરની વાર્તાઓમાં જેમણે સોનાના ખજાનાઓ વિષે વાંચ્યું હશે અને Gold Bug માંની સાંકેતિક ભાષામાં ખજાનાની શોધ માટેની ચિઠ્ઠી જેમણે વાંચી હશે, તેમના ગળે આ હાઈકુની નાયિકારાણીનાં ઘણામાં ઘણાં માત્ર એકાદ બે કિલોનાં ઘરેણાંની વાત સાવ આસાનીથી ઘીથી લથબથ શીરાની જેમ ગળે ઊતરશે જ તેમ માની લેવાનું મન મનાવીને હું મારી મરજીથી અત્રેથી વિરમું છું! તથાસ્તુ!

ધન્યવાદ!

(ખાસ આ રાજસ્થાની શબ્દ એટલા માટે પ્રયોજું છું કે રાજસ્થાની લોકોને સોનું ખૂબ પ્રિય હોય છે!)

## સંવાદ

---

**સુરેશ જાની**

આ પૂર્વભૂમિકા આપવી એટલા માટે જરૂરી લાગી કે આ હાઈકુના સંદર્ભે કોઈ માઈનો લાલ એવી શંકા ન ઊઠાવે કે એ ભાયડો પોતાની બાઈડીને ઘરેણેથી લાદીને આમ કેવી રીતે બહાર ફરવા લઈ જઈ શકે?

લો! આ માઈનો લાલ ઉવાચ ..

બે જણ ડાહ્યાં હોય તો….

આ જ દેખાવ બહુ ઓછા ખર્ચ અને વજનવાળાં નકલી ઘરેણાંથી પણ કરી શક્યા હોત. અરે! તમારી નાયિકારાણીનાં ઘરેણાંના સોનાનો ટેસ્ટ કરાવ્યો ‘તો? એ બનાવટી જ હશે. ફિલ્મોની મહારાણીના શણગારની જેમ !!!

**ભરત પંડ્યા**

બધ્ધાં ઘરેણાં ઘરાકોનાં હશે!
વલીભૈનાં  વા ને પાણી !

**વલીભાઈ મુસા**

સુરભાજી અને ભભાજી,

તમને બંનેને તો શું કહેવું? એક કહે છે ઘરેણાં નકલી હશે અને બીજા કહે છે એ તો ઘરાકોનાં હશે! અરે ભાઈ, એ ઘરેણાંને, પેલી બાઈને અને પેલા ઝવેરીભાઈને વલભૈ સાથે કોઈ લેવાદેવા નથી! વાંચો બાપલિયા, ફરીથી “આ હાઈકુકાર (વલદાભાઈ)ની કલ્પના તો એવી તોફાને ચઢી અને એમને તો એમ જ દેખાવા માંડ્યું કે....”

સુરભાજી, તમે તો વિજ્ઞાનના માણસ છો. પેલી બાઈનાં ઘરેણાં પાણીમાં ડુબાડીને કદ અને વજનના આધારે ઘનતાના નિયમનો ઉપયોગ કરીને સોનાની શુદ્ધતા ચકાસી લેજો.

ભભાજી, લાડવા બનાવવા માટે પાણી અને ગામડાંઓના ચુલાઓમાં બળતું પેટાવવા માટે એકલી ભૂંગળી નોં ચાલે મારા ભૈ! વા (હવા) તો ફેફસાં ફુલાવીને પણ કાઢવી જ પડે. આમ વા અને પાણીનું મહત્વ ઘી, આટા અને ગોળથી ઓછું આંકતા નહિ.

જોજો પાછા બધા પહેલાંની જેમ લાડવાના રવાડે ચઢી જતા નહિ! બુઢાપેમેં સેહતકે લિએ લડ્ડુ અચ્છે નહિ!

**ભરત પંડ્યા**

બધ્ધાં ઘરેણાં ઘરાકોનાં હશે!
વલીભૈનાં વા ને પાણી!

સુરભાjee,ભભાજી ને વલીભાjee માં એક સામ્યતા-

આજના ભાવમા સોનું કલ્પનામાં જ ખરીદી શકે !

(આ ત્રણ ભાજી એટલે કે મેથી,પાલખ જેવી નથી = નામ છે)

**…….. ૧૭ ……..**

‘સાંભળો છો કે!’

સાંભળવાનું ગમે

થઈ બધિર!

તમે સાંભળો છો કે નહિ?’ ધ્રૂવપંક્તિવાળું સ્થાનિક સમાજમાં પ્રચલિત એવું એક નિર્દોષ લગ્નગીત છે. નિર્દોષ એટલા માટે કે ફટાણા (Nasty) પ્રકારનું બીભત્સ કે અશ્લીલ એ ગીત ન હોવા ઉપરાંત અન્ય કોઈ એવું એકેય લગ્નગીત આ સમાજમાં સાંભળવા નહિ મળે કે જે લોકમર્યાદાનું ઉલ્લંઘન કરતું હોય કે કોઈ ઔચિત્યભંગ થતો હોય! ‘તમારા શેંને ફૂટ્યા કાન? તમે સાંભળો છો કે નહિ?’ આગળ વળી આવે છે ‘અમે તો કહી કહીને થાક્યાં, તમે સાંભળો છો કે નહિ?’ લગ્નપ્રસંગે વર અને કન્યાપક્ષે નિર્દોષ આનંદ લૂંટવા માટે સવાલ-જવાબ રૂપે આવાં ગીતોની રમઝટ બોલાતી હોય છે.

‘હાસ્ય દરબાર’ ના મારા વિદ્વાન વાંચકોને મારી ઉપરોક્ત પ્રસ્તાવના કદાચ અપ્રસ્તુત લાગશે, પણ મારા મને એ સહેતુક છે; એટલા માટે કે પેલી કન્યા આ લગ્નગીતની ધ્રૂવપંક્તિને જીવનભર પદ્યમાં તો નહિ, પણ ગદ્યમાં પોતાના પતિને સંભળાવ્યે જ રાખે છે. ‘સાંભળો છો કે!’ એ Three in one વિધાન છે. એક, નામ બોલવાના વિકલ્પે અધ્યાહાર સંબોધન; બે, પોતાની વાત ધ્યાનથી સાંભળવામાં આવે તેવી તાકીદ; અને ત્રણ, કાં તો સાચે જ પતિમહાશય બધિર (બહેરા) હોય પણ ખરા!

પરંતુ, આપણા હાઈકુHero તો ‘સાંભળો છો કે!’ વારંવાર સાંભળવા માટે જાણી જોઈને બહેરા થવા ઈચ્છે છે. કારણ? કાં તો પેલી બહેનડ કોકિલકંઠી હોય, કાં તો પછી તે ગળે રૂપાની ઘંટડી બાંધીને ફરતી હોય; જે હોય તે, પણ ભાઈજીને ભાર્યાનો મધુર અવાજ સાંભળવો ગમે છે. તો વળી સામા પક્ષે જીવનભર કોઈ મનોવૈજ્ઞાનિક પ્રયોગ તો કરવામાં નહિ આવી રહ્યો હોય કે પેલા ભાઈ ખરે જ માનસિક રીતે બહેરા થતા જાય કે જેથી દાંપત્યજીવનમાં તેમનું બોલવાનું ઓછું થતું જાય અને તેઓશ્રી પેલી ચતુર નારના કહ્યાગરા કંથ બની રહે!

## સંવાદ

**સુરેશ જાની**

હાઈકુHeroમાંનો એક એવો હું ... સાવ તો નહીં પણ 10-20 % બહેરો ખરો હોં! મારી ઈવડી ઈની વાત નથી સંભળાતી એમ કહી, સરસ મઝાની છટકબારી ગુમાવવી શીદ પાલવે?

એટલે મેડિકેરમાં મળેલું હિયરિંગ એડ પણ માત્ર પાર્ટીઓમાં જ પહેરું છું !!!

જોકે લગ્ન થયાં ત્યારથી આ સંવાદ કોઠે પડી ગયો છે. એ જ મારે માટે સંબોધન હતું. પણ અહીં આવ્યા બાદ હવે ઈવડી ઈનો પણ ....દાદો !!!!

છોડી બ્લોગિંગ,<br>
થઈ ગયો બધિર!<br>
નવરો ધૂપ!

**પ્રજ્ઞા વ્યાસ**

બધિર પુત્રો,<br>
લઈ તાલીમ માએ,<br>
ઊછેર્યાં બાળ!

કલિન્દનો જન્મ થયા પછી એક વર્ષે તેની બહેરાશનો તેનાં માતાપિતાને ખ્યાલ આવ્યો. દવાખાનામાં માતાપિતાએ વાટકો પછાડ્યો, બેલ વગાડ્યો, થાળીઓ ખખડાવી પણ પોતાનો દીકરો કલિન્દ હલબલ્યો નહિ. પરંતુ પછી માતા દક્ષાબેન અને પિતા નીતિનભાઇએ પણ કલિન્દને સુંદર રીતે ઉછેરવાનો સંકલ્પ કરી લીધો. માતા દક્ષાબેને એ માટે ભાવનગર શહેરની મૂક-બધિર સ્કૂલમાં ટ્રેનિંગ મેળવી. તેમણે તાલીમ મેળવીને કલિન્દનો ઉછેર કર્યો. મૂક-બધિર શાળામાં પોતે ભણવા ગયાં. પરંતુ કલિન્દને તો સામાન્ય બાળકોની શાળામાં જ ભણાવ્યો-ગણાવ્યો.

થોડાં વર્ષો બાદ જન્મેલી દીકરી શ્રીમ પણ બધિર હોવા છતા દક્ષાબેન હિંમત ન હાર્યાં, કારણ કે તેમણે તો ઝાંસીની રાણીની જેમ જિંદગી સામે બાથ ભીડવાનું નક્કી કરી જ લીધું હતું. જો કે શ્રીમ કલિન્દની જેમ સંપૂર્ણ બહેરાશ ધરાવતી ન હતી, વળી, દક્ષાબેને બધિર બાળકોને શિક્ષણ આપતો ટીચર ટ્રેઇનીંગ કોર્સ પણ કર્યો જ હતો. એ જ લાભ શ્રીમને પણ મળ્યો. શ્રીમને પણ સામાન્ય બાળકોની સાથે જ શિક્ષણ અપાવ્યું. કલિન્દ ભાવનગરની કુમારશાળામાં ભણ્યો અને શ્રીમ નંદકુંવરબા શાળામાં ભણી. બંને બાળકો બધિર હોવા છતા આજે સફળ વિદ્યાર્થીઓ છે. બંનેએ અનેક સિદ્ધિઓ મેળવી છે. બંને એકીસાથે જણાવે છે કે  મોટાં થઇને જીવનમાં ખૂબ પ્રગતિ કરીશું અને જે કાંઇ પણ મેળવીશું તે અમારી માતાના ચરણોમાં સમર્પિત કરી દઇશું.

દક્ષાબેને તાલીમ દરમિયાન બધિર બાળક સમજી શકે તેવા ઉચ્ચારો કેમ કરાય, લીપરીડીંગ દ્વારા બાળક કેમ સમજે, શ્વાસોસ્વાસની તાલીમ વગેરેનું શિક્ષણ મેળવ્યું હતું અને ત્યારબાદ પોતાને મળેલી તાલીમ મુજબ બંને બાળકોને સમાજનાં સામાન્ય બાળકોની જેમ ઘડ્યાં.. ખરેખર આજના સમયમાં આવી જનનીની જોડ શોધવી મુશ્કેલ ગણાય. (સમાચાર, સૌજન્ય દિવ્યભાસ્કર)

શ્રોત્રે શ્રવણ
મનન નિદિધ્યાસ
ૐ સાક્ષાત્કાર

જે, શ્રોત્રે કરીને વાર્તા સાંભળવી તેને શ્રવણ કહીએ. અને જે વાર્તા શ્રવણ કરી હોય તે વાર્તાનો મને કરીને વિચાર કરીને જેટલી વાર્તા ત્યાગ કર્યા યોગ્ય હોય તેટલીનો ત્યાગ કરે અને જેટલી વાર્તા ગ્રહણ કર્યા યોગ્ય હોય તેટલીનું ગ્રહણ કરે તેને મનન કહીએ, અને જે વાર્તા નિશ્ચય કરીને મનને વિષે ગ્રહણ કરી હોય તેને રાત દિવસ સંભારવાનો જે અધ્યાસ રાખવો તેને નિદિધ્યાસ કહીએ અને તે વાર્તા જેવી હોય તેવી ને તેવી જ ચિંતવન કર્યા વિના પણ સર્વે મૂર્તિમાનની પેઠે ઇદં સાંભરી આવે તેને સાક્ષાત્કાર કહીએ. અને જો એવી રીતે આત્માના સ્વરૂપનું શ્રવણાદિક કર્યું હોય તો આત્મસ્વરૂપનો એવી રીતે સાક્ષાત્કાર થાય, અને જો

ભગવાનનો એવી રીતે શ્રવણ, મનન, નિદિધ્યાસ કર્યો હોય તો ભગવાનનો એવી રીતે સાક્ષાત્કાર થાય છે,

**કનકવો (Jay's Blog)**

સદા સાંભળે,
માતપિતાની વાત,
એ જ શ્રવણ!

**……. ૧૮ …….**

કરડી ખાધી
આંગળી તમ યાદે
લોજટેબલે!

જેનો પતિ બહારગામ (વિદેશ) ગયો હોય તેવી સ્ત્રી માટે ગુજરાતીમાં બહુ જ ભારેખમ શબ્દ છે 'પ્રોષિતભર્તૃકા' અને આનો વિરોધી શબ્દ છે 'પ્રોષિતપત્નીક'. સામાન્યત: બધા જ પ્રોષિતપત્નીકો સ્વયંપાકી (જાતે રાંધીને ખાનાર) નથી હોતા, પરિણામે ભાંગ્યાના ભેરુ અને સુખદુ:ખના સાથી તરીકે તેમના માટે લોજ જ સહારો બને છે. 'રાણાજીના ભાલે ભાલો' ન્યાયે હું પણ મોટા ભાગના ગુજ્જુઓની જેમ અંગ્રેજી શબ્દ Lodge નો અવળો અર્થ અહીં 'વીશી' જ કરું છું; બાકી, Lodge નો ખરો અર્થ 'નિવાસ-સ્થાન' અને Boarding નો અર્થ 'વીશી કે ભોજનાલય' થાય છે.

આપણે હાઈકુ માથે આવીએ તો અહીં હાઈકુનાયક લોજના ટેબલે ભોજન આરોગી રહ્યા છે, પણ પત્નીનો વસમો વિયોગ તેમને સતાવી રહ્યો છે. પત્નીની યાદમાં ખોવાઈ ગએલા તેઓશ્રી મોંઢામાં કોળિયો મૂકતાં પોતાની આંગળીને બચકું ભરી બેસે છે. પત્નીની વિવિધ ભૂમિકાઓમાં એક છે 'ભોજ્યેષુ માતા'; પણ વીશીનો મહારાજ ગમે તેવું ઉત્તમ ખાવાનું બનાવે, તો પણ પોતાની મૂછો અને મર્દાના વેશભૂષાના કારણે તે 'માતા' તો શું પણ 'માસી' (માશી= મા જેવી)નું સ્થાન પણ ન જ લઈ શકે!

નોંધ : –

'પ્રોષિતપત્નીક' જેમાં વાર્તાનાયક છે, તેવી નર્મમર્મ શૈલીમાં લખાએલી શ્રી રા. વિ. પાઠક સાહેબ (દ્વિરેફ) ની વાર્તા 'જક્ષણી' વાંચવા જેવી છે.

## સંવાદ

---

**પ્રજ્ઞા વ્યાસ**

કાપી આંગળી
ઇશીની નાળ સાથે
લોહીથી લથ!   (એક સમાચાર)

પ્રથમ વખત માતા બનેલી જસવીર કેન્થના મોંઢામાંથી એ સમયે ચીસ નીકળી ગઈ, જ્યારે તેને માલૂમ પડ્યું કે સુયાણીએ નાળની સાથે સાથે તેના તાજા જન્મેલા બાળકની એક આંગણી પણ કાપી નાખી છે. હાલમાં ઈશિકાની તબિયત સુધારા પર છે. બાળકીની માતાએ વધુમાં જણાવ્યું હતું કે, સુયાણી જ્યારે કાતર વડે આઠ ઈંચ લાબી નાળ કાપી રહી હતી ત્યારે તેણે બાળકીની આંગણી પણ કાપી નાખી હતી. ત્યાં સુધી કે તેને આ વાતની ખબર પણ ન હતી. મારા પતિએ જ્યારે તેને કહ્યું કે, તેં મારી બાળકીને આંગણી કાપી નાખી છે ત્યારે તેણે આ વાતનો ઈન્કાર કર્યો હતો, પરંતુ બાળકી લોહીથી લથબથ થઈ જતાં તેને તેની ભૂલનું ભાન થયું હતું.

**સુરેશ જાની**

દ્વિરેફની એક બહુ સરસ, માનસશાસ્ત્રીય વાર્તા યાદ આવી ગઈ.

પારસી પતિપત્નીની એ વાતમાં નવા જન્મેલ બાળકના ગાલ પર પેઢી દર પેઢી રહેતો મસો ન હોવાને કારણે પતિ એ બાળકનો પિતા બીજો કોઈ છે; એવો વહેમ સેવે છે. અને આ સાવ નાની બાબતને કારણે બન્ને વચ્ચે ગેરસમજૂતિઓ વધતી જાય છે. એવું કાંઈક કથાવસ્તુ હતું. દ્વિરેફના જમાનામાં આવા નાજુક વિષયની એમણે બહુ જ સરસ માવજત કરી હતી.

**…….. ૧૯ ……..**

ભોંય પછાડે,
કદલીફલ ત્વચા,
ભલભલાને!

ગુજરાતી હાસ્યનવલકથા “ભદ્રંભદ્ર”ના નાયકપાત્ર ‘ભદ્રંભદ્ર’ ગુજરાતીમાં રૂઢ થઈ ગએલા અંગ્રેજી શબ્દ ‘ટિકિટ’ના બદલે ‘મૂલ્યપત્રિકા’ બોલે છે અને પારસીબાવા સ્ટેશન માસ્ટર અને તેમની વચ્ચે ગેરસમજ અને ઝપાઝપીમાંથી હાસ્ય નિષ્પન્ન થાય છે. આવા અન્ય કેટલાક શબ્દોનાં ભદ્રંભદ્રીય રૂપાંતરોને યાદ કરીને પછી જ હું મારા હાઈકુની મધ્ય લીટી મધ્યે આવીશ. ‘ટ્રેઈન’ એટલે કે ‘અગ્નિરથ’ ને વિદુષકવેડા માટે સુખ્યાત એવા ભારતના ભૂતપૂર્વ રેલવે પ્રધાન લાલુપ્રસાદ યાદવે ખરે જ કેટલીક ટ્રેઈનોને ‘ગરીબરથ’ એવાં નામ પણ આપ્યાં હતાં. આવું જ સિગ્નલ માટે મજાકમાં લાંબુલચક આમ બોલાય છે ‘અગ્નિરથ ગમનાગમન સૂચક લોહપટ્ટિકા’, ‘સિનેમા’ માટે ‘બોલપટ’ કે ‘ચિત્રપટ’ વગેરે.

આટલે સુધીની ચર્ચામાં અંગ્રેજી શબ્દોનાં ગુજરાતી રૂપાંતરોની વાત થઈ, પણ મારા ઉપરોક્ત હાઈકુની મધ્ય લીટીમાં અંગ્રેજીનો કોઈ શબ્દ નથી, જે છે તે સંસ્કૃત શબ્દો છે. કદલી એટલે કેળનું ઝાડ, કદલીફલ એટલે કેળું અને ત્વચા એટલે છાલ. આમ ‘કદલીફલ ત્વચા’ નો ગુજરાતીમાં સરળ અર્થ થાય ‘કેળાની છાલ’. જગજાહેર વાત છે કે કેળાની છાલ ઉપર લપસનારે પૂરેપૂરા લપસવું પડે અને ભૂ ની મિતિ એટલે કે જમીનનું માપ લેવું જ પડે. આસ્ફાલ્ટના જાહેરરસ્તા ઉપર કેળાની છાલ નાખવી એટલે હાડવૈદ કે ઓર્થોપેડિક સર્જનના દલાલી લીધા વગરના દલાલ તરીકે કામ કરવા બરાબર છે. કેળાની છાલ કોઈ પણ જાતના પક્ષપાત વગર ભલભલાને ભોંયભેગા કરી જ દે એ બાબતને સનાતન સત્ય તરીકે માની લીધા પછી કોઈએ જાત ઉપર પ્રયોગ કરવાની જરૂર ખરી!

## સંવાદ

---

**પ્રજ્ઞા વ્યાસ**

वाह वली क्न्ठ लन्गोटभी धुपमै ?

ચાલો, ભદ્રંભદ્રિય વાત હાઇકુમાં વ્યક્ત કરવાનો પ્રયત્ન કરીએ!

क्न्ठ लन्गोट

धुपमै पहेनते

वाह, वलीजी!

-1-

શ્રી રાઉલજી -" … વચલા દીકરા યુવરાજસિંહ ગુજરાતી બચાવો આંદોલન શરૂ પણ થયું ના હતું ત્યારથી બાપુ કહીને જ બોલાવે છે.  મારા આત્મા ને પણ એવું સાંભળી આનંદ સાથે રાહત થાય છે. એમનો સાદ(કોલ) આવ્યો. દૂરવાત યંત્ર પર  મને કહે, 'બાપુ, તમારા માટે કંઠ લંગોટ લીધા છે.' હું તો ચમકી ગયો.   'અલ્યા, લંગોટ તો નીચે પહેરાય.'  તો હસવા લાગ્યો. 'કહે કેવા ફસાયા!!તમે તો નિસરણી આપી છે.' એને લાગ્યું કે બાપુ ચકરાઇ જશે એટલે કહે ટાઈ લીધી છે."પરથી આ કલ્પના આવી.  તેઓ રજપુત રાજવંશી છે તેથી વૃધ્ધ નારીની હત્યા નહીં કરે તે શ્રધ્ધા સાથે …

-2-

મૂળ વાત તો રહી ગઇ……………..!

શહેનશાહે

કદલીફલ ત્વચા,

પણ આરોગી!

બહુ જાણીતી વાત ફરીથી. મહાન અકબર બાદશાહ અને બિરબલ કેળાં ખાતા હતા. બાદશાહે પોતે ખાધેલા કેળાની છાલ બીરબલ તરફ મૂકી અને રમુજ કરી કે તેમના કરતા બિરબલે વધુ કેળાં ખાધાં ! ત્યારે બીરબલે કહ્યું,   'જહાંપનાહ, આપ તો કેળા સાથે છાલ પણ ખાઈ ગયા!'

## …….. ૨૦ ……..

શ્વાનમાદાએ

હડકવા વોર્ડે જ

પ્રસવ્યાં બચ્ચાં!

આ તો પૂર્વના દેશોની વાત છે, ભાઈ-બાઈ! રખડતાં મનુષ્યેતર પ્રાણીઓ અહીં જ વિશેષ જોવા મળે. લોકોમાં જીવદયા ભાવના ખરી ને!

જાહેર રસ્તાઓ ઉપર ભક્ષ માટે ભટકતા અને ભસતા શ્વાનકૂળને જાહેર અને ખાંનગી દવાખાનાંની ઓળખ પણ પડતી હોય છે. અંગ્રેજીમાં કહેવાય છે કે Time and tide do not wait for man. બસ, એમ જ માનવ કે અમાનવ

માદાનો પ્રસવકાળ સ્થળ, કાળ, દિશાઓ, સાનુકૂળતા કે પ્રતિકૂળતાને ધ્યાનમાં લીધા વગર પોતાના નિર્ધારિત ક્રમે પોતાનું કાર્ય બજાવ્યે જ રાખે છે.

આપણા આ હાઈકુની નાયિકા 'શ્વાનમાદા' ('કૂતરી' અપશબ્દ નહિ પ્રયોજું!) ના કર્મની કઠણાઈ તો જૂઓ કે કોઈક જાહેર દવાખાનાના હડકવાની સારવાર માટેના વોર્ડ આગળ જ તે પોતાનાં ગલૂડિયાંને જન્મ આપે છે. પોતાનાં જાતિ ભાઈબહેનોના હડકવાના રોગનો ભોગ બનેલાં અ-શ્વાનો (માનવીઓ)ની સારવાર કે હડકવા વિરોધી રસીકરણ માટેનો આ વોર્ડ પોતાના માટે કામચલાઉ પ્રસૂતિ વોર્ડ બની જાય છે.

અહીં આ ઘટનામાં શું કુદરતે માનવીઓના જેવી અવળાઈ કરી નથી લાગતી કે જ્યાં 'અહીં કચરો નાખવો નહિ' જેવા બોર્ડ આગળ લોકો કચરાના ઉકરડા કરતા હોય; અને, 'અહીં કોઈએ પાનમસાલા કે ગુટખા ખાઈને પિચકારી મારવી નહિ' તેવા દિવાલ ઉપરના લખાણને તેવી જ પિચકારીઓના કારણે વાંચી પણ ન શકાતું હોય!

## સંવાદ

---

**પ્રજ્ઞા વ્યાસ**

-૧-

છોડી આપણે
હક્કનો હડકવા,
કરીએ ફર્જ.

આદિકાળથી ચર્ચાતી આવેલી વાત . અનેકો હક્ક માટે લડે, પણ પોતાની ફરજ ન બજાવે! અરે! ભ્રષ્ટાચાર કરવાનો હક્ક પણ માંગે. આને શું કહેવું? હક્કનો હડકવા...

કહેવાય છે કે કરડવાથી ઘામાં લાળ લાગવાથી હડકવા થાય છે. હક્કના હડકવાના દાંત ન હોય તો?

-૨-

જોઈએ રક્ત
ગ્રૂપ યુનિવર્સલ,

કૂતરી માટે!        (એક સમાચાર)

કેટલાક રોગમાં જયારે ઇન્ટરનલ બ્લિડિંગની સ્થિતિ હોય અથવા તો ઓટોઇમ્યુન ડિસીઝનો ભોગ બનેલાં શ્વાનને પણ લોહી આપવું પડે. આ બીમારીમાં લોહીનાં રેડ બ્લડ સેલ-આરબીસી પોતાનાં જ સેલને તોડી નાખે.' શ્વાનમાં ત્રણ પ્રકારનાં બ્લડ ગ્રુપ્સ હોય છે, જેમાં ડીઇએ ૧.૧, ડીઇએ ૧.૨ અને ડીઇએ ૧.૧ નેગેટિવનો સમાવેશ થાય છે.

આમ તો શ્વાનના લોહીમાં સાત કરતાં વધારે બ્લડ ગ્રુપ હોય છે, પણ મુખ્ય આ ત્રણ ગણાય. તેમાં ડીઇએ ૧.૧ નેગેટીવ બ્લડ ગ્રૂપ યુનિવર્સલ બ્લડ ગ્રૂપ ગણાય છે. જો કે શ્વાનનું બ્લડ ગ્રુપ કયું છે, તે શોધી કાઢવા માટે કોઇ અકસીર પધ્ધતિ હજુ સુધી સંશોધાઇ જ નથી. વિદેશમાં પણ આવી કોઇ સરળ પધ્ધતિ નથી. કોઇપણ શ્વાનને તેની પૂરી જિંદગીમાં માત્ર એક જ વાર લોહી ચઢાવી શકાય. માટે જો તેની સ્થિતિ ખૂબ જ ગંભીર હોય તો જ તેને લોહી ચઢાવવામાં આવે છે. શ્વાનને જિંદગીમાં જયારે પણ પહેલી અને છેલ્લી વારનું લોહી ચઢાવાતું હોય ત્યારે તેના રકતદાતા શ્વાન સાથે તેનું બ્લડગ્રૂપ મેચ થાય તે જરૂરી નથી, પણ સારું ક્રોસ મેચિંગ જ કરવાનું રહે છે. રસપ્રદ બાબત એ છે કે રિસર્ચ અનુસાર શેરીનાં કૂતરાં જેને મોંગરેલ ડોગ્ઝ કહેવાય છે, તેમનું લોહી સમાન લક્ષણ અને એકસૂત્રતા ધરાવતું હોય એટલે બ્લડ ટ્રાન્સ્ફયુઝન તેમના કેસમાં ખૂબ ઓછું રિસ્કી હોય છે.

**........ ૨૧ ........**

ભલે રૂઠ્યાં, ના
મનાવું, લાગો મીઠાં,
ફુલ્યા ગાલોએ!

દાંપત્યજીવનમાં સંવાદિતાનું સાતત્ય પણ કેટલીકવાર અભાવું બની જતું હોય છે. થોડીક વિસંવદિતા પણ કોઈકવાર એટલા માટે જરૂરી બની જાય છે કે જેથી સંવાદિતાનું પરીક્ષણ થતું રહે. દંપતી વચ્ચે થતી હળવી નોકઝોક, ખેચમતાણ કે ટપાટપી (ટપલાટપલી નહિ, હોં કે!) સુખી દાંપત્યને પોષક બની રહે છે. આપસી મતમતાંતરો કે મતભેદોનું નિવારણ હળવાશથી કરવામાં આવે તો ઉભયની વચ્ચે કોઈ મનભેદનું કારણ રહેતું

નથી. આથી જ તો આપણા હાઈકુનાયક કોઈ કારણે રીસાએલી પત્નીને મનાવવાના બદલે તેને એ જ સ્થિતિમાં ચાલુ રહેવાનું એમ કહીને સૂચવે છે કે તેણી કુલ્યા ગાલોએ મધુર લાગે છે. કહેવાની જરૂર ખરી કે હાઈકુનાયકના આ વિધાનથી હાઈકુનાયિકા હસી પડ્યા વગર રહી શકી હોય! સ્ત્રીને માનુની અર્થાત્ માનભૂખી પણ ગણવામાં આવે છે. તેણીનો આ સંવેગ એટલો નાજુક અને સંવેદનશીલ હોય છે કે તે નાના બાળકની જેમ પળવારમાં રીસાઈ પણ જાય અને પળવારમાં મનાઈ પણ જાય!

વૃદ્ધજનો, વનિતાઓ અને વ્હાલસોયાં(શિશુઓ)ને રિસાવાવાં આસાન છે, પણ રીઝવવાં મુશ્કેલ છે. મારી જેમ શીઘ્ર હાસ્યકવિ નહિ તો છેવટે હાસ્યહાઈકુકાર કે પછી ફ્રોસલાવ કે પટાવકલામાં પાવરધા પુરવાર થઈ શકો તો એ કામ ડાબા હાથના ખેલ જેવું આસાન પણ બની શકે છે!

## સંવાદ

---

**રાજેન્દ્ર ત્રિવેદી**

Welcome back Valibhai,
Back to make all Laugh again!
Stay healthy and keep shining!
Rajendra Trivedi, M.D.

---

**વલીભાઈ મુસા**

રાજેન્દ્રભાઈ,
અમે ક્યાં રૂઠ્યા હતા
તે પુનરાગમને
અમને Welcome કહો છો?

આપણે સૌ તો હાસ્યદરબારીજન, પણ …

આપણામાં કેટલાંક તો મારા-તમારા જેવાં બની બેઠેલાં દરબારી રત્નો હોય કે પછી કોઈ શ્રોતાઓ હોય, કોઈ પીરસણિયા હોય કે કોઈ પંગતમાં પતરાળાં લઈને બેઠા હોય; પણ હાસ્યલાડુ આરોગવાના સમાન હિતે તો સૌ સરખા.

Welcome, Thank you, Hello, Hi, Have a nice day, Sorry, See you again આવા બધા શાબ્દિક ઘણપ્રહારો એક જ પરિવારમાં માંહોમાંહે એકબીજા ઉપર ઝીંકાય ખરા?

ગીતાબેન, જ્યોતીબેન, કમુબેન કે તમારા બધાયનાં લાડીબેન દ્વારા પીરસાતી દરેક રોટલી, ભાખરી કે પૂરીએ કે પછી ટુકડેટુકડે પીરસાતી અન્ય વાનગીઓ વખતે Thank you, Thank you નોં કહેવાય, મારા ભઈલા!

**પ્રજ્ઞા વ્યાસ**

જીવન રૂઠ્યાં
મનાવે , પ્રાણ આપું
પ્રાણથી વહાલા!

-------------

હાઇકુ ગુરુનો પ્રતિભાવ

અદ્દભુત!

પ્રાણથી પણ વ્હાલા એવા રૂઠેલા જીવનને મનાવવા માટે હાઈકુનાયક પોતાના પ્રાણ અર્પણ કરવા પણ તૈયાર થાય છે! પરિણામ? પ્રાણ આપવા છતાં જીવન તો રીસાઈને જવા માગે જ છે, પાછું વળે તેમ નથી! એમ જ થાય ને! કેમકે પ્રાણ અને જીવન અન્યોન્ય એવાં સંકળાએલાં છે કે કોઈ એક વગર અન્યનું અસ્તિત્વ જ શક્ય નથી!

વાહ, ભાઈ વાહ! સરસ પરિકલ્પના!

ધન્યવાદ,પ્રજ્ઞાબેન.

**વલીભાઈ મુસા**

સૌ હાદજનો,

ઉપરોક્ત મારી કોમેન્ટમાંના "તમારા બધાયનાં લાડીબેન" શબ્દો સામે કોઈને આપત્તિ થાય તે પહેલાં કહી દઉં કે 'તેવણ' મારી દીકરીની સાસુનાં 'વેવાણ' છે. (સુરેશભાઈ જાની તાજેતરમાં જ એ બંને વેવાણોને રૂબરૂ મળ્યા છે. મેરી ન માનો તો સુરેશભૈયાસે પૂછો!)

પોતાનાં પત્ની સાથે એક કાર્યક્રમમાં ઉપસ્થિત એવા મુરબ્બા (Sorry! મુરબ્બી) શ્રી જ્યોતીન્દ્ર હ. દવેને પોતાના વક્તવ્યના પ્રારંભમાં જ સંબોધન કરતાં 'ભાઈઓ અને એક અપવાદ સિવાયની બહેનો' કહેવું પડ્યું હતું.

તો વળી, અમારા માધ્યમિક શિક્ષણકાળના એક સાહેબને 'દાંતિયાં' કાઢતા એક વિદ્યાર્થીને ટપારતાં કહેવું પડ્યું હતું કે 'દાંત કાઢવા જ હોય તો "સીટી લાઈટ" થિયેટરમાં 'તેરી બહન' ને જોઈ આવ! અહીં કહેવાની જરૂર ખરી કે પિક્ચરનું ખરેખરું નામ શું હશે!

**ડો. રાજેન્દ્ર ત્રિવેદી**

प्यारे वलीभाई,

आप हनुमान नही,

फिरभी छाती कटवाके श्री राम दिखाये हो जीवनमै

હવે અમને મળવા ક્યારે આવો છો?

**વલીભાઈ મુસા**

નેકનામ રાજેન્દ્રભાઈ,

તમે હનુમાનજીની યાદ આપી અને એક રમુજી વાતની યાદ આવી ગઈ..

ભગવાનશ્રી રામચન્દ્રજી અને સીતામૈયાના વનવાસકાળ દરમિયાન સીતાજીની પતિભક્તિ અને પતિસેવાથી પ્રભાવિત થઈ જંગલના નરવાનરોએ તેમની પત્નીઓને કહ્યું, 'અરે ઓ,

કાળા મોંઢાની વાંદરીઓ, જાઓ જાઓ સીતામાતા પાસે અને શીખી આવો કે પતિની સેવાચાકરી કેવી રીતે થાય!'

વાંદરીઓએ સીતામાતાને વચ્ચે ઊભાં રાખીને પ્રદક્ષિણા કરી લીધી અને પોતાનાં નિવાસ-સ્થાનોએ પાછી ફરીને પતિદેવોને સીતાજી વિષેનો પ્રતિભાવ આમ આપ્યો, 'તેમના રૂપ અને ગુણોનાં ગાન કરતાં તમે લોકો થાકતા નથી, પણ અમે બધી વાંદરીઓએ તેમનામાં ન ચલાવી લેવાય એવી સર્વાનુમતે એક ખામી શોધી કાઢી છે. તેમને અમારા જેવી સુંદર મજાની લાંબી પૂંછડી તો છે જ નહિ!'

મારા ભાગ્યમાં તમારા ત્યાંનાં દાણાપાણી લખાએલાં હશે તો મારી તાકાત નથી કે હું ત્યાં ન આવું!

તમારા પરિવારમાં સૌને મારી અને મારાં પરિવારજનોની સ્નેહભરી યાદ.

**ભરતભાઈ પંડ્યા**

ભલે રૂઠ્યાં,
ના મનાવું, લાગો મીઠાં,
ફુલ્યા ગાલોએ!

ત્યાં તો જતા જશો પણ ભાવનગર સુધી તો આવો.

**વલીભાઈ મુસા**

ભભૈ,
ઘણા દિવસે "ત્યાં તો જતા જશો પણ ભાવનગર સુધી તો આવો" વાંચીને રૂબરૂ મળ્યા જેટલી ખુશી થઈ. મારા પ્રતિનિધિ તરીકે સુભૈને મોકલ્યા હતા. વચ્ચે ક્યાંય "મેહાંણાની માસી" ની જેમ ખોવાઈ ગયા કે શું?"મારા ભાગ્યમાં તમારા ત્યાંનાં દાણાપાણી લખાએલાં હશે તો મારી તાકાત નથી કે હું ત્યાં ન આવું!" એ તમને પણ કહું છું.

## ……. ૨૨ …….

મેઘવિરામે,
છત્તર સમેટતાં,
જાણ્યું ખોવાણી!

જગતમાં આવા પણ ધુની માણસો હોય છે કે ધોધમાર વરસાદમાં  પલળતા ચાલ્યા જતા હોય કે ઊભા ઊભા પલળતા હોય અને વરસાદ બંધ થયેથી છત્રી બંધ કરવાની ચેષ્ટા કરવા જાય, ત્યારે જ તેમને ખબર પડે કે તે માથા માથે  તો છે જ નહિ, પણ ક્યાંક ખોવાઈ ગઈ લાગે છે!

ભરચક બસમાં એક હાથમા પુસ્તકો અને બીજા હાથે સળિયો પકડીને ઊભેલા Absent Minded  પ્રોફેસરે ટિકિટ લેવા માટે ખિસ્સામાંથી પૈસા કાઢવા કન્ડક્ટરની સળિયો પકડી રાખવાની મદદ માગતાં પેલાએ 'જરૂર, જરૂર, કેમ નહિ' કહેતાં સળિયો પકડી લીધો અને બસ ખાડામાં ખાબકતાં પ્રોફેસરની શી વલે થઈ હશે તે તો તેઓ જ જાણે! બાકી કંડક્ટરે તો સળિયો મજબુતીથી પકડી રાખેલો જ હતો.

શેઠે હાથમાં Walking Stick  સાથે પોતાના ખંડ તરફ જતાં નોકરને પીવાનું પાણી આપી જવાની સૂચના આપી. ટ્રેમાં પાણી સાથે નોકર ખંડમાં પ્રવેશે છે તો તેના આશ્ચર્ય વચ્ચે પલંગ ઉપર આડી Walking Stick પડેલી છે અને શેઠ બારણા પાસેના ખંડના ખૂણામાં ઊભેલા છે.

ઘણાએ (જાહેરમાં ધૂમ્રપાન નિષેધના કાયદા પહેલાં) ધૂમ્રપાન કરનારાઓને મોઢામાં દિવાસળી અને બીડી કે સિગારેટને ખોખાની ખરબચડી સપાટી સાથે ઘસતા જોયા હશે!

## સંવાદ

**સુરેશ જાની**

ચશ્માં ખોવાણાં,
આખા ઘરમાં શોધ્યું,
ખિસ્સે સંતાણાં!.
—-
ક્યાંથી જડશે?

દસે દિશામાં ખોળો,

ભીતર બેઠો!

—-

સ્કૂટર ચાલ્યું

ઉત્તર ના’પે પત્ની

પાછળ મેલી!

—

આ જુવાનીમાં બનેલી ઘટના છે – ૬૦ પછીની નહીં!સ્કૂટરમાં પેટ્રોલ ભરાવતો હતો. પત્નીને નીચે ઉતારીને સ્તો. કામ પતતાં સ્કૂટર હંકારી દીધું. ઘણી વાતોનો જવાબ ન મળતાં પાછળ જોયું. પત્ની ગાયબ. ત્યારે ખબર પડી કે,દમયંતીને વનમાં વલવલતી મેલીને આ નળ તો ભાગી ગયો ‘તો !!!

**વલીભાઈ મુસા**

સુરેશભૈ,

લ્યો તાણે નવી પ્રતિહાઈકુ સંવાદમાલા!

સ્કુટર હાલ્યું,

ઉતર નો આપે ઈં!

કઠે ખાબક્યો?

સ્કુટર વાળ્યું,

બે ગાઉ પછવાડે

ટોળું હનર્યું!

દ્વિચકડિયું
પડતું નાંખીને ન્યાં
ટોળામાં પેઠી!

હું થ્યું પિટ્યાઓ!
વેગળા મરો!
પણ, ચૂપ ચ્યમ ઈં?

શું કે'વું બોન!
ડોક સહેજ મરડી
ઉમૈડા બંધ!

નખોદિયાઓ,
મારા ધણીને ટૂંપ્યો!
બૂટ તો જૂઓ!

હેં! પણ ચ્યમ
કોટબટન ઈંમ
પીઠે બીડાંણાં!

અરે મુઆઓ!
શરદી કાજે કોટ
ઊંધો પહેર્યો!

નાસ્ય નાથિયા!
નાહો બધા લ્યા, અરે!
ગજબ થિયો!

છાંટ્યું પાંણી ન્યાં
વોટરબેગ ખોલી
ઉમૈડો થિયો!

હાશ! જીવી ગ્યો!
ચુડીઓ સલામત!
આભાર પ્રભુ!

**સુરેશ જાની**

વાહ ! તમારામાં રહેલો વાર્તાકાર ઝળક્યો ! રંગત લાવી દીધી.
આને વાર્તા હાઈકૂ કહીએ તો? કે હાઈકૂ કથા?

**પ્રજ્ઞા વ્યાસ**

છત્રીના ભાગ!
સ્ત્રી સ્વાતંત્ર્યની માંગ,
બન્ને પલળ્યાં!

સ્ત્રી સ્વાતંત્ર્ય અંગે મિટીંગ હતી. તે અંગેના અભિપ્રાય...એક સ્ત્રી હોવાને નાતે તમારે બીજાના મુકાબલે વધુ ચાલાકીથી કામ લેવુ પડે છે, કારણ કે તમારે માટે એક સ્થાન મેળવવુ વધુ મુશ્કેલ છે. બીજાની ભલાઈ માટે પૈસાનો વપરાશ કરવામાં અધિક સુખ મળે છે. મારો અનુભવ કહે છે કે બીજાના કલ્યાણ માટે ખર્ચ કરવો એ સારી વાત છે.

મને લાગે છે કે પાવરનો મતલબ છે તમારી પાસે નિર્ણય લેવાની ક્ષમતા હોવી જોઈએ. ખાસ કરીને એ વાત માટે કે તમે શુ કરવા માંગો છો. અને જરૂર પડે ત્યારે ‘ના’ કહેવાનો અધિકાર પણ તમારી તાકાતની શ્રેણીમાં જ આવે છે. મને લાગે છે કે આજના જમાનામાં હિમંતવાળી અને

સાહસિક પત્રકારિકાનો જ કોઈ મતલબ છે.

હું જ્યારે અન્યાય થઈ રહ્યો હોય ત્યારે ચૂપ નથી રહી શકતી. હું તેના પરિણામની ચિંતા કર્યા વગર જ અવાજ ઊઠાવું છુ. હુ એ દરેક સ્ત્રીનુ પ્રતિનિધિત્વ કરું છુ. જેમ પોતાનાં સપનાં પૂરાં કરવા નીકળી છે,ત્યારે અદની પત્નીને વિચાર આવ્યો અને સમાન હક્ક માટે છત્રીના બે ભાગ કર્યાં અને નીકળ્યાં વરસાદમાં...ફરી હાઇકુ નો આગાઝ.......... અંજામ અલ્લા જાને ક્યા હોગા આગે!

પ્રકાશ લાધ્યો,
મળે આપજ ખોળે,
ધન્ય સુરેશ!

## ........ ૨૩ ........

ભક્ત કવિ નરસિંહ મહેતા ઝૂલણા છંદમાંના પોતાના એક પ્રભાતિયામાં આમ કહે છે :

‘હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જ્યમ શ્વાન તાણે!’

ગાડા નીચે ચાલતું શ્વાન મિથ્યા ગર્વ કરે છે એમ કહીને કે પોતે જ ગાડું ખેંચે છે! વાસ્તવમાં એવું નથી, કેમ કે સૌ કોઈ જાણે છે અને ખુદ શ્વાન પણ જાણે છે કે શકટને ખરેખર તો ધોરીડા (બળદ)જ ખેંચી રહ્યા છે! બળદોની ગરદનો ઉપર ધૂંસરી મંડાએલી છે, નહિ કે શ્વાનની ગરદન ઉપર! એ જમાનામાં કોઈ મેગ્નેટિક ધૂંસરી અથવા એ શ્વાનના ગળે એવો કોઈ મેગ્નેટિક પટ્ટો હોવાની પણ શક્યતા નથી. વળી બે Bullock Power જેટલા વજનવાળા એક ગાડાને એકDog Power વાળું અને વળી તેવું એક જ પ્રાણી ગાડું ન જ ખેંચી શકે!

ઘણી વાર શ્રાવ્ય હકીકત કરતાં દૃશ્ય હકીકત વધારે સંગીન હોય છે. પણ, અહી તો દૃશ્ય હકીકત જ પહેલી નજરે ખોટી પડે છે. અહીં કવિશ્રીનું અનુમાન છે કે એ શ્વાન મનોમન એમ વિચારતું હશે અને પોતાના મનને એ રીતે મનાવતું હશે! આવી ધારણા ઉપર એક દૃષ્ટાંત તરીકે એ દૃશ્યની મદદ લઈને માનવજાતની અજ્ઞાનતાની ઠેકડી ઊડાડવામાં આવી છે.

પણ… પણ…અહીં એ દૃશ્ય ઉપરના નીચેના હાઈકુના હાઈકુકારની ધારણા તો સાવ જુદી જ છે. ધોમધખતા ઉનાળામાં કે વર્ષા ઋતુમાં માનવી જેમ છત્રી ઓઢે છે, બસ તે જ રીતે એ બુદ્ધિશાળી શ્વાનને એક ગામથી બીજે ગામ જવું છે. નજર સામે જ ચાલ્યા જતા એ ગાડાનો પોતે લાભ ઊઠાવે છે! એ હાઈકુ તો કંઈક આ કહેવા માગે છે.

ધૂપવર્ષાએ,
શકટ ઓઢે શ્વાન!
મિથ્યા ગર્વ ક્યાં!

## સંવાદ

---

**વલીભાઈ મુસા**

જોગાનુજોગ તો જૂઓ ! આગામી મંગળવારે વૈશાખ સુદ 15 (પૂનમ) ના દિવસે નરસિંહ મહેતાનો જન્મદિવસ છે.

**સુરેશ જાની**

હવે બીજો જોગાનુજોગ અને કલ્પના જ નહીં – નકરી હકીકત.

શુક્રવારે અને શનિવારે અમે ગરાજ સેલ રાખ્યું હતું. ( એના પરથી એક સરસ લેખ એરણ પર છે.) ચાર જગ્યાએ અમારા વેચાણ કેન્દ્રની ધજાઓ ગુરૂવારે ફરકાવી આવ્યો'તો. શુક્રવારે તો ઘણું વેચાણ થયું અને ઠીક ઠીક કમાણા.

પણ શનિવારે કાંક આ હાહા જેવું થ્યું – વાસ્તવિક હાહાકાર જ તો!.

ઘરની નજીકના ચાર રસ્તા કને અમારી ધજા જોઈ, એની નજીક રહેતા એક ઘરવાળાને શી કમતિ સૂઝી કે એ લોકોએ પણ સ્વયંભૂ શિવલિંગની જેમ સેલ રાખી દીધું- અને આ હાહાની જેમ કશા અહંકાર વિના, પોતાનું કોઈ બોર્ડ રાખ્યા વિના!!

અને જો થઈ છે. ખરીદનાર લોક એ બોર્ડ જોઈ' એમને ઘેર ઘરાકી કરાવી પાછા વળે. ખાસ્સું દૂર આવેલું અમારું ઘર પણ વેચનાર છે – એની એમને શી ખબર પડે? દસ વાગ્યા પણ મારી ઘરવાળી બેઠી બેઠી , મારવા માટે માંખીઓ ગોત્યા કરે; પણ ન્યાં કણે તો ઈય નો મળે !!

ઓલ્યા શકટના ... વાળા શેર (!) કરતાં પારકે બોર્ડે , મસ્ત મજાનો વકરો કરી ગ્યા! અને અમે હાથ ઘસતા રહી ગયા. આશરે દસ વાગ્યે મારી ઘરવાળી આંટો મારવા નિકળી' ત્યારે આ સત્યનું એને ભાન થયું. મને દોડાવ્યો. બીજાં બે બોર્ડ હું હાંફળો ને ફાંફળો લગાડી આવ્યો. પણ વહેલા પોરના એ ઘરાક ગયા તે ગયા જ! બપોરના બે વાગ્યા સુધી દુકાન 'આશા ભર્યા તે અમે' ખુલ્લી રાખી અને ૨૫ ડોલરનો મહાન વકરો કરી દુકાન બંધ કરી. આમ વગર શકટે, બીજાના બોર્ડે દમામભેર દુકાન ચલાવનાર પણ હોય છે !

હવે હાહા ગુરો,
આની ઉપર કાંક નવું હાહા ગોતી કાઢો !

**વલીભાઈ મુસા**

એ તો આપણે બે હોત તો અમદાવાદના વિક્ટોરિયા ગાર્ડનની જલેબીવાળું થાત! એ તો જ્યોતિબેન હતાં તે શુક્રવારે સક્કરવાર પડ્યો અને શનિવારે 25 ડોલરનો વકરો ભાળ્યો!

સુરદા વત્સ,
ગરાજ સેલ નહિ
ગરજ સેલ!

**પ્રજ્ઞા વ્યાસ**

ધૂપવર્ષાએ,
શીત સ્પ્રીંકલ નીચે
શ્વાનને મઝા!

અહીં ગરમીનું ભારે મહાત્મ્ય! મર્યાદામા રહી ઓછામાં ઓછાં કપડાં પહેરી નીકળી પડે.પણ

અતિશય તાપ હોય તો રસ્તા પર પાણીનાં અમીછાંટણાની વ્યવસ્થા હોય!  ઘણા ઘણા ખરા તેનો લાભ લે...શ્વાન પણ...!

ગરાજસેલ?
દાન દો ગરીબને
વધેલો માલ.

આદર્શ પધ્ધતિમાં તો દાનમાં સારી વસ્તુઓ આપવી જોઈએ. છતાં ઘણા ખરા ગરાજસેલમાં ન ખપેલો માલ ઘરમાં લાવતા નથી. આવી વસ્તુઓ દાનમા લેતી સંસ્થામા દાન કરશો.

અને હા હા,

યાદ રાખશો . આ દાન કરી તમે કોઈ ઉપકાર કરતા નથી.  લેનારનો આભાર માનશો.

**વલીભાઈ**

પ્રજ્ઞાબેનનું વિધાન છે : -
"યાદ રાખશો. આ દાન કરી તમે કોઈ ઉપકાર કરતા નથી.  લેનારનો આભાર માનશો "

આના સમર્થનમાં મારા એક આર્ટિકલ – "'દાનધર્મ' માં ભાવનાનું મૂલ્ય" માંથી અવતરણ આપું છું

"મારા મતે અને કદાચ તમારા મતે પણ એ વાત યથાર્થ જ હશે કે જ્યારે આપણે કોઈ જરૂરિયાતમંદને કોઈક વસ્તુ કે નાણાંનું દાન કરતા હોઈએ છીએ, ત્યારે આપણે તેના ઉપર કોઈ ઉપકાર કરીએ છીએ કે દયા બતાવીએ છીએ તેવું હરગિજ નથી. આપણે જે કંઈ આપીએ છીએ, તેમાંય જો આપણે કોઈ ઉદ્યોગ દ્વારા કોઈ માલનું ઉત્પાદન કરનાર ઉત્પાદક હોઈએ; તો આપણે વિશેષ કશું જ નથી કરતા, પણ ઈશ્વરે આપણને ઉદ્યોગ માટે જરૂરી એવો કાચો માલ જે પૂરો પાડ્યો છે, તેનું દાણ (Royalty) માત્ર જ ચૂકવીએ છીએ. જો આપણે વેપારવાણિજ્ય કરનારા કે કોઈ વ્યાવસાયિક હોઈએ તો ઈશ્વર તરફથી આપણને જે કંઈ બુદ્ધિશક્તિ પ્રાપ્ત થઈ છે અને જે થકી આપણે કમાતા હોઈએ છીએ તેના બદલા રૂપે આપણે તેને તેની ફરજિયાત વસુલી (Levy) જ ચૂકવીએ છીએ. જો આપણે ખેડૂત હોઈએ તો ઈશ્વર દ્વારા અર્પિત જમીન, પાણી, બિયારણ વગેરેનો

જ ઉપયોગ કરીએ છીએ અને અનાજનું ઉત્પાદન કરી શકતા હોઈએ છીએ. જો આપણે મજૂર હોઈએ તો તેણે આપેલી શારીરિક શક્તિ વડે જ આપણે મજૂરી કરવા શક્તિમાન બનીએ છીએ. આમ જોવા જઈએ તો આપણું કશું જ નથી હોતું, જે કંઈ છે તે સઘળું તેનું જ છે. આ બધી આપણને પ્રાપ્ય ઉપભોગ માટેની સુવિધાઓ તો ઠીક, પણ આપણે પોતે જ તેની ઈચ્છાથી જ અસ્તિત્વમાં આવ્યા છીએ અને આપણા જીવનનો એકેએક શ્વાસ તેનો અને માત્ર તેનો જ મોહતાજ છે. આપ હજરત ઈમામ અલી (અ.સ.) પોતાના એક બોધવચનમાં ફરમાવો છો કે, ‘ જ્યારે માણસ મૃત્યુ પામે છે, ત્યારે તેનાં સગાંસંબંધી એ જાણવા પૂછતાં હોય છે કે મરનાર પોતાની પાછળ કેટલી માલમિલ્કત છોડી ગએલ છે, જ્યારે કે ફરિસ્તાઓ એ જોતા હોય છે કે ઈશ્વરના માર્ગ (ખુદાની રાહ) માં એણે કેટલું દાનપુણ્ય કર્યું છે!’ “

**મુર્તઝા પટેલ**

દાદા, દોસ્ત-ભાઈ તરીકે કેન્યા-મોમ્બાસામાં એક સામાન્ય શબ્દ બાના (સ્વાહિલીમાં ખરેખર ‘બ્વાના’) વપરાય છે. આપણા શરૂઆતના હાઈકુમાં વલીકાકા માટે જોગાનુજોગ બંધ પણ બેસે છે.

**પ્રજ્ઞા વ્યાસ**

‘બાના (સ્વાહિલીમાં ખરેખર ‘બ્વાના’) વપરાય છે. ‘સ્વાહિલી શબ્દો જેવાકે કિસુ(છરી, ચાકુ), બ્વાના(શ્રીમાન), મદાફ (નાળિયેર પાણી) પણ વધારે રસ તો સ્વાહિલી ભાષામાં ઓબામાનો અર્થ – જેના પર આશિર્વાદ છે- થાય છે.

**વલીભાઈ મુસા**

અને “ટડોબા” એટલે ‘દીવડો’ થાય અને ‘ટોટો’ એટલે ‘છોકરો’ પણ થાય. હવે કેટલાક ‘ઝુલુ’ ના શબ્દો આપું છું, જેને મુર્તઝા પટેલ – નેટ પર વેપાર દ્વારા ચેક કરવામાં આવે તો ઠીક રહેશે; કારણકે જે માતૃભાષા ન હોય તે ઓછી ઉપયોગમાં લેવાતાં કેટલાક શબ્દોના અર્થ અને ઉચ્ચાર ભૂલી પણ જવાય. સુરેશભાઈને વિનંતી કરીશ કે આપણી વચ્ચે તે પોતાની ટાંગાનિકા ન અડાવે. દેશમાં આવ્યા હતા એટલે તેમને કેટલીક ભાષાઓ સંભળાવ્યાનું યાદ છે. ‘કેમ્ફો’ નો અર્થ યાદ નથી. ‘કોડી’ એટલે ‘દિવાસળી’ અને ‘વસાકા’ નો અર્થ મનમાં સમજાય છે, પણ ચોક્કસ ગુજરાતી શબ્દ ગોઠવાતો નથી. ઝુલુના કેટલાક શબ્દો તમિલ

સાથે ઉચ્ચાર અને અર્થમાં મળતા આવે છે. મદ્રાસ અને આફ્રિકા વચ્ચે દરિયાઈ માર્ગે વેપારની જણસોની આપલે થતીએ હતી તેમ શબ્દો પણ સ્થળાંતર પામ્યા હોવા જોઈએ એવું મારું અનુમાન છે. 'નાલ' એટલે 'ચાર' ; 'વાંગો' એટલે 'બેસો'; 'ઉમ્બત' એટલે 'દસ' થાય. 'પો' એટલે 'જા' થાય. 'ઉક્કારંગો' એટલે 'આવો' થાય' ; 'ઊટકાર' નો અર્થ ભુલાઈ ગયો છે; પણ કોઈ તેનો આશરે આશરે 'ઊંટગાડી' એવો અર્થ ન કરતા. 'અમફઝી' એટલે 'પત્ની' , 'અમ્ફના' એટલે 'છોકરો'; 'ઊમુટી' એટલે 'ઝાડ' ; 'ઈટામ્બો' એટલે 'હાડકું' ; 'લાપા' એટલે 'અહીં' અને 'લાપો' એટલે 'ત્યાં' 'પરિઅમગેલે' એટલે 'ભૂતભાઈને ખબર' ; 'ઈલાન્ગા' એટલે 'સૂર્ય'; 'ઈન્યાન્ગા' એટલે 'ચન્દ્ર'.

દરેક ભાષામાં તળપદી ભાષા હોય છે. એલનટાઉન ( PA) ના મારા એક મિત્રના સ્ટોરમાં એક ગામડિયો અમેરિકન આવ્યો. તે કંઈક બોલતો હતો પણ મારા મિત્રના ભાઈને સમજ ન પડી. થોડીવારમાં મારા મિત્ર સ્ટોર રૂમમાંથી બહાર આવ્યા અને તેને સંભળીને કહ્યું કે 'અલ્યા એને બાથરૂમ બતાવ નહિતો પાટલુન પલાડશે.' ભાષાના આવા બધા ખેલ હોય છે. લોઈ એક ભાષાનો શબ્દ અન્ય ભાષામાં અપશબ્દ બની જાય અને 'લાફો' ખાવાનો વારો પણ આવે, જો પરદેશી તરીકેનો જલ્દી ખુલાસો નકરો તો !!!

છેલ્લે Disclaimer કે આ કોમેન્ટ બોક્ષ 'હાસ્ય દરબાર' ને લાગુ પડે છે.

**વલીભાઈ મુસા**

ભાઈશ્રી મુર્તઝા પટેલ અને પ્રજ્ઞાબેન,

મારી મે 15, 2011ની ઉપરોક્ત કોમન્ટમાંના આ છેલ્લા વાક્ય – "છેલ્લે Disclaimer કે આ કોમેન્ટ બોક્ષ 'હાસ્ય દરબાર' ને લાગુ પડે છે." ને સમજાવવું જરૂરી બની જાય છે, કેમ કે 'કેમ્ફો-કોડી-વસાકા' માં 'સાયકોલોજી'ની માસિયાઈ બહેન 'ફેકોલોજી' ની 'ટેકનોલોજી' છે.

સ્વાહિલીની જેમ ઝુલુ પણ એક આફ્રિકન ભાષા છે. 'નાલ' થી 'ઊટકાર' સુધીના શબ્દો તમિલ જ છે.

'અમફઝી' થી 'ઈન્યાન્ગા' (પરિઅમગેલે સિવાય ) તમામ 'ઝુલુ'ના ખરેખરા શબ્દો જ છે, આ બધું Google Search ના પ્રતાપે જ તો ! 'ટડોબા' અને 'ટોટો' ખરે જ સ્વાહિલીના શબ્દો છે. સૂંઠની આ બે ગાંગડીઓ વડે જ આ બધું ડિંડક ચાલ્યું છે.

મને લાગે છે કે મારા Disclaimer નો આટલો ખુલાસો પૂરતો થઈ રહેશે. સુરદાજીએ 'વિલિયમનાં હાસ્યહાઈકુ' ના સંપાદનમાં ઉપરોક્ત કોમેન્ટ સમાવી હોઈ મારા માટે ખુલાસા કરવાના આ દહાડા આવ્યા છે. આટામાં નિમક જેટલું ફેકમ ફેક જ ચાલે, મારા ભાઈ, બહેન અને ભાઈબહેનો ખરું ને!

વલીભાઈ મુસા

હા, યાદ આવે છે. અમારા પાલંનપુરના બસસ્ટેન્ડ ઉપર એક જાયન્ટ સાઈઝનું હોર્ડિંગ હતું. ગપ્પા લેન્ગવેજમાં જે મનમાં આવે તેને ગોઠવીને ઝડપથી બોલી નાખવાનું. મારો એક મિત્ર ધંધાદારી કલાકાર ન હતો, પણ પંદરેક જેટલી અભાસી ભારતીય ભાષાઓ બોલી બતાવીને મિત્રવર્તુળને મનોરંજન પૂરું પાડતો. હું અહીં ચર્ચિત વિષય ઉપર સત્ય ઘટનાત્મક એક આર્ટિકલ લખવાનો છું. સામાન્ય રીતે કોઈ માણસ જેટલાં વર્ષો સુધી પોતાની માતૃભાષા વિષયક જે કંઈ શીખ્યો હોય તે ભૂલે નહિ. મેં અમદાવાદમાં એક મદ્રાસી પાનવાળાને ગૂંચવી નાખ્યો હતો. હું આભાસી તમિલમાં કેટલાક સાચા તમિલ શબ્દો ભેળવીને એવી સ્ટાઈલથી બોલ્યો હતો કે છેવટે તેણે એમ કહીને શરણાગતી સ્વીકારી લીધી હતી કે 'મૈંને બચપનમેં હી મદ્રાસ છોડ દિયા થા, ઈસ લિએ શાયદ મૈં મેરી જબાન ભૂલ ગયા હૂં! અહમદાબાદમેં ભી હમારે ઘરમેં સબ તમિલ બોલતે હૈં | આપ તમિલમેંહી બોલતે હૈં, પર મેરી સમઝમેં કુછ નહીં આતા!" એ બિચારાને ક્યાં ખબર હતી કે હું ગમ્મત ખાતર તેની ફિલ્લમ ઊતારી રહ્યો હતો. આ વાત 1960 આસપાસની છે.

***……. ૨૪ હાઈકુ સૉનેટ…..***

**વાંચો વાંચકો,**

**સાવ પ્રયોગશીલ !**

**સુનીત હાહા !!!**

[ સુનીત/સ્વનીત/ધ્વનિત = સોનેટ ; હાહા = હાસ્યહાઈકુ ]

ઓળખી નહિ!
મુજ ભાર્યા તો નહિ?
સાચું કહેજે! (1)

ભાર્યા ન જાણું!
એટલું જાણું, તમે
મુજ કંથડા! (2)

ફરું કૂદડી
ઊંચકી હર્ષે, સૂણી
શીઘ્ર જવાબ! (3)

પડખાં વેઠ્યાં!
ત્રણ ત્રણ જણ્યાં, ને
તો ય ન શીખું? (4)

તનસૌષ્ઠવ
તવ, સાવ જ ગૌણ
મનમેળાપે! (5)

ચાલો ને નાથ,
ક્યાંક શીખવા જાયેં,
ક્યમ બાઝવું! (6)

કેમ, કેમ શું?
અતિ મિષ્ટ દાંપત્યે,
થયો અપચો! (7)

જાઉં માયકે,
ઈજાજત જો આપો?
જાણે રિસાણી! (8)

ડર રખે ને,
જો હસવાનું થાય
ખરે ખસવું! (9)

આ શું મારીને!
એકધાર્યું સુમેળે
જીવે જવાનું! (10)

ત્રણ છોકરે
હાથ ઉપાડવો, તે

**ના શોભાસ્પદ! (11)**

**તકિયો પોચો,**

**બસ, આજ તો મારો!**

**ક્રોધ કરીને! (12)**

**લે ત્યારે, પણ**

**આ શું ?તું તો હસતી!**

**ફ્લોપ ઝઘડો! (13)**

**સુખ સહીશું!**

**ભલે દુ:ખ ના પડે,**

**મિષ્ટ દાંપત્યે! (14)**

## સંવાદ

---

**પ્રજ્ઞા વ્યાસ**

નિત્ય વાંચીએ

અપ્રસન્ન દાંપત્ય

આજે આનંદ !

................

પ્રેમમાં રહી

જાત સાથે સંવાદ

સમાજ સુખી

.................

સવારે મારી?

યાદ અપાવું તને

ચૂર્ણની ફાંકી

.................

ગાળા ગાળી હેં

મારી ચા,કોફી તારી

પછી મારું હું!

.....................

સમાનતામૂલકે

પ્રાર્થીએ સૌ ઇશને

રમુજ લયે

**ચન્દ્રવદન મિસ્ત્રી**

Valibhai,
I came to read this Post several times..and to understand the deeper meanings of your Haykoo.
Many will grasp the meaning very fast…some. like me will have to struggle.
A suggestion !
After each Haykoo publication..you may give the how the Haykoo was created…& may be the deeper message you had intended to covey..You canchoose the timing of this "meaning" revalation..Most likely later on after a few Comments by others..It will be your COMMENT with THANKS to those who had given the Comments & the Chance for you to interact with these Readers.
Just a Suggestion to a Friendfrom a Friend !

**વલીભાઈ મુસા**

ચન્દ્રવદનભાઈ,

આપનું સૂચન આવકાર્ય છે, પણ વાંચક જાતે ગડમથળ કરીને હાઈકુ વાંચે એમાં જ મજા છે.આ બધાં હાસ્ય હાઈકુનો મુખ્ય ઉદ્દેશ તો હાસ્ય નિષ્પન્ન કરવાનો જ છે.

અહીં પતિ અને પત્ની વચ્ચેના સંવાદો છે. આમાં નર્મ મર્મ છે. એક્ધાર્યા સુખી દાંપત્યજીવનથી અસંતુષ્ટ નાયક-નાયિકા કંઈક વિસંવાદ ઝંખે છે. એટલે જ તો 14મા હાઈકુની પહેલી પંક્તિમાં છે :

"સુખ સહીશું" લોકો જેમ દુ:ખને સહન કરે તેમ અહીં સુખને સહન કરવાની વાત એટલા માટે છે કે અવિરત સુખ અકારું લાગે છે.

**ચન્દ્રવદન મિસ્ત્રી**

વલીભાઈ,

તમે મારા પ્રતિભાવ માટે જવાબ આપ્યો તે માટે આભાર.

તમો જે લખો છો તે માટે હું થોડો સહમત છું.

તમે લખો છો કે વાંચકો હાયકુ વાંચી, એનો મર્મ લઈ એના વિચારો તે જ યોગ્ય રહે.

હું પણ એવું માનું છું. પણ.....

જ્યારે સૌએ પ્રતિભાવો આપી ચુક્યા હોય..ત્યારે તમે એ વાંચો. અને પછી સૌનો "આભાર" દર્શાવતા, જો તમે હાયકુ  કેવા વાતાવરણમાં શક્ય થયું..કે પછી,  શું "સંદેશો" આપે છે તે કહો કે પછી અન્યના "જુદા વિચારો" સાથે સહમત છો કે કઈંક ચર્ચા..

આ બધું "એક નવી પ્રથા" રૂપે હોઈ શકે ! ફક્ત એક મારા વિચારરૂપે !

**શરદ શાહ**

પ્રિય વલીભાઈ;<br>
પ્રેમ;

તમે દાંપત્યજીવનને શૃંગાર રસમા ઝબોળ્યું હવે જરા વાસ્તવિક રુપમા જોઈએ.

ફૂલ જ ફૂલ<br>
કદી નવ ખિલતાં<br>
કાંટાઓ મળે.

બીજાં દીસીને

મહોરાં પહેરીને

અમો હસતાં.

કોણ છે ધણી?

કેમ માપ કાઢવું?

જીંદગી કાઢી.

સુધારી દઊં

એવી આશ બેઊને

નિરાશ થયા.

નિરાશ થયા?

નહીં નહીં, હવે આ

સાઠે સમજ્યા.

ટકી તો ગયા

બેઊ સહન કર્તા

લગ્ન જીવન.

શેષ શુભ.

પ્રભુશ્રિના આશિષ;

**વલીભાઈ મુસા**

વાહ, ભાઈ વાહ!

અતિ આનંદ ભયો.

કોઈક આ મતલબનો શેર છે. .... ચલતે ગએ, ઔર કારવાં બનતા ગયા.

હાઈકુ લખવાવાળાઓનો સંઘ બનતો જાય છે. એવું પણ બને કે બધા હાઈકુમાં જ વાતો કરે.

શાસ્ત્રીય સંગીતના  શોખીન શેઠે નોકરોને હૂકમ કર્યો કે દરેકે શાસ્ત્રીય ગીતરચના અને રાગમાં

વાત કરવી. ઘરગથ્થુ નોકરે પેઢીએ જઈને શાસ્ત્રીય રાગમાં અડધાએક કલાકના આલાપ પછી જણાવ્યું કે ઘરે આગ લાગી છે. સઘળો સ્ટાફ ઘરે પહોંચ્યો ત્યાં સુધીમાં તો બધું બળીને ભસ્મ થઈ ચૂક્યું હતું. ઉમાશંકરના કાવ્યની જેમ "અરે, એ તે ક્યારે ભસમ સહુ થઈ જાય પછીથી!"

**સુરેશ જાની**

વલીદા

તમારા હાહા સામે પ્રતિ હાહા લખતા હતા

પણ ન્યાં કણે તો સોનેટ હાહા ઢગલો !

એનું પ્રતિ હાહાસોનેટ શેં લખવુ? જુઓને બાપડાં પ્રજ્ઞાબેન પાંચે અને શરદભાઈ છ એ અટકીને હાંફી ગયાં ! મારે તો આમેય ફેફસાં નબળાં છે.

આથી આ નવા નક્કોર સાહિત્ય પ્રકારને સો સલામ આપી અટકું છું.

**વલીભાઈ મુસા**

હા,હાઈકુ માટે નવતર પ્રયોગ છે, છતાંય હા.. છેલ્લાં બે હાઈકુ સોનેટની જેમ જ 13મી અને 14મી લીટીએ ગણાય, જેમાં અનુક્રમે પતિ અને પત્નીના સંવાદો છે, જેમાં ફલશ્રુતિ, વિચારવળાંક જે ગણો તે છે. આમાં નર્મ મર્મ છે. એક્ધાર્યા સુખી  દાંપત્યજીવનથી અસંતુષ્ટ નાયક-નાયિકા કંઈક વિસંવાદ ઝંખે છે. એટલે જ તો 14મા હાઈકુની પહેલી પંક્તિમાં છે : "સુખ સહીશું" લોકો જેમ દુ:ખને સહન કરે તેમ અહીં સુખને સહન કરવાની વાત એટલા માટે છે કે અવિરત સુખ અકારું લાગે છે.

# વિભાગ – 3

# પ્રકીર્ણ

# હાસ્ય હાઈકુ

| ........ ૨૫ ........ |
|---|

પડછાયો યે
લઈને ચાલ્યાં,મૂકી
ટળવળતા !

| ........ ૨૬ ........ |
|---|

તાલીસંકેતે
સ્થિર પાદ,લાગી શું
વેક્યુમ બ્રેક ?

| ........ ૨૭ ........ |
|---|

ના અભણ તું !
થૈ લહિયો લખતો,
હા, પ્રેમપત્ર !

| ........ ૨૮ ........ |
|---|

દૃષ્ટિકેમેરે,
થઈ ફ્લૅશગન તું,
આંજે મુજને !

| ........ ૨૯ ........ |
|---|

ઉરે પાલવ,
લાળ ટપકતી શું !
હવે થ્યાં મોટાં !

| ........ ૩૦ ........ |
|---|

દેવુની પારૂ,
પ્લાસ્ટિક સર્જરીથી
ઘાવ રૂઝાવે !
[બંગાળી નવલકથા ‘દેવદાસ‘ ઉપર આધારિત]

| ........ ૩૧ ........ |
|---|

સંસારઘાણી,
વરવધૂ ફેરવે,
લગ્નમંડપે !

| ........ ૩૨ ........ |
|---|

ઢોલ ઢબૂકે,
નાચનિષેધ, કન્યા
ભીડે પલાંઠી !

| ........ ૩૩ ........ |
|---|

કેશગૂંફન
તવ, સુગરીમાળો !
પ્રવેશ બંધ !

| ........ ૩૪ ........ |
|---|

મોં મચકોડ્યું !
અમે નવ આમલી,
જૂઓ તો ચાખી !

| ........ ૩૫ ........ |
|---|

તવ આલ્બમે,
વય બદલી, હું યે
સાથ નિભાવું !

| ........ ૩૬ ........ |
|---|

ફૂલદાની થૈ,
બદલે નિત ફૂલ,
તુજ અંબોડો !

| ........ ૩૭ ........ |
|---|

ગુલબદન !
‘જો, પેલું ગુલ ઝૂકે,
તને સૂંઘવા !’

| ........ ૩૮ ........ |
|---|

સામી છાતીએ
ભાસો નાગણ ! પીઠે
નાગચોટલો !

| ........ ૩૯ ........ |
|---|

શૃંગારમેજે
મિથ્યા શ્રમ તવ !
કાં સૌંદર્ય ચૂંથે !

| ........ ૪૦ ........ |
|---|

આળસ ખાતાં !
કથક નૃત્ય તણી
જાણે ઝલક !

| ........ ૪૧ ........ |
|---|

તમે શીખવ્યું,
ક્યમ તરફડવું ?
નીકળ્યાં ગુરુ !

| ........ ૪૨ ........ |
|---|

ભલી કાળજી !
નિદ્રાભંગ ભય શું
નગ્ન કલાઈ !

| ........ ૪૩ ........ |
|---|

શર્મઘરેણે,
તુજ દેહઘરેણાં
લાજી મરતાં !

| ........ ૪૪ ........ |
|---|

શરમભારે
લચી ગરદન, ને
ઢીંચણટેકો !

| ........ ૪૫ ........ |
|---|

તું ભતિયારી,
ભૂખ્યો ડાંસ હું, ભાગું
જીવનશેઢે !

**........ ૪૬ ........**

લવારું બોલે
સીધા બે, મનુબાળ
ઘૂંટે એકડો !

**........ ૪૭ ........**

મારગમધ્યે,
પેટ્રોધૂમ્ર સોડમે,
ગો-કુળ ધામા!

**........ ૪૮ ........**

શબવાહિની
વહે શબ,સાથ લૈ
ભાવી મડદાં !

**........ ૪૯ ........**

શી હઠ તવ !
રહ્યાં ઊંચકવાં, ત્યાં
કબર ભણી !

**........ ૫૦ ........**

સારસયુગ્મ
ખંડિત થૈ, સ્ટફ
થયું સજોડે !

**........ ૫૧ ........**

બીમાર મેના,
બંધ પિંજર, તોય
ઊડી પડી રે !

**........ ૫૨ ........**

**આંગળી ઝાલી**
**શિશુજરઠ ચાલે,**
**કોણ સહારો ?**

**........ ૫૩ ........**

‘હાઈકુ’! તવ
ભલે બદન નાનું,
ભાસે જટિલ!

**........ ૫૪ ........**

ગુરૂશંકાએ
પેઈડ શૌચાલયે
ફ્રી લઘુશંકા!

…….. ૫૫ ……..

લજામણી તું!
વણસ્પર્શે લાજતી,

મળતાં દૃષ્ટિ!

…….. ૫૬ ……..

આશિષ તને,
અખંડ સૌભાગ્યની!

કઠે કાળજે!

…….. ૫૭ ……..

ઉમ્રકેદી છું!
હૃદયસ્વામિની, ના

ચહું છૂટવા!

…….. ૫૮ ……..

પાંપણભાર
ના ઊંચકાયે, રહ્યાં

અબળા ખરે!

…….. ૫૯ ……..

કંઠહાર તો
અવરોધતો, ચુસ્ત

આલિંગનને!

**........ ૬૦ ........**

વીંછીડંખશી
લટ વક્ર ઝળૂંબે
ભાલપ્રદેશે!

**........ ૬૧ ........**

વદનછાબ,
સભર દંતચમેલી
ઓષ્ઠગુલાબે!

**........ ૬૨ ........**

શીર્ષવેદના!
રામબાણ ઈલાજ,
હથેળી તવ!

**........ ૬૩ ........**

નવણગાળો!
ટેન્ટેલસ નૃપની
યાદ અપાવે!

**........ ૬૪ ........**

ગૃહ-મંદિરે
બેઉ પરમેશ્વર!
તું પૂજારણ!

**…….. ૬૫ ……..**

મુજ નજર
થૈ શર ખૂંપે, તવ
ગાલે ખંજન!

**…….. ૬૬ ……..**

સુંવાળું તન
થૈ બરછટ, ઘસે
સુંવાળો સાબુ!

**…….. ૬૭ ……..**

ધોબીધોયલાં
કપડાં કરડે, ને
યાદ પંપાળે!

**…….. ૬૮ ……..**

પાન ખરંતાં,
ખરે જ પાનખરે,
વૃક્ષ નંગોડાં!

**…….. ૬૯ ……..**

ઘેઘૂર વડ
ખીંટી, વળગિયાં ત્યાં
ચામાચીડિયાં!

| ........ ૭૦ ........ |
|---|

ફકીરભાલે
ફિકર જીવનભર,
ભીખલકીર!

| ........ ૭૧ ........ |
|---|

ભાગતી બિલ્લી
ઉંદર જોઈ, વ્હેમ
ટિક ટ્વેન્ટીનો!

| ........ ૭૨ ........ |
|---|

માનવઘેટાં
હૂંફ માણે શિયાળે,
કંપતાં પેલાં!

| ........ ૭૩ ........ |
|---|

મોટેલમેજે
બ્રન્ચવેળાએ, ખાધી
પોમેટો ચિપ્સ!

| ........ ૭૪ ........ |
|---|

અમલદાર
દરમાયો લાંઘતા,
પ્રજા ઘોરતી!

**…….. ૭૫ ……..**

લોકશાહીમાં
શાહીલોકને થાયે
તાગડધિન્ના!

**…….. ૭૬ ……..**

ચૂંટણી ફંડ
લોકશાહી મંદિરે
ગુપ્ત જ દાન!

**…….. ૭૭ ……..**

મોંઘું માખણ
થઈ હલકું, કરે
છાશસવારી!

**…….. ૭૮ ……..**

બાહુબંધન
છૂટ્યાં જેલપ્રવેશે,
ભીંસે દિવાલો!

# વિભાગ – ૪

# પ્રહસન

## કલારત્નયુગ્મની કલાકમાલ! (પ્રહસન) - ૧

‘હેલો, વલીભાઈ’

’આપ કોણ? ઓળખાણ આપશો, જરા!’

’જરા શું, પૂરી આપીશ! પરંતુ, અવાજ ઉપરથી ઓળખાણ ન પડી? ભલે તો અંદાજે નામ બોલતા જાઓ, સાચું નામ આવશે ત્યારે ‘હા’ પાડીશ!’

’અમેરિકાથી સુરદા?’

’ના’

‘તો પછી, ‘રાત્રિ’?’

’મને લાગે છે કે તમે આઠદસ નામ એકસાથે બોલી નાખો! તેમાં મારું નામ આવશે તો તરત હા પાડી દઈશ! આજે તો તમારી પરીક્ષા કરવી છે!’

’ટકલુ, ફેટી, છોટમ, ગાંડાલાલ, ઢેબર, ઓબામા, મનમોહનસિંઘજી, લાલુજી!’

’બસ, બસ! તમે તો ઠોકંઠોક કરવા માંડ્યા! ટકલુથી ઢેબર સુધી તો બરાબર, પણ પાછળવાળા ગુજરાતી બોલી શકે ખરા, ભલા માણસ! લ્યો, કહી જ દેવું પડશે! હું સુરદા!’

’એ નામ તો મેં પહેલું જ આપ્યું હતું, તો પછી ના કેમ પાડી?’

’તમારી પાક્કી પરીક્ષા કરવા!’

’હોઓ… I see! પણ દોસ્તી કરવા પહેલાં પરીક્ષા થાય કે પછી પણ પરીક્ષા ચાલુ જ રહે!’

’એ બધી વાત પછી! કામની વાત જરા પહેલી કરી નાખીએ. આજે લાંબુ નહિ ખેંચાય. મારે હાસ્ય દરબારે જવાનો સમય થઈ ગયો છે. તો સાંભળો, અહીંથી બે માણસો ઈન્ડીઆ તમારી પાસે આવે છે. તમારે ઈન્ટવ્યુ લઈને મને અથવા ‘રાત્રિ’ને જણાવવાનું છે કે તેઓ આપણા હાસ્ય દરબારનાં રત્નો થવા માટે લાયક છે કે કેમ?’

‘પણ આપણે નવ રત્ન તો થઈ ગયાં છે! આપણે અકબરભાઈથી આગળ જવાય ખરું!’

‘અકબરભાઈ! હું સમજ્યો નહિ, એ વળી કોણ?’

‘ભલા માણસ! અવલોકનો કરવામાં અક્કલ ચાલે છે અને એટલીય ખબર ન પડી કે હું દિલ્હીવાળા મોગલ બાદશાહની વાત કરું છું!

'તમેય યાર, કમાલ કરો છો! 'અકબર' કહો તો તરત ખબર પડી જાય! તમે તો નામની પાછળ 'ભાઈ' ઉમેર્યું!'

'તે આપણે થોડા હુમાયુ છીએ કે એમને 'અકબર' કહીને બોલાવીએ! ઇતિહાસકારો પણ વિવેકભાન જાળવતા નથી હોતા! અમારા ગામમાં તો કોઈનું નામ ગમે તે હોય પાછળ માન+નામવાચક 'ભાઈ' કે 'બાઈ-બહેન-બેન' લાગે જ! એટલા માટે તો હું 'વલીભાઈ' તરીકે ઓળખાઉં છું ને! આપણે અવળી વાતે ચઢ્યા! તમારી પાસે સમય નથી તો આડીઅવળી વાતો મેલો પડતી! પણ તેઓ On line ઈન્ટરવ્યુ ન આપી શકે કે દસ હજાર માઈલ છેટેથી બિચારાઓને ખોટો ખર્ચ કરાવીને અહીં મોકલો છો!'

'પણ તમે Face Reading ન કરી શકો ને!'

'ભલા માણસ, વેબ કેમેરાથી એ પણ થઈ શકે! તમારી બંનેની મતિ પોતાની ધરી ઉપરથી ખસી ગઈ લાગે છે!'

'તમે હમણાં જ ન કહ્યું કે આપણે 'નવ'ની સંખ્યા થઈ ગઈ છે, એટલે તેમની માગણીને ઠેબે ચઢાવવા અમે તેમ કર્યું છે! રત્નો થવા નીકળ્યા છે, તો એટલું તો તેમને સમજાવું જોઈએ ને! પણ કહેવાય છે ને કે ગરજવાનને અક્કલ ન હોય!'

'આપણે બંધારણમાં સુધારો કરવો પડશે, જો તેમની પસંદગી થાય તો કુલ રત્નો અગિયાર થશે.'

'આપણે બંધારણમાં સુધારાથી 'અગિયાર' નો આંકડો તો કરી જ નાખીએ અને તેમને બંનેને લઈશું તોયે ભવિષ્ય માટેની એક જગ્યા તો ખાલી રહેશે જ!'

'તમે ૬૦+ ગુજરાતીઓ ગ્રુપના ખરેખર બાળડોસલા જ થઈ ગયા લાગો છો! મને લાગે છે કે તમને બાલમંદિરમાં દાખલ કરવા પડશે! ભલા, નવમાં બે ઉમેરાય તો અગિયાર થાય કે દસ? પેલું હિંદીમાં પણ બોલાતું યાદ નથી કે 'નૌ દો ગ્યારહ'!'

'પણ એ લોકો જોડીમાં જ રહીને એક જ રત્ન ગણાવા માગે છે!'

'એમ કેમ?'

'કોઈ એકનું તેમની સંયુક્ત કલામાં વ્યક્તિગત કોઈ વજુદ જ નહિ એટલે!'

'આ વાલીડું જબરું! એવી વળી એમની પાસે કઈ કલા છે કે જોડીમાં જ હાલે! મદારી-જંબુરિયા જેવું તો નહિ!'

'ના, સાવ જુદું જ! એક જણ હળાહળ જૂઠું બોલે અને બીજો તે જૂઠને દલીલો દ્વારા સાચું સાબિત કરી બતાવે! બંનેનું પ્રમાણિક માનવું છે કે જેનું કામ તે તે જ કરે!'

‘આવું તો ક્યાંક અકબરભાઈ, અરે સોરી, અકબરભાઈ, અરે ડબલ સોરી, અકબર બાદશાહના સમયમાં આવા બે દાવેદાર ફૂટી નીકળ્યા હતા! પણ, તેમને તો રત્નો તરીકે સ્વીકારવાના બદલે કલાની કદર રૂપે મોટાં ઈનામો આપીને રવાના કરી દેવામાં આવ્યા હતા!’

‘આ લોકોને એ વાતની ખબર છે એટલે તેઓ એ જ કલા દ્વારા આપણા ત્યાં રત્ન બનવા માગે છે! તેમનું કહેવું છે કે તેઓ એ લોકોની એક ભૂલ સુધારવા માગે છે! ભૂલ એ કે તેઓ આખાં રત્ન તરીકે ઓળખાઈને દસમા અને અગિયારમા રત્ન તરીકે સ્થાન મેળવવા માગતા હતા, જે મંજૂર ન થયું! તેમની વાત પણ સાચી જ છે કે દરેકની પાસે કલાનો પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ જ હતો!’

‘એ લોકો પાસેથી એવું બીજું કંઈ જાણવા મળ્યું કે પેલા લોકોને રત્ન ન બનાવવા પાછળ અન્ય કોઈ પરિબળે ભાગ ભજવ્યો હોય!’

‘હા, એમનું કહેવું હતું કે બિરબલની પણ પૂરેપૂરી આડોડાઈ હોવી જોઈએ! એણે કદાચ બાદશાહને એમ કહીને ભરમાવ્યા હોય કે ‘ઈન દોનોંકો રત્ન બનાના ઔર દરબાર યા મહલમેં રખના ખતરેસે ખાલી નહિ રહેગા, જહાંપનાહ!’. તેણે વિગતે ફોડ પાડ્યો હશે કે એ બંને પોતાની કલાના દુરુપયોગથી બાદશાહ અને બેગમો, આપસ આપસમાં બેગમો, તે પોતે અને બાદશાહ, માંહેમાંહે પ્રધાનમંડળના પ્રધાનો અને નવેય રત્નો એમ તમામે તમામને એક અથવા બીજી રીતે લડાવી મારશે અને એકબીજા પ્રત્યે અવિશ્વાસનું વાતાવરણ ઊભું કરશે!’

‘એ લોકો જ સામેથી આમ કહેતા હોય તો આપણાથી ઝેરનાં પારખાં થાય ખરાં!’

‘વલીભાઈ, ત્યાં તો પેલા બાદશાહને મોટું રાજ્ય ચલાવવાનું હતું, આપણે એવું થોડું છે! આપણો તો હાસ્ય દરબાર છે – ટોળટપ્પાં, હસીમજાક, હાસ્યનો હાહાકાર, હાસ્યખજાનો, હાસ્યનો હંગામો, એકબીજાની ટાંટિયાખેંચ, ફિલ્લમ ફિલ્લમ, હાહા-હીહી-હુહુ જેવી રમુજી રમતો રમવાનું એક મોકળું મેદાન! જો ઈન્ટરવ્યુમાં તેઓ સફળ થાય તો અમારું (મારું અને ‘રાત્રિ’નું) માનવું છે કે આપણને તેમનાથી કોઈ હાનિ નહિ થાય!’

‘તો તો સુરદા, તમે લોકો જ ઈન્ટરવ્યુ લઈને વાતનો પાર મેલો. આમ છતાંય જો તમારો આગ્રહ હોય તો હું વેબ કેમેરા સાથે On line જ એમનો ઈન્ટરવ્યુ લઉં. પરંતુ, હાલ જ એક આઈડીઆ મારા મગજમાં Click થયો છે કે આપણે પાંચેય જણા કોન્ફરન્સ ફોનથી ઈન્ટરવ્યુ પતાવી દઈએ તો! તેમને ખોટા મોટા ખર્ચમાં ઊતારવાના બદલે સ્વૈચ્છિક જે કંઈ આપે તે આપણા નિવૃત્ત દરબારીજનના કલ્યાણભંડોળના ફાળા તરીકે સ્વીકારી લઈશું, તમારું શું માનવું છે?’

‘બરાબર, ચાલો એમ જ રાખીએ. હું ‘રાત્રિ’ને સમજાવી દઈશ.’

## *કલારત્નયુગ્મની કલાકમાલ! (પ્રહસન) - ૨*

‘હેલો, વલીભાઈ. વેબ કેમેરાથી અમે ત્રણેય જણ તમને દેખાતા હોઈશું જ. મારા ફોનનું સ્પીકર On છે. મારી પાસેના બે મિત્રોને ઓળખી લો. ‘રાત્રિ’ પણ તેમના ઘરેથી આપણી સાથે જોડાએલા છે. લ્યો, પૂછવાનું શરૂ કરો.’

‘ભાઈઓ, જરા તમારાં નામો જણાવશો?’

‘ના જી, અમારાં નામોથી આપને શું નિસ્બત? અમારાં કામથી જ અમને જાણી લો. હું છું Liar અને મારો જોડીદાર છે, Lawyer! મારું કામ ન મનાય તેવું જૂઠું બોલવાનું અને મારા પાર્ટનરે દલીલોથી તેને સાચું સાબિત કરી આપવાનું!’

‘પેલી દુનિયાભરની કોર્ટકચેરીઓ અને રાજકારણમાં થતું આવે છે તેવું જ કે?’

‘શું ‘રાત્રિ’ભાઈ બોલ્યા કે? હા, તો મિ. Liar, એક સેમ્પલ થવા દેશો કે?’

‘હા,હા. કેમ નહિ? ઈન્ટરવ્યુ તો છે. અમે સુરદાજીના ઘરે આવતા હતા ત્યારે રસ્તામાં એક પચાસેક ફૂટ ઊંચું ઝાડ જોયું, જેની ટોચ ઉપરનાં પાંદડાં એક બકરી ખાતી હતી!’

‘તમે આ વલદાને મૂર્ખ નહિ બનાવી શકો! તમારો Lawyer શું દલીલ આપવાનો હતો! હું જ કહી દઉં કે એ ઝાડ ઊંડા ખાડામાં ઊગેલું હતું! આ તમારું પહેલું જ સેમ્પલ મૌલિક નથી. અકબર બાદશાહના ત્યાં તમારો જ નાતીલો આ જૂઠ બોલ્યો હતો. તમે તો ભૂતકાળની વાત તમારા નામે ચઢાવો છો, કેમ સુરદા બરાબર કે?’

‘ભાઈ વલદા, આ વકીલજીને તો બોલવા દો! બોલો ભાઈ, તમારું શું કહેવું છે?’

‘જનાબ, મારે જે જવાબ આપવાનો હતો, તે જ વલદા અંકલે આપી દીધો છે! પણ તેમનો આક્ષેપ કે અમે ભૂતકાળની કોઈ વાતને અમારા વર્તમાન તરીકે ખપાવીએ છીએ, તેના સામે મારો સખ્ત વાંધો છે. હકીકતમાં તો પેલા બાદશાહવાળા જૂઠિયાએ તો ભવિષ્યમાં એટલે કે આજે અમે જે બોલવા જવાના છીએ કે બોલ્યા હોત તેને પોતાના વર્તમાનમાં ખપાવીને અમારા જ કોપીરાઈટ જેવા કલાકૌશલ્યને પોતાના નામે ચઢાવી દીધું છે, તેને તો તમે લોકો Clean Chit આપતા હો તેવું મને તો લાગે છે! તમને કદાચ ખબર નહિ હોય, પણ તેઓ બંને ત્રિકાળ જ્ઞાની હતા અને આ કોન્ફરન્સ જે ચાલી રહી છે, તેની પણ એ લોકોને ખબર જ હતી!’

‘માન ગએ, ભીરુ માન ગએ! બહોત ખુબ, બહોત ખુબ!’

'સુરદા, જરા 'રાત્રિ'ને તમારી ભાષામાં સમજાવી દો કે આ કોઈ મુશાયરો નથી! ઈન્ટરવ્યુ લેનાર તરીકેનો Protocol (શિષ્ટાચાર) જળવાય તે જરૂરી છે!'

'ભાઈ વલદા, 'રાત્રિ'ની આ જ મોટી કમજોરી છે. એ સીધી લીટીના એવા ભલાભોળા માણસ છે કે તેમના હૈયામાં હોય તે હોઠે આવી જ જાય! હાલ જ જોયું? ભાઈ, આ લોકોના પડખે બેસી ગયા!'

'અલ્યા એઓ, તમે બે જણા એકબીજા સામે આંખો ઊલાળો છો! પણ, તમને કદાચ ખબર નહિ હોય કે અમે ત્રણેય ગાઢ મિત્રો છીએ અને અમારી વચ્ચે આવી નોકઝોક તો સામાન્ય છે! By the way, તમારા બીજા નમૂનાને સાંભળવા પહેલાં એક વાત મિ. Lawyer ને પૂછું છું કે તમારી દલીલબાજી One way જ હોય છે કે? મારો મતલબ છે કે તમારો Liar મિત્ર ભૂલથી સાચું બોલી જાય, તો Vice versa તેને ખોટું સાબિત કરી શકો કે!'

'અલબત્ત! એ કરી શકું. વળી એનાથી આગળની વાત પણ સાંભળી લો કે આપણી દુનિયામાં અમે બે જણા જ નહિ, પણ તમારા સુદ્ધાં સૌ કોઈ કરતા હોય છે, તેવું જ પૂર્ણ સત્યને અર્ધ સત્ય અને Vice versa અર્ધ સત્યને પૂર્ણ તરીકે પણ હું પ્રસ્થાપિત કરી શકું છું! આવું જ આગળ પણ જાણી લો કે પૂર્ણ જૂઠને અર્ધ જૂઠ અને Vice versa અર્ધ જૂઠને પૂર્ણ જૂઠ પણ હું ઠેરવી શકું! આ કોઈ મારી કોઈ અંગત સિદ્ધિ નથી કે હું કોઈ બીજા ગ્રહમાંથી પણ આવ્યો નથી! હું તમારામાંનો જ છું, ફરક માત્ર એટલો કે તમે મારા જેવું કરતાં કોઈક વાર પકડાઈ જાઓ, ત્યારે મારે એવું કદીયે ન થાય! આટલો આત્મવિશ્વાસ છે માટે જ તો બબ્બે લાખની Hits સુધી પહોંચેલા મશહૂર હાસ્ય દરબારનાં રત્નોનો ખિતાબ તમારા બંધારણમાં સુધારો કરાવડાવીને પણ મેળવવા અહીં આવ્યા છીએ અને આ ઈન્ટરવ્યુ આપી રહ્યા છીએ.'

''રાત્રિ', વાલીડા માફ કરજો, મારા વીરા! તમને ભલાભોળા ગણાવ્યા, એમાં તો તમે સાવ ગંભીર બની ગયા! હું અને વલદા તો તમારા સામા છેડે આવીએ અને છતાંય કોઈ અમને 'ભલાભોળા' કહે તો અમારો તો પિત્તો જ જાય! 'ભલાભોળા' હોઈએ નહિ અને શાનો કોઈ અમને એમ કહી જાય! કેમ વલદા, ખરું કે?'

'હંઅ, તો તમે લોકો Three in one છો! જૂઠાનું સાચું – Vice versa, પૂર્ણ સત્યનું અર્ધ સત્ય – Vice versa અને પૂર્ણ જૂઠનું અર્ધ જૂઠ – Vice versa કરી શકો છો!'

'હવે, સુરદા અને વલદા, તમને બંનેને તો આ લોકોએ મેહાંણા (મહેસાણા) બાજુના સમજી લીધા હશે એટલે એ તમારાં નામો છે, તેની તેમને ખબર પડી જ હશે! પણ મારા માટેના 'રાત્રિ' – 'રાત્રિ' સંબોધનથી તેઓ ગૂંચવાઈ ન જાય માટે એમને કહી દો કે 'રાત્રિ' એટલે રાજેન્દ્ર ત્રિવેદી!'

'જોયું? અમે ભાઈને ભોળા અમસ્તા નથી કહ્યા! અલ્યા ભાઈ 'રાત્રિ', એ તો કહેવાઈ જ ગયું, તમારાથી તેમને કે તમે રાજેન્દ્ર ત્રિવેદી છો! ભલા માણસ, આ કોન્ફરન્સ કોલથી વાત થાય છે અને સ્પીકર પણ On છે! '

'હા, તો ભાઈશ્રી Liar, તમે ક્યારનાય ખામોશ બેઠા છો. જાઓ, તમારા પહેલા સેમ્પલને અમે શકનો લાભ (Benefit of doubt) આપીને માન્ય કરીએ છીએ. તમારા Three in one અને Vice versa થકી કુલ છ પૈકી હવે બાકીના પાંચમાં સફળ થશો, તો તમારું બંનેનું હાસ્ય દરબારમાં ૧૦-અ અને ૧૦-બ તરીકેનું સ્થાન પાકું સમજજો. પણ, જોડે જોડે એક વાત યાદ અપાવી દઉં કે સુરદાજીએ તમને જણાવ્યું જ હશે કે તમારી રત્ન તરીકેની પસંદગી થાય, તો ઈન્ડીઆ જવા-આવવાના બચેલા ખર્ચના સામે તમારે નિવૃત્ત હાસ્યદરબારજનોના કલ્યાણભંડોળમાં ખરેખરો ફાળો નોંધાવવાનો છે, માત્ર દલીલબાજીવાળો નહિ હોં કે!' તો હવે એક સાચું કથન કહી બતાવો, મિ. Liar! જો કે તમે જૂઠું બોલવાને ટેવાએલા હશો એટલે સાચું બોલવું થોડુંક કાઠું તો પડશે, પણ શું કરીએ ભાઈ, આતો ઈન્ટરવ્યુ છે અને તેને તમારે Face તો કરવો જ પડે ને!'

'હું મારી પત્નીનો પતિ છું.'

'ખોટી વાત! તું તેને પરણ્યા પહેલાં તો તેનો પતિ બની શકે જ નહિ, કેમ કે તે પરાઈ છોકરી હતી અને તે જગ જાહેર વાત છે. હવે હાલ તું તેની સાથે પરણેલો છે, તો ય તેનો પતિ ગણાય નહિ કેમકે હવે તેના પિતાના સ્થાને તારું નામ આવી ગયું! તો ભલા માણસ, તું તેનો બાપ બન્યો કે પતિ? હવે એક શક્યતા બાકી રહે છે કે તું તેને છૂટાછેડા આપે અને ફરી તેનું નવા પતિ સાથે નામ બદલાઈ જાય તો ઓછામાં ઓછું એટલું તો તું કોઈને જરૂર કહી શકે કે તું એકદા તેનો પતિ હતો! પણ, એ તો ભવિષ્યે, હાલમાં તો હરગિજ નહિ!'

'જૂઓ વલદા, હવે હું 'માન ગએ, માન ગએ' નહિ બોલું! હવે તમારો વારો. બોલો, બોલો!'

'અલ્યા, મને વહેમ જાય છે! તમે લોકો અગાઉથી ગોઠવી કાઢેલું જ અહીં રજૂ કરો છો! આટલો શીઘ્ર જવાબ તો કોઈ ન આપી શકે, કેમ વલદા અને રાત્રિ!'

'તો ત્રીજો પ્રશ્ન કે વિધાન મિ. Liar ને તમે આપો! અમે અમારી કલામાં કદીય બેઈમાની કરતા નથી.'

'ચાલો, ચાલો. માની લીધું! હવે મિ. Liar એક પૂર્ણ સત્ય હો જાય!'

'પૂર્ણ સત્ય એ છે કે સૌ કોઈ માતાની કૂખે જ જન્મે છે.'

'ભાઈ મારા, જગતની પ્રથમ સ્ત્રી 'ઈવ' (હવ્વા) અને સઘળા જીવોની પહેલી માદાઓ તારી વાતના અપવાદો છે!'

'અલ્યા ભાઈ, ત્રણ આઈટમો તો થઈ ગઈ! હવે ચોથીની Hint તો સુરદા કે 'રાત્રિ', તમારા બેમાંથી કોઈ એક જણ આપો. હવે યાદ રાખજો કે અર્ધ સત્ય કહેવાનું છે, જેને મિ. Lawyer પૂર્ણ સત્ય તરીકે સાબિત કરી બતાવશે!'

'અલ્યા એમ કરીએ તો! મિ. Liar ને મૂકીએ પડતા અને બાકીના ત્રણેય મુદ્દા આપણે ત્રણેય વારાફરતી પૂરા કરીએ, જેથી Match Fixing નો આપણો વહેમ પણ નીકળી જાય!'

'હા, હા. તમે લોકો જરૂર એમ કરી શકો છો! ભાઈ Liar હવે તારે ખામોશ રહેવાનું છે. બોલો, 'રાત્રિ'ભાઈ, પહેલો વારો તમારો જ રાખો.'

'હાથ કે પગનો અંગુઠો આંગળી પણ બની શકે!'

'તમારા વિધાનનું સંપૂર્ણ સત્ય એ છે કે ખોડવિહીન કોઈ માણસને તેના બંને હાથ અને બંને પગનાં આંગળાં કેટલાં એમ પૂછવામાં આવે તો કોઈ ૧૬ નહિ કહે, ૨૦ જ કહેશે.'

'અલ્યા, આ તો હદ થાય છે! આપણી સાધારણસભા એવું તો નહિ કરે કે આપણા ત્રણેયનાં હાસ્ય દરબારનાં રત્નો તરીકેનાં અગ્રતાક્રમે આવતાં આપણાં સ્થાન આ નામોશીભરી આપણી હાર બદલ છીનવી લે!'

'ના, ના. એવું તો નહિ જ બને! બધાય સમજશે જ કે આ બંને જણા ખરેખર Genius છે જ! હવે વલદાનો વારો છેલ્લો, સુરદા તમે બરાબર વિચારીને એક પૂર્ણ જૂઠ બોલી નાખો!'

'તો સાંભળો, મિ. Lawyer. હું મારી સાસરીએ ગયો હતો. બપોરે જમ્યા પછી મારી રોજની આદત મુજબ મારા ઉતારાના મેડે સોફામાં વામકુક્ષિ કરી રહ્યો હતો. ત્યાં તો મારી આંખ મળી ગઈ અને ઊંઘમાં પડખું ફરતાં ધડીમ્ અવાજે ફ્લોર ઉપર પડ્યો અને નીચેથી મારાં સાસુબાનો પ્રશ્ન આવ્યો, 'શું પડ્યું?' મે કહ્યું, 'પાયજામો!' તેમણે કહ્યું, 'પાયજામાનો આટલો મોટો અવાજ!' મેં કહ્યું, ' એ તો પાયજામામાં હું પહેરાએલો હતો ને!'

'જૂઓ સુરભા, તમારે પૂર્ણ જૂઠ બોલવાનું હતું, અને તમારા મતે કદાચ તે પૂર્ણ જૂઠ હશે; પણ ગમે તે રીતે, મારે તો તેને અર્ધ જૂઠ જ સાબિત કરી આપવાનું છે અને તે મારા માટે જરાયે મુશ્કેલ નથી. તમારે સાસુબાને એમ કહેવું જોઈતું હતું કે પાયજામો અને કુરતું બંને પડ્યાં! કોઈ જમાઈ દહાડેદીવે સાસરીમાં ખુલ્લા બદને સૂએ નહિ! માટે તમે અર્ધું જૂઠું જ બોલ્યા કહેવાઓ, કેમ વડીલો મારી દલીલ વ્યાજબી છે કે નહિ?'

'વાહ, ક્યા બાત હૈ! લ્યો, વલદા! હવે તમારો છેલ્લો વારો! હવે જો તમારું પણ સુરસુરિયું થયું, તો આ બેઉ હાસ્ય દરબારના Fifty Fifty રત્ન તરીકે નક્કી જ સમજો. હવે તમારે અર્ધજૂઠ બોલવાનું છે,

જેને મિ. Lawyerજી પૂર્ણ જૂઠ સાબિત કરશે તો આ ઈન્ટરવ્યુ પૂરો થયો ગણાશે! કેમ ભાઈલાઓ, ખરું કે?'

'હા, હા! એમાં કોઈ બે મત હોઈ શકે જ નહિ, આમ છતાંય એ તો છેલ્લે જ ખબર પડશે કે 'ઊંટ કિસ કરવટ બૈઠતા હૈ!' તો, ભાઈશ્રી Lawyer સાંભળો. હું જે કંઈ બોલવા જઈ રહ્યો છું, તે આપણા ઈન્ટરવ્યુનું મારું આખરી વિધાન છે અને તે પણ અર્ધજૂઠ છે! હવે તમે જો તેને પૂર્ણ જૂઠ તરીકે સાબિત કરો તો તમે વિજેતા ખરા! પણ તમને બંનેને સંયુકત રીતે રત્ન તરીકે સ્વીકારવા કે ન સ્વીકારવા તે તો આપણે બંને જૂથોએ પરસ્પર સ્વીકાર્ય એવા નતીજાએ પહોંચીએ ત્યારે જ નક્કી થશે, હોં! તો મારું અર્ધજૂઠ વિધાન છે કે અમે Match Fixing જેવું જ કર્યું છે કે તમારા બંનેમાંથી કોઈ એકને જ આખા અને દસમા રત્ન તરીકે સ્વીકારવા!'

'Hurrah! Hurrah! Hurrah!'

'જૂઓ વડીલો ઊતાવળા થશો મા! વલદા અંકલે ભલેને મજાની સોગઠી ખેલી હોય, પણ એમાં તેઓશ્રી એક જબરદસ્ત ભૂલથાપ ખાઈ ગયા છે. બધાયને યાદ રહે કે તેમનું વિધાન અર્ધજૂઠ છે! આપ સૌ સારી રીતે જાણો છો કે અમે અમારી કલા સંયુક્ત રીતે જ પ્રદર્શિત કરી શકીએ છીએ અને અમારી શરૂઆતથી જ માગણી એ જ રહી છે કે કાં તો અમને બંનેને ૧૦ અ અને ૧૦ બ ક્રમે રત્ન તરીકે જાહેર કરવામાં આવે અથવા અમને બંનેને નામંજૂર કરવામાં આવે. આમ મારી આ દલીલે અંકલનું વિધાન પૂર્ણજૂઠ તરીકે એ રીતે સાબિત થાય છે કે અમારામાંના કોઈ એકને નહિ, પણ અમને બંનેને દરબારી રત્ન તરીકે નામંજૂર કરવામાં આવે!'

'લ્યો, તો તો મારે મારા વિધાન દ્વારા તમારા મોંઢે એ જ નક્કી કરાવવાનું હતું અને તે થઈને જ રહ્યું! તો પછી, તમારો ઈન્ટરવ્યુ પૂર્ણ અને તમે વિજેતા જાહેર ખરા; પણ અમારે તમને બંનેને રત્ન તરીકે તો ન જ લેવાના, બરાબરને!'

'ના બિલકુલ નહિ, કેમ કે હજુ આપણે બંને જૂથોએ પરસ્પર સ્વીકાર્ય એવા નતીજા ઉપર આવવાનું બાકી છે. ફરીવાર આપણે 'સત્ય' અને 'જૂઠ'ને સમજી તો લઈએ. કોઈ પણ બાબતનું સત્ય જે હોય તેનાથી સાવ વિરોધી, વ્યસ્ત કે ઊલટું જે હોય તે જૂઠ અને તે જ રીતે Vice versa સમજવું પડે. વલદા અંકલના વિધાનને મેં પૂર્ણ જૂઠ તરીકે સાબિત કરી દીધું હોઈ હવે તેનું જ વિરોધી, વ્યસ્ત કે ઊલટું જ વાસ્તવિક સત્ય તરીકે પુરવાર થાય છે. આમ સત્ય તો એ જ નિષ્કર્ષરૂપે આપણી સામે આવ્યું કે તમારે લોકોએ અમને બંનેને સંયુક્ત રીતે જ હાસ્ય દરબારના એક જ રત્ન તરીકે સ્વીકારવા જ પડે!'

'અલ્યા, વાલીડાએ ધારદાર દલીલ આપીને પોતાની બાજી છેવટે તો પોતાના તરફે જ અંકે કરી લીધી! વાહ, ભાઈ વાહ! ચાલો, તમે વિજેતા જાહેર અને વળી હાસ્ય દરબારનાં રત્ન તરીકે પણ તમે અમને કબૂલ! તમને બંનેને ખૂબ ખૂબ અભિનંદન! હાસ્ય દરબારમાં તમારું ભાવભીનું સ્વાગત કરતાં અમે રોમાંચ અનુભવીએ છીએ. ધન્યવાદ, Good Night, શબ્બા ખૈર, શુભ રજની. એ બધાયે આવજો!'

## કલારત્નયુગ્મની કલાકમાલ! (પ્રહસન) – 3

(સ્થળ : ‘હાસ્ય દરબારનું કાર્યાલય)

‘તમને બધાયને આવકારું છું.’

‘હું પણ…’

‘તો હું પણ કેમ નહિ!’

‘આનો મતલબ કે તમે ત્રણેય જણા (રાત્રિ, વલદા અને સુરદા) અમને બંનેને આવકારો છો. તમારું અમને બંનેને આવકારવું એ અમારા માટે પીડાદાયક છે, એ અર્થમાં કે તમે લોકો હજુય અમને મુહાજિર ગણો છો!’

‘રાત્રિ પૂછવા માગે તે પહેલાં સમજાવી દઉં કે ‘મુહાજિર’ એટલે હિજરત કરીને આવનાર અને મિ. Liar અને મિ. Lawyer, તમે લોકોએ હજુ સુધી હાસ્ય દરબારનું બંધારણ વાંચ્યું નથી લાગતું! ભલા માણસો હાદ (HAAD) એ યુનો (UNO) ની જેમ આંતરરાષ્ટ્રીય એક એવી સંસ્થા છે કે જે વિશ્વના ગુજરાતીઓ માટે તનાવ-મુક્તિનું કાર્ય કરે છે. પોતાના કાર્યક્ષેત્રમાં આ સંસ્થા સાર્વભૌમ છે. હાદ પોતાના સભ્યો પરત્વે કદીય ભેદભાવની નીતિ રાખે જ નહિ. હા, એટલું ખરું કે દરબારી રત્નોને થોડુંક વિશેષ સન્માન એટલા માટે આપવામાં આવે છે કે તેઓ એ સન્માનને લાયક હોય છે. તેઓ હાદનું નાક છે, તો હાદ તેમના માટે ચહેરા સમાન છે. તમે જ વિચારો કે ચહેરો હોય જ નહિ તો નાક ગોઠવાય ક્યાં?’

‘સુરદા અંકલ, તમે સરસ માહિતી આપી. આજે જાણ્યું કે સાર્વભૌમત્વ એટલે શું? સમાચાર માધ્યમોએ અબોટાબાદમાં થએલા ઓસામા ઓપરેશન વખતે પાકિસ્તાનના સાર્વભૌમત્વની વાત કંઈક ચગાવી હતી, પણ અમારા સમજવામાં આવી ન હતી. ચાલો, આપણે એ વાતને બગલમાં દબાવીને આગળ વધીએ તો આપ લોકો જરા અમને કહેશો કે અમને અહીં કેમ બોલાવવામાં આવ્યા છે?’

‘બગલમાં દબાવીને?”

‘હા, એકદમ નજીક to hand-reach એટલે ગમે ત્યારે આસાનીથી ફરી હાથ ઉપર લઈ શકાય!’

‘મૂળ મુદ્દે આવીએ તો તમને બંનેને હાદરત્નો બનાવ્યા પછી આપણા આ સંગઠનને તમારું કોઈ યોગદાન મળ્યુ નથી. દરબારમાં હાજરી આપવા માટેનાં ભાડાંભથ્થાં વસુલવા સિવાયનું તમારું અન્ય કોઈ કામ દેખાતું નથી. ચિત્રમાંનો વાઘ કરડે નહિ, ચિત્રમાંના રીંગણનું શાક થાય નહિ; ચિત્રમાંનું ઊભેલું ઊંટ બેસે નહિ; તેમ તમે માત્ર પેપર-રત્ન બની રહો તે કેમ ચાલે? હાદની

સ્થાપનાના વાર્ષિકોત્સવ નિમિત્તે બહાર પડનારા સોવેનીઅરમાં તમારા યોગદાનની કંઈક નોંધ લેવાય એવું કંઈક કરો. તમારા ઈન્ટરવ્યુના અહેવાલનાં બે પ્રકરણ તો ખૂબ જ લોકપ્રિય બન્યાં હતાં. તમને એટલા માટે રૂબરૂમાં બોલાવવામાં આવ્યા છે કે અહીં કાર્યાલયમાં Live Video Recording થઈ શકે. હવે વધારે સમય વેડફ્યા વગર તમે લોકો તમારા કલારત્નયુગ્મની કંઈક વિશેષ કલાકમાલ બતાવો.'

'મિ. Lawyer, ડો. મનમોહનસિંહ જેવા કાર્યક્ષમ, મજબૂત અને કોઈની શેહશરમ ન રાખે તેવા વડાપ્રધાન ભારતે આઝાદીથી અત્યારસુધીમાં એકેય જોયા નથી!'

'મિ. Liar, તારી વાત સાચી છે. મીડિઆવાળાઓએ એક માત્ર એ કલ્પના કરવી રહે છે કે ડો. સિંહની જગ્યાએ અન્ય કોઈ હોત તો આટલાં બધાં કૌભાંડ બહાર આવતાં ખરાં? તપાસ એજન્સીઓ મુક્ત રીતે કામ કરી રહી છે, માટે જ આ બધાં કૌભાંડ બહાર આવી રહ્યાં છે. વિપક્ષો અને મીડિઆવાળા તેમને બદનામ કરીને ઘરભેગા કરી દેવા ખૂબ મથ્યા, પણ પોતાના મક્કમ ઈરાદામાંથી તસુભાર ન ચસકનાર એવા સિંહે સરકાર તૂટી પડવાની જરાય બીક રાખી નથી. પોતે Clean અને પોતાનો વહીવટ પણ Clean હોય એવું આઝાદ ભારતના ઈતિહાસમાં પ્રથમવાર બન્યું છે. મને લાગે છે કે મારી આટલી દલીલો ડો. મનમોહનસિંહને Clean Chit આપવા માટે પૂરતી છે.'

મિ. Lawyer, તારી એકલાની અપાએલી Clean Chit ની વાત ભારતનાં નખશિખ ચારિત્ર્યશુદ્ધ પ્રજાજનો અને સો ટચના સોના જેવા વિપક્ષી રાજકારણીઓના ગળે એટલી આસાનીથી ઊતરશે ખરી?'

'હા, હા. કેમ નહિ? મેં ડો મનમોહનસિંહ અને તેમના વહીવટ અર્થાત્ તેમની કામ કરવાની રીતને Clean Chit આપી છે, નહિ કે આખી કેન્દ્ર સરકાર, તેના પ્રધાનો અને સરકારી બાબુઓને!'

'ચાલ, ચાલ. આપણે આ વાત અહીં પડતી મૂકીએ છીએ, કેમ કે એ સઘળી ચિંતાનો ભાર આખા દેશે પેલા બે બાવાઓને સોંપી દીધો છે; એક કેસરી બાવા અને બીજા શ્વેત બાવા!'

'અલ્યા, Liar-ઈયા તારી બે બાવાની વાત ઉપરથી મને ત્રીજા બાવાનો વિચાર આવે છે અને તે છે ફકીર બાવો! રાષ્ટ્રધ્વજના ત્રણેય રંગોનું પ્રતિનિધિત્વ થઈ જાય! ફકીરબાવો એટલે લીલો બાવો, હરિયાળો બાવો, લીલોતરીવાળો બાવો, કિસાન બાવો.'

'ભાઈ Lawyer, મને લાગે છે કે આપણે બે જણાએ પોતપોતાની Duty બદલી નાખવી પડશે. જે તારે સાબિત કરવાનું છે, તે મારે કરવું પડે છે. ભલા માણસ, અન્નાજી અને બાપજી બેય જણા આપણા દેશમાં બધાની ઉપર ખેડૂત તો બેસાડવા માગે છે ને! આપણા ગુજરાત અને મહારાષ્ટ્ર (જૂના મુંબઈ રાજ્ય)માં ખેડૂતોને લોક તરીકે ઓળખવામાં આવે છે. આ તો જરા પેલા રાજ્યપાલ,

રાષ્ટ્રપાલ જેવું જરા શોભતું નામ કરી નાખ્યું 'લોકપાલ'. ધારાસંભા, કારોબારી કે ન્યાયતંત્રમાં કોઈ આડો ફાટે કે તરત જ કાન કે પૂંછડું આમળીને આ લોકપાલ તેને તરત ઠેકાણે લાવી દે. આ તો સરસ મજાની Sandwich બનશે. નીચલા પડે લોકભાવના, ઉપરના પડે લોકપાલ અને વચ્ચે તમામે તમામ! વાહ, રે વાહ! અબ હીના રંગ લાએગી!'

'અલ્યા, આ બધી વાત પડતી મૂકવાની કે બદલવાની જગ્યાએ વાત આગળ ખેંચાયે જ જાય છે. આપણી વીડિઓગ્રાફી થઈ રહી છે તો આપણી હાદપ્રજાને ગંદા રાજકારણની ગંધમાંથી બહાર કાઢીએ અને આપણે કંઈક એવી કલા બતાવીએ કે બધા યાદ કરી જાય!

'ચાલ, આપણે આપણા દરબારીરત્નના ઈન્ટરવ્યુ વખતે છ જાતની આપણી જે કરામત આપણે બતાવી હતી તેવી જ કરામતમાં મારાં છ ગપ્પાંને તું સાચાં સાબિત કરી બતાવ અને આપણે આજના આપણા કલાકમાલના સત્રને સમેટી લઈએ.'

'તો ફિર હો જાએ!'

'ચાલ તો સર્વ પ્રથમ, 'પૂર્ણ જૂઠાનું પૂર્ણ સાચું'નો ખેલ પાડીએ!'

'સાંભળ, આધ્યાત્મજ્ઞાનીઓ અને ધાર્મિકો કહે છે કે બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે. 'મિથ્યા' એટલે 'ખોટું'. આમ, આ જગત જે કંઈ દેખાય છે તે સત્ય નથી, ખોટું છે. આકાશ જે ઊંચે દેખાય છે, તે વાસ્તવમાં નીચે અને ધરતી ઉપર હોવી જોઈએ. માનવીઓ અને પશુઓ જે ધરતી ઉપર ચાલે છે, તે ખરેખર તો શીર્ષાસનની સ્થિતિમાં ચાલે છે. સાવ સાદા શબ્દોમાં તને સમજાવું તો આપણા ઘરની છત ઉપર ગરોળી ઊંધી ચીપકીને ગતિ કરે છે, બસ તે જ રીતે આપણી ગતિ હોય છે. આપણને દેખાતાં ઝાડ ઊગેલાં હોય તો છે જમીન ઉપર અને એ વાત સાચી પણ ખરી, પરંતુ વાસ્તવમાં તેમની મૂળ સ્થિતિ આપણને દેખાય છે તેનાથી વિપરિત જ હોવી જોઈએ.'

'ભાઈ Liar, તારી પૂર્વધારણા પૂર્ણ જૂઠમાં ખપે જ તે વાત નિઃશંક છે. તેં તારો ધર્મ બજાવ્યો, હું મારો બજાવું છું. અમે ભણતા હતા ત્યારે વિજ્ઞાનમાં અજ્ઞાની હતા. શરીરશાસ્ત્રમાં તો આકૃતિઓ દોરવી ફાવે જ નહિ. પરંતુ, મારા વિજ્ઞાનના સાહેબોની આંખ વિષેની વાત હજુ પણ મારા કાનોમાં ગૂંજ્યા કરે છે. સામે દેખાતી વસ્તુઓ આપણી આંખોમાં ઊંધી પ્રતિબિંબિત થતી હોય છે, જે આપણી આંખે ઊંધીથી પાછી વિપરિત બનીને સીધી દેખાય છે. તેં આજે ઊઠાવેલી વાત તે વખતથી મારા મનમાં ઘર કરી ગઈ હતી. પછી તો કોલેજકાળમાં આને સમર્થન મળ્યું, જ્યારે કાકા કાલેલેકરના 'સ્મરણયાત્રા' પુસ્તકને વાંચવાનું બન્યું. કાકા જ્યારે તેમના કાકાના નાના ભત્રીજા હતા, ત્યારે તેઓ પોતાના બંને પગ પહોળા રાખીને વાંકા વળીને બે પગ વચ્ચેથી પાછળ જતા-આવતા માણસોને જોતા, ત્યારે તેમને માણસોને ઊંધા ચાલતા જોવામાં મજા પડતી હતી અને કલાકો સુધી એમ કર્યે

જતા હતા. બસ, ત્યારથી હું તારી જ જેમ માનું છું અને તારી માન્યતાને મારું પૂર્ણ સમર્થન આજે આ હાસ્યદરબારમાં આ પટલિયાઓ સમક્ષ જાહેર કરું છું કે આપણી સામે દેખાતું સર્વ એ માત્ર ભ્રમણા છે, વાસ્તવિકતા તો એનાથી સાવ વિપરિત હોય છે.'

'Super Senior Citizen ની ઉંમરે પહોંચ્યા પછી આજે જિંદગીમાં પહેલી વાર જાણ્યું કે આપણે દ્વિપગા ગરોળા બનીને જિંદગીભર જમીનને ચીપકીને ઊંધા ચાલ્યા છીએ! Well done, Bravo, well done!' (પેલા ત્રણેય -રાવસુ એકી સાથે એવા મતલબે બરાડી ઊઠે છે.)

'હવે વડીલો, સમયમર્યાદાને ધ્યાને લેતાં મનમોહનસિંહ વિષેના આપણા ચર્ચાએલા મુદ્દાને 'અર્ધ સત્યનું પૂર્ણ સત્ય' તરીકે ગણી લઈએ તો હવે ચાર પ્રકાર બાકી રહે છે. મારું સૂચન છે કે આપ ત્રણ બુઝુર્ગો અને મિ. Liar એમ ચારેય જણા એક એક પ્રકાર હાથ ઉપર લે અને હું એ તમામને મારી જવાબદારી હેઠળ ન્યાયોચિત ઠરાવું એટલે આજનું આપણું કામ તમામ, કેમ ખરું કે નહિ?'

'બુઝુર્ગીના ક્રમ પ્રમાણે પહેલો વારો વલદા અંકલનો આવે છે. આપે પૂર્ણ સત્ય બોલવાનું છે અને મનમોહનસિંહજીવાળી વાતથી વિપરિત રીતે મારે એ સત્યને અર્ધ સત્ય તરીકે સાબિત કરી દેવાનું છે. આમેય મિ. Liar ને તેમની આદત મુજબ પૂર્ણ સત્ય બોલવું ઓછું ફાવે છે.'

'ગાણીતિક વાસ્તવિક સંખ્યાઓની અરસપરસ સરવાળો, બાદબાકી, ગુણાકાર કે ભાગાકારની સાચી પક્રિયાઓ કરીને એ સઘળના સાચા ઉત્તરો મેળવવામાં આવે તો તે તમામને પૂર્ણ સત્ય તરીકે જ સ્વીકારવા પડે. એક જ ઉદાહરણ આપીશ કે 2 + 2 = 4 થાય અને એ પૂર્ણ સત્ય જ ગણાય; કોઈ એ સત્યને નકારી શકે નહિ.'

'વલદા અંકલ, માત્ર કોરા આંકડાઓ પૂરતાં જે તે પ્રક્રિયાઓનાં પરિણામો પૂર્ણ સત્ય ગણાય તે વાતે હું સંમત ખરો; પણ આપના ઉદાહરણ અંગે વિચારતાં બે બકરાં અને બે ઘેટાંનો સરવાળો કદીય ચાર થઈ શકે નહિ. હા, જો ચારના સરવાળાને સાચા તરીકે પકડી રાખવો હોય તો ઘેટાં કે બકરાં શબ્દોને બદલીને 'પ્રાણીઓ' શબ્દ કરવો પડે. આમ આપનું પૂર્ણ સત્ય મારી દૃષ્ટિએ અર્ધ સત્ય સાબિત થાય છે,.' (ચાર ઈસમોની તાળીઓ જેટલો ગડગડાટ!)

'સુરદા અંકલના ભાગે વલદા અંકલની જેમ પૂર્ણ સત્ય જ બોલવાનું આવે છે, જેને હું પૂર્ણ જૂઠ તરીકે સાબિત કરીશ.'

'ભાઈ Lawyer, વલદાજીવાળા પૂર્ણ સત્યને જ પૂર્ણ જૂઠ સાબિત કરી બતાવને, એટલે વાત થાય પૂરી!'

'એ પણ હું કરી શકું, પણ લોકોને મજા નહિ આવે! તમે તમારા મનથી પૂર્ણ સત્ય હોય એવું કોઈક વિધાન બોલો અને આપણે આગળ વધીએ.'

'તો સાંભળો. અમેરિકાએ પાકિસ્તાનમાંના અબોટાબાદ મુકામે ઓસામાને આખરે પતાવ્યો.'

'સરાસર જૂઠ! ઓસામા તો ભૂતકળમાં કોઈક બીમારીથી આપમેળે જ ક્યારનોય પતી ગયો હતો. તેના અંગેના તૂતના ભૂતને લોકોના દિમાગમાંથી કાયમ માટે કાઢવા માટેનું આ ઉપજાવી કાઢેલું તરકટ હતું. સદ્દામને ફાંસીએ લટકેલો આખી દુનિયાએ જોયો. અબોટાબાદ ખાતેનું ઓસામાનું ઓપરેશન ઓબામા અને તેના અધિકારીઓએ અમેરિકા બેઠે ટી.વી.માં Live જોયું. અને દુનિયાએ તેઓને ગંભીર મુદ્રાએ ટી.વી. જોતા નિહાળ્યા. પોતાની પાસે આણ્વિક તાકાત હોવાના દેકારા બોલાવતા પાકિસ્તાન પાસે શું એવાં રડાર પણ ન્હોતાં કે જે બાહ્ય હવાઈયાનોને તેની ભૂમિમાં પ્રવેશતાં પણ ન જોઈ શકે! Twin Tower તોડવાવાળા અપરાધીને લોકો પ્રત્યક્ષ જૂએ પણ નહિ તેવી રીતે ખતમ કરી દેવામાં આવે! આ બધાં મારા એકલાનાં નહિ સમગ્ર મીડિઆજગત અને જગત આખાયનાં આવાં અને આવાં કેટલાંય આ ઘટના અંગેનાં પ્રશ્નાર્થચિહ્નો છે. માટે સુરદા અંકલ, આપ અને આપના જેવા અસંખ્ય લોકો જેને પૂર્ણ સત્ય તરીકે ગણે છે, એ એક આભાસી સત્ય છે. જગતના ઈતિહાસમાં આવાં કેટલાંય વણઉકલ્યાં રહસ્યો મોજુદ છે. છેલ્લે માનનીય દરબારીજનોને વિનંતી કે કદાચ મારી ઉપરોક્ત દલીલોને ઠોસ રીતે અમાન્ય જાહેર કરીને મારી વિશિષ્ટ શક્તિને ઝાંખી પાડવામાં આવશે તો હું એમ સરળતાથી હાર માનવાવાળાઓમાંનો નથી. મારી પાસેના કેટલાય દલીલોના અનામત ભંડારને ખોલીને મારી વાત ઉપર હું અડેલો જ રહીશ અને સાબિત કરી આપીશ કે સુરદા અંકલનું વિધાન પૂર્ણ જૂઠ છે.' (ચાર જણની તાળીઓનો થઈ શકે તેટલો જ ગડગડાટ!)

'જો રાત્રિ, હવે તારો વારો છે; પણ, તું એવું કંઈક પૂર્ણ જૂઠ કહી સંભળાવ કે મિ. Lawyer ની ક્યાંકથી હવા નીકળી જાય! આ મારું વા'લું એવું તે કેવું કે આ ભાયડો અજેય જ રહે!'

'વાનરોનું માનવું છે કે તેઓ પહેલાં મનુષ્ય હતા. ચાર્લ્સ ડાર્વિન જ્યારે પૂર્વ જન્મમાં વાનર હતો, ત્યારે તેના કટ્ટર હરીફ એવા ચિમ્પાન્ઝીએ પોતાનું સંશોધન જાહેર કર્યું હતું કે હું વાનર અને માનવની મધ્યમાં છું. દરેક વખતે એ જરૂરી નથી હોતું કે હંમેશાં ઉત્ક્રાંતિ જ થાય! આનો પ્રત્યક્ષ દાખલો તમારી સામે મોજુદ છે કે અમે લોકો મધ્ય સ્થિતિએથી વાનર થવા તરફ જઈ રહ્યા છીએ.' (વક્તા શ્રી રાત્રિ પણ એકદમ ખુશ થઈ જતાં ભોળાભાવે પેલા ચારેય સાથે તાળીઓ પાડી બેસે છે.)

'રાત્રિજી, સાચે જ તમારું લાકડું ગાંઠાળું તો છે જ; છતાંય હું ફાડી બતાવીશ. પ્રથમ તો તમારા વિધાનમાં તમે ચિમ્પાન્ઝીને મધ્યમ સ્થાને લાવ્યા એ બાબતે મારા માટે અર્ધ જૂઠ સાબિત કરવું સહેલું બનાવી દીધું છે. .ચિમ્પાન્ઝીની ખુદની દલીલ મુજબ ઉત્ક્રાંતિની વિરુધ્ધે અવક્રાંતિ પણ થઈ

શકે. બીજા શબ્દોમાં કહીએ તો ઉર્ધ્વગતિ અને અધોગતિ એ બંને શક્યતઓ હોઈ, રાત્રિદા અંકલ, તમારું વિધાન અર્ધ જૂઠ સાબિત થાય છે'

'મારી, બંકાએ 11 રનવાળી Hit મારી! ક્રિકેટના જૂના નિયમ મુજબ બેટ્સમેન દડાને એવી રીતે ફટકારે કે સામેવાળાં સ્ટમ્પને લાગે તો વગર દોડ્યે 11 રન મળી જતા. મિ. Lawyer, ધન્ય છે તમારી બુદ્ધિમત્તાને!'

'હવે આખરી દાવમાં આપણા મિ. Liar કે જે આપણાં રત્નોમાં 10 A કે 10 B ક્રમે આવે છે, તેમણે અર્ધજૂઠ એવી રીતે બોલવાનું છે કે એમના સાથીદાર તેને પૂર્ણ જૂઠ તરીકે સાબિત ન જ કરી શકે!'

'લ્યો ત્યારે, સુરદા અંકલના આ વિધાનમાંથી જ મને મારે જે કહેવાનું છે તે મળી ગયું છે. ગુજરાતના ઈતિહાસમાં એમ કહેવાયું છે કે મૂળરાજ સોલંકીને તેના મામા મહેલના ટેરેસ ઉપર લીંબુ ઊછાળવાનું કહેતા હતા. જેટલો સમય લીંબુ આકાશમાં અધ્ધર રહે ત્યાં સુધી ભાણાને પોતાની રાજખુરશીમાં બેસવા દેતા હતા અને રાજા બનવાની રમત રમાડતા હતા. મારે આખોય ઈતિહાસ સંભળાવવાનો નથી કે કેવી રીતે મૂળરાજ કાયમ માટ રાજા બની બેઠો, પણ આપ ત્રણેય ધુરંધરો વારાફરતી મારી કામગીરી બજાવતા હતા એટલા સમય પૂરતો હું મારી જાતને તમારા જે તેના ક્રમે સમજતો હતો. આમ મારી પાયરી ભલે ઉપરનીચે થયા કરી પણ હું મારી મૂળ પાયરીથી નીચે તો ગયો જ નહિ; જ્યારે આપ સૌનું તો કામચલાઉ પણ Degradation (નીચલી પાયરીએ) થયા જ કર્યું. મારા અર્ધા જૂઠ કથનને મારા વિદ્વાન Lawyerશ્રીએ પૂર્ણ ઝૂઠ સાબિત કરવાનું છે. મારું 10 B નું સ્થાન જે સાવ નીચેનું ગણાય ત્યાં આ ત્રણેય મુરબ્બીઓએ જવું પડ્યું, જે એમના માટે અને ખુદ મારા માટે પણ દુ:ખદ ગણાય!'

'ભાઈ Liar, આ છેલ્લું કામ તો મારા માટે સાવ સરળ છે. ભલા માણસ, આપણી કલા એકબીજા ઉપર આધારિત અને એકબીજાની પૂરક હોઈ આપણે આપણાં સ્થાનો દસમા ક્રમે પણ A અને B તરીકે સ્વીકાર્યાં, પણ અંગત રીતે તો આપણે A સ્થાને કોણ અને B સ્થાને કોણ અર્થાત આપણા બેમાં ચઢિયાતું કોણ એ નક્કી કર્યું જ નથી અને કરવાનો સવાલ પણ ઉપસ્થિત થતો નથી. પતિપત્ની જેમ એકબીજા વગર અધુરાં ગણાય તેવું આપણી વચ્ચે પણ છે. આપણા મુરબ્બીઓ 10મા સ્થાન સુધી ગયા ગણાય, પણ 10 A કે 10 B તરીકે Specific તો નહિ જ. આમ દોસ્ત, તારું અર્ધું જૂઠું વિધાન પૂર્ણ જૂઠા વિધાન તરીકે સાબિત થઈને જ રહે છે.'

'હું 'રાત્રિ' આપણા 'હાસ્ય દરબાર'ના અધ્યક્ષ તરીકે આજની બેઠકને પૂર્ણ થએલી જાહેર કરું છું અને આગામી બેઠકોમાં આપણે 10 A અને 10 B સિવાયના આપણે તમામ દરબારી રત્નોએ

પોતપોતાની વિશિષ્ઠતા સ્વમુખે જણાવવાની છે કે જેથી વિડીઓ  ફિલ્મ દ્વારા આપણા તમામ દરબારીજન દરબારીરત્ન તરીકે આપણા વિષે માહિતગાર થઈ શકે. ધન્યવાદ.'